
|| અર્હં નમઃ ||

# યૂ-ટર્ન

## U-Turn



પ.પૂ.યુગપ્રધાનાચાર્યસમ પં.શ્રી.ચન્દ્રશેખર વિ. મ.સા

## :: દિવ્ય આશીર્વાદ ::

સચ્ચારિત્ર ચુડામણી, કર્મ સાહિત્ય નિષ્ણાંત,
સિદ્ધાંતમહોદધિ પૂ.આ. **શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ **પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**
સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ **આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
યુગપ્રધાન આચાર્યસમ શાસન પ્રભાવક ગુરુદેવ
**પ.પૂ.પં.પ્ર.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.**

**: નિશ્રાદાતા :**

**પ્રશાંતમૂર્તિ સરલસ્વભાવી પ.પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
**સરલસ્વભાવી પ.પૂ.આ. શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.**

**: લેખક:**
**મુનિરાજ શ્રી ગુણહંસવિજયજી મ.સા.**

**: પ્રકાશક:**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

**Live Contacts :**

**Hitesh Bhai - Mumbai**
(98209 28457)

**Laksh Bhai - Chennai**
(81488 36505)

**Hemanth Bhai - Surat**
(98253 56430)

**Pritesh Bhai Shah - Rajkot**
(98790 18318)

**Rajendra Bhai - (Ahmedabad)**
(94265 84295)

**Designed & Printed By :**

**Dharamveer : 91763 64790**

Copies : 1st Edition : 4000 Copies

2nd Edition : 1000 Copies

3rd Edition : 1000 Copies

# ॥ પ્રસ્તાવના ॥

## રિચનેસ ચડે કે હેપ્પીનેસ ?

## આચાર્ય વિજય મહાબોધિસૂરિ

વિક્રમ સંવત ૨૦૮૦નું અમારૂં ચોમાસું વિલેપાર્લે (ઈસ્ટ)માં થયું. ચાલુ ચાતુર્માસમાં રાજમહેલ સદૃશ ઉપાશ્રયના ઉદ્‌ઘાટનનો પ્રસંગ આવ્યો. એ નિમિત્તે શ્રીસંઘમાં આસો વદ-૭, ૮ અને ૯... એમ ત્રિદિવસીય ઉત્સવ હતો.

ઉત્સવના પ્રથમ દિવસે સાંજે મારા હાથમાં એક પુસ્તક આવ્યું... '**इस पुस्तक का नाम क्या ? आप ही बताओ...**' જેના લેખક હતા... વિદ્વદ્વર્ય મુનિશ્રી ગુણહંસ વિજય મહારાજ. એક બાજુ પુસ્તકનું નામ વિચિત્ર અને બીજીબાજુ એના લેખક વિશિષ્ટ મહાત્મા હોવાથી આ પુસ્તકને વાંચવાનું નક્કી કર્યું.

સામાન્યથી ચાતુર્માસમાં એવરેજ રોજનું એક પુસ્તક યા મેગેઝિન આવતા હોય છે. સમયના અભાવે બધું વંચાતું નથી. ઉપલક જોઈને સાઈડમાં મૂકી દેવાય છે. જ્યારે આ પુસ્તકને સાચવીને મેં મારી બેગમાં મૂક્યું.

ઉત્સવના બીજા દિવસે સવારે શ્રીસંઘમાં ઉપાશ્રયના લાભાર્થીઓના બહુમાનનો પ્રસંગ હતો. એટલે પ્રવચન આપ્યા પછી પાટ ઉપર Free બેસવાનું હતું. Free બેઠા રહેવા કરતા કંઈક વાંચીએ - એ ગણતરીથી આ પુસ્તક સાથે લેતો ગયો. એકબાજુ બહુમાનનો પ્રસંગ ચાલુ થયો અને બીજી બાજુ મારું વાંચન સ્ટાર્ટ થયું. આખું પુસ્તક પાટ ઉપર જ એક જ બેઠકે - અરે, એક જ શ્વાસે વંચાઈ ગયું. બહુમાન કોનું થયું ? ક્યારે થયું ? શેનાથી થયું ? મારો કોઈ ઉપયોગ ન રહ્યો.

ભાવનગરના ભવ્યની ડબ્બા ટ્રેડિંગની ખતરનાક સ્ટોરી વાંચીને હું હલી ગયો. બોલિવુડની દિલધડક સ્ટોરી બની શકે કે વેબસિરિઝના ૭/૮ પાર્ટ બની શકે એવી મસાલેદાર ભવ્યની સ્ટોરી છે.

સ્ટોરી વાંચીને મેં સૌથી પહેલું કાર્ય મુનિશ્રી ગુણહંસવિજયજીને પત્ર લખવાનું કર્યું. મેં લખ્યું... ભવ્ય જેવા હજારો/લાખો પંટરો આ ધંધામાં આજે ફસાયેલા છે. ભવ્યની

સ્ટોરી આવા પંટરોને નાનો/મોટો બોધપાઠ આપી શકે તેવી છે. એમના જીવનમાં આંશિક પરિવર્તન લાવી શકે તેમ છે. માટે આ પુસ્તકનો હિંદીની જેમ ગુજરાતીમાં પણ અનુવાદ કરાવો. ગામેગામ આ પુસ્તકનો પ્રચાર થવો જોઈએ. (ત્યારે મને ખબર ન હતી કે - આ પુસ્તકનું ગુજરાતી ટ્રાન્સલેશન ઓલરેડી થઈ ચૂક્યું છે.) મારા કમનસીબે, આ પત્ર મહાત્મા સુધી પહોંચ્યો જ નહિ.

અલબત્ત, એ પછીના દિવસોમાં પાર્લામાં અને એ પછી શેષકાળમાં વિવિધ સંઘોમાં પ્રવચન દરમિયાન સંપત્તિ અને સંતોષનો મુદ્દો નીકળે ત્યારે ભવ્યનો પ્રસંગ અવારનવાર લેતો ગયો. એના બે ફાયદા થયા.

૧. હજારો યુવાનો અને વડીલોએ ડબ્બા ટ્રેડિંગ જેવો ઈલ્લીગલ ધંધો નહિ કરવાની લાઈફટાઈમ માટે પ્રતિજ્ઞા લીધી. ૨. કોઈ સંઘમાં ભવ્યની યાદ તાજી કરાવે એવી સ્ટોરી મળી.

એક સંઘની આ વાત છે. પ્રવચનમાં ભવ્યનો પ્રસંગ કહ્યો... પ્રવચન પૂર્ણ થયા બાદ એક ભાઈ પોતાના ભવ્યને-સંતાનને લઈને આવ્યા. મને કહે : અમે મુંબઈના ફલાણા પરામાં રહેતા હતા. શ્રીસંઘમાં હું આગળ પડતો હતો. સંઘની પાઠશાળા પણ હું ચલાવતો હતો. પ્રભુની કૃપાથી ધંધો પણ સરસ ચાલતો હતો. એમ કહું તો ચાલે - અમે આસમાનમાં ઉડતા હતા.

પછી એક દિવસ અમારા એવા કર્મ ઉદયમાં આવ્યા કે અમે બધા એકસાથે ધરતી પર આવી ગયા. મારા આ દીકરાએ ડબ્બા ટ્રેડિંગમાં ત્રણ કરોડ રૂપિયા ગુમાવી દીધા.

એ રૂપિયા કવર કરવા માટે એણે મને પૂછ્યા વગર મારા રૂપિયા ઉઠાવી લીધા. એની માના દાગીના વેચી માર્યા, મને પાછળથી ખબર પડી. આપણો જ કુળદીપક કુલાંગાર બની બેઠો હોય... ત્યારે કોને કહેવાનું ? અમે ચૂપ રહ્યા.

સાહેબજી ! એ ભાઈએ વાત આગળ ચલાવી. શેરબજાર, ડબ્બાટ્રેડિંગ... આ બધું વ્યસન જેવું હોય છે. એકવાર એની લત લાગ્યા પછી છૂટે નહિ. દીકરો ફરી આ રવાડે ન ચડે એટલે મેં બે કામ કર્યા. ૧. એના લગ્ન કરાવી દીધા. ૨. મારા ધંધામાં એને જોડી દીધો.

પણ ભવિતવ્યતા જ જેની ભવ્ય જેવી લખાઈ હોય એને કોણ રોકી શકે ? મને એમ હતું કે - લગ્ન કરાવ્યા પછી એની ગાડી ઠેકાણે આવી જશે... પણ આ ભાઈ તો રાજાપાઠમાં આવી ગયા. એણે ફરી પાછો ડબ્બો રમી નાખ્યો. આ વખતે ૨ કરોડનો લોસ કર્યો. આ વાતની જ્યારે મને ખબર પડી ત્યારે મારા પગ નીચેથી જાણે ધરતી ખસી ગઈ હોય એવું લાગ્યું.

પહેલીવાર લોસ કર્યો ત્યારે એવું લાગ્યું જાણે આસમાન પરથી ધરતી પર આવી ગયા પણ બીજીવાર જ્યારે લોસ કર્યો... ત્યારે જાણે ખાડામાં ઉતરી ગયા એવું લાગ્યું.

આ વખતે મને બહુ લાગી આવ્યું. મેં મહેનત કરીને - રૂપિયા ભેગા કરીને જેના ઠાઠથી લગ્ન કરાવી આપ્યા... એ માણસે પાછો વિશ્વાસઘાત કર્યો.

ખરી ટ્રેજેડી તો સાહેબ ! હવે આવે છે - આ લોસને કવર કરવા એણે પોતાની પત્નીના દાગીના તો વેચી માર્યા પણ મારા નાનાભાઈએ જે રૂપિયા મને સાચવવા આપેલા એ પણ એ ઉઠાવી ગયો. આ સ્થિતિમાં મારા ભાઈને હું મોઢું બતાવવા જેવો ન રહ્યો. મારે મારા ભાઈનું દેવું મારા માથા પર રાખવું ન હતું એટલે મેં મારું ઘર મારા ભાઈને આપી દીધું. અમે પહેરે કપડે ઘરના ઘરમાંથી નીકળી મુંબઈના બીજા પરામાં ભાડાનું ઘર લઈ લીધું.

વર્ષો સુધી જે સંઘમાં અને સમાજની વચ્ચે આરાધના અને વ્યાપાર કરતા હતા એ છોડીને અમારે અજાણ્યા સંઘમાં અને અજાણ્યા સમાજની વચ્ચે રહેવા જવું પડ્યું. આજે મહિને ૪૫૦૦૦/- રૂ.નું ભાડુ ભરીએ છીએ. ઘર કઈ રીતે ચલાવીએ છીએ - એ મારું મન જાણે છે. સાહેબજી ! આને થોડી સમજણ આપો... સાથે સટ્ટો નહિ રમવાની બાધા આપો. બાકી -

સાહેબજી ! તમે ભવ્યની સ્ટોરીમાં કહેલું કે - એના મા-બાપે એને આપઘાત કરવાની છૂટ આપેલ. મને ય એક વખત તો વિચાર આવી ગયેલ કે - આ છોકરાને જો કાયમ આવા જ ધંધા કરવા હોય તો એના કરતા તો એ આપઘાત કરી લે એ વધારે સારું.

આ યુવાનની સ્ટોરી સાંભળતા મારી આંખો ભીની થઈ ગઈ. મેં એ યુવાનને ભવ્યની સ્ટોરી ફરીથી સંભળાવી. પછી શાંતિથી ડબ્બા ટ્રેડિંગ વગેરેથી થતા નુકસાનો સમજાવ્યા. આ ઊંડા કાદવ જેવું છે. એકવાર આ કીચડમાં ફસાયા પછી એમાંથી બહાર નીકળવું બહુ મુશ્કેલ છે. તારા પરિવારના ભવિષ્યનો પણ તારે વિચાર કરવો જોઈએ. એની પાસે બોલવા માટે એક શબ્દ બચ્યો ન હતો. મેં જે કહ્યું... તે બધું એણે સ્વીકારી લીધું. છેલ્લે, ડબ્બા ટ્રેડિંગ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ બાપ-દીકરાએ વિદાય લીધી.

મને લાગે છે - ભવ્ય તો એક નિમિત્ત છે... બાકી ગામેગામ આવા હજારો ભવ્યો (ભવ્યો કે અભવ્યો ?) પોતાની સાથે ગામ આખાની મૂડી ગુમાવીને કેટલાયને ટોપી પહેરાવતા હશે ?

મલાડના એક યુવાને ભવ્યની સ્ટોરી સાંભળ્યા પછી શેરબજારથી લઈ ડબ્બા ટ્રેડિંગ કોને કહેવાય ? કઈ રીતે કરાય ? એમાં પણ ડબ્બા ટ્રેડિંગમાં જીતો તો કઈ રીતે ફસાવાય છે ? અને હારો તો કઈ રીતે રમવા માટે ઉશ્કેરાય છે ? એની વાતો કરી ત્યારે તો મારા

પગ નીચેથી પણ ધરતી ખસી ગઈ હોય... એવું મેં અનુભવેલું.

જૈન સંઘના હજારો યુવાનોને મારે એક વિનંતી કરવી છે... અનીતિના માર્ગે રાતોરાત લખપતિ/કરોડપતિ બનવાની લ્હાયમાં ને લ્હાયમાં જે મૂડી છે એ પણ ગુમાવી દેવાનો વારો આવે છે. રાતોરાત રોડપતિ બની જવાનો સમય આવે છે. આવા સમયે ઘરમાં રહેલા વયોવૃદ્ધ માતા/પિતા, પત્ની અને સ્કૂલ/કોલેજમાં ભણતા દીકરા/દીકરીઓની યાદ કેમ નથી આવતી ? એમના ભાવીનો વિચાર કેમ નથી આવતો ? જે મા-બાપે જન્મ આપીને મોટા કર્યા, ભણાવી-ગણાવીને પરણાવ્યા... એમના ઉપકારને યાદ નહિ રાખવાના ? જે પત્નીને પરણીને વાજતે-ગાજતે ઘરમાં લઈ આવ્યા, જે સંતાનોને જન્મ આપ્યા... શું એમના પ્રત્યેની તમારી કોઈ જવાબદારી નહિ ?

ઓ યુવાનો ! અનીતિથી ભેગી કરેલી સંપત્તિ લાંબો સમય ટકતી નથી, એવું નીતિશાસ્ત્રનું વચન છે. એટલું જ નહિ, અનીતિથી આવેલી સંપત્તિ જ્યારે જાય છે, ત્યારે નીતિની સંપત્તિ પણ સાથે લેતી જાય છે.

અને નીતિની સંપત્તિ પણ બહુ બહુ તો જીવનના અંત સુધી સાથે રહેશે. પરલોકમાં ક્યારેય સાથે નથી આવવાની. પરલોકમાં જો સાથે આવશે તો ધર્મથી ઉપાર્જન કરેલું પુણ્ય જ સાથે આવવાનું છે. ત્યારે પૈસાની પાછળ પાગલ બનવાને બદલે જીવે ધર્મની પાછળ પાગલ બનવું જોઈએ.

યાદ રાખજો, પૈસાથી બહુ બહુ શ્રીમંતાઈ મળશે પણ પ્રસન્નતા મળશે જ. એવી કોઈ ગેરેન્ટી નથી. ઉલટું, જે થોડી-ઘણી પ્રસન્નતા હશે એ પણ ગાયબ થઈ જશે. આવા એક-બે નહિ, હજારો દૃષ્ટાંતો આપણી નજર સામે છે.

જે શ્રીમંતાઈ આવ્યા પછી આપણી પ્રસન્નતા ચાલી જ જવાની હોય, એ શ્રીમંતાઈને શું કરવાની ? શ્રીમંતાઈ (રિચનેસ) તો પુણ્યને આભારી છે જ્યારે ચિત્તની પ્રસન્નતા (હેપ્પીનેસ) આપણા પુરુષાર્થને આભારી છે. માટે રિચનેસની પાછળ દોડવાને બદલે હેપ્પીનેસને વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આજે એટલું નક્કી કરો, હેપ્પીનેસને ભોગે ક્યારેય રિચનેસ મેળવવી નથી. આટલો નાનકડો પદાર્થ જો જીવનમાં આત્મસાત્ થઈ જશે - તો અનીતિથી મળતી માવા/મેવાની મીઠાઈના સ્વાદ કરતા નીતિથી મળેલા લુખ્ખા રોટલામાં જે મીઠાશ આવશે... તેનું વર્ણન નહિ થઈ શકે.

વધુ શું કહું ? આ શેરબજાર, M.C.X. કે F&O વગેરે મંદિર સમાન છે. મંદિરમાં લોકો ભંડારમાં પૈસા મૂકવા જાય છે, લેવા નહિ. એમ આ બજારમાં કમાનારા બહુ ઓછા છે, ગુમાવનારાનો પાર નથી.

આ પુસ્તકનું વાંચન કરતા હજારો યુવાનોને મારે કહેવું છે - પ્લીઝ, આ ખતરનાક રસ્તેથી આજે જ - હમણા જ પાછા ફરી જાવ. મેં ભવ્યની સ્ટોરીને પ્રવચનના કેન્દ્રમાં રાખીને આજ સુધીમાં હજારો યુવાનોને - વડિલોને ડબ્બા ટ્રેડિંગની બાધા આપીને આ આપઘાતી માર્ગથી પાછા વળ્યા છે.

ભવ્યની ગાડી તો હાલમાં પાટા પર ચડી ગઈ છે. એ હમણા તો વિલનમાંથી હીરો બની ગયો છે. હજી થોડા સમય પૂર્વે જ મુનિશ્રી ગુણહંસવિજયજીને પૂછાવેલ કે - ભવ્યની ગાડી કેમ ચાલે છે ? ત્યારે એમણે કહેલ કે - અત્યારે તો પાટા પર છે. પાટા પર છે, એટલું જ નહિ... ધર્મના માર્ગે ફુલસ્પીડમાં ભાગી રહી છે. હમણા જ કોઈ મહાત્માની સોમી ઓળીના પારણા પ્રસંગે ૨૨૦૦ આયંબિલ કરવાનો ચડાવો લઈ મહાત્માને પારણું કરાવવાનો લાભ લીધેલ. ભવ્ય તો પતનની ખાઈમાંથી બહાર નીકળી ઉત્થાનના શિખર તરફ સડસડાટ દોડવા માંડ્યો છે.

ઓ યુવાનો ! તમે સૌ પણ જો આ ડબ્બા-ટ્રેડિંગના ઉંધા રવાડે ચડી ગયા હો તો આ ડેન્જર ઝોન પાસેથી યુ-ટર્ન લઈ ધર્મના પાટા પર તમારી ગાડીને ચડાવી દો. તમારી જ નહિ, પૂરા પરિવારની જિંદગી ન્યાલ થઈ જશે.

અંતમાં, મુનિશ્રી ગુણહંસવિજયજીને લાખ લાખ ધન્યવાદ આપવા સાથે એટલું જ કહીશ કે - તમારી આ સ્ટોરીનો હું તો વધુ ને વધુ પ્રચાર કરીશ પણ તમે પણ કરજો. શક્ય છે, ઘણા બધા ભવ્યો અભવ્ય બનવાના માર્ગે જતા બચી જશે. (અહીં જ્યાં પણ અભવ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે... ત્યાં પારિભાષિક અર્થમાં નથી સમજવાનો - એટલું વાચકોએ ધ્યાનમાં લેવું.)

સાથે સાથે આત્મીય મુનિશ્રી દેવર્ષિરત્ન વિજયજીને કેમ ભૂલાય ? જો એમણે ભવ્યને હૈદરાબાદથી વિજયવાડા મોકલવાની વ્યવસ્થા ન કરી આપી હોત તો કદાચ ભવ્યનું ભાવી કૈંક જુદું જ હોત ! એક નાનકડો કરેલો પરોપકાર કેટલું મોટું પરિવર્તન લાવી શકે તેમ છે એ આપણી નજર સામે જ છે.

ચાલો, ઘણું લખાઈ ગયું. હવે સ્ટાર્ટ કરો, અપ-ડાઉન્સથી ભરેલી ભવ્યની સ્ટોરી વાંચવાનું. શક્ય છે, મારી પ્રસ્તાવનાથી કે મારા પ્રવચનથી જે પરિવર્તન નહિ આવે, એ ભવ્યની સ્ટોરી વાંચવાથી અચૂક આવશે.

**દ.આચાર્ય મહાબોધિસૂરિ**
**ભિવંડી, શંખેશ્વરધામ.**
**ફાગણ સુદ-તેરશ, તા. ૧૨-૦૩-૨૦૨૫**

**આ પુસ્તકનું નામ શું ?**
**તમે જ બતાવો...**

# ૧-શુરૂઆત

**'મ.સા. ! હૈદ્રાબાદથી આવેલો છું, દેવર્ષિ મ.એ આ પત્ર આપ્યો છે.'** ૩૫ વર્ષનો એક યુવાન મારી સામે ઉભો હતો. અને ગુજરાતી ભાષામાં બોલતો હતો.

વિ.સં. ૨૦૭૮-૭૯ અને ઈસ્વીસન ૨૦૨૩નું અમારું વિજયવાડાનું ચાતુર્માસ ! પાંચ મહિનાના આ ચાતુર્માસના અંતિમ દિવસો હતા. કદાચ કારતક સુદ-આઠમ-દસમનો દિવસ હોઈ શકે. યુવાનની ગુજરાતી ભાષા સાંભળી ખ્યાલ તો આવી ગયો કે 'આ મારવાડી નથી.'

Simple કપડાં, મોઢાં પર ઉદાસીનતા, બે વાક્યો બોલવામાં પણ એને કષ્ટ પડતું હોય એમ લાગે.

મેં પત્ર વાંચ્યો. એમાં પૂ.આ.હેમરત્ન સૂ.મ.ના શિષ્ય મુનિ દેવર્ષિવિજયે લખેલું કે 'આ યુવાન ત્યાં ઉપધાન કરવા આવેલ છે. સોરઠી છે, તો એમને ઉપધાનમાં બેસવા દેશો.'

તા.૧ ડિસેમ્બરથી અમારા ઉપધાન શરૂ થવાના હતા. ૨૫ નવેમ્બર આસપાસનો એ દિવસ હશે. હું સમજ્યો કે 'આ યુવાન મહાત્માનો મુમુક્ષુ હશે...' મેં એમને ઉપધાન માટે હા પાડી. પાંચ-સાત દિવસ અમારી સાથે રહ્યો. રોજ વંદન કરે, પણ મેં કંઈ વિશેષ ધ્યાન આપ્યું નહિ, કેમકે એક તો ચોમાસાના અંતિમ દિવસો હોવાથી હું અન્ય કાર્યોમાં લાગેલો હતો. અને આમ પણ પર્સનલ મીટીંગો કરવાનો મારો સ્વભાવ પણ ઓછો, અને આ તો મુમુક્ષુ હતો, તો એના ગુરુ ભગવંત જ એમની કાળજી લે ને !

# ૨ – ઉપધાનમાં

તા. ૧ ડિસેમ્બરથી અરિહંતધામમાં ઉપધાન શરૂ થયા, એ યુવાને પણ ઉપધાનમાં પ્રવેશ કર્યો. એનું નામ હતું **‘ભવ્ય !’**

ભવ્ય રોજના પાંચેક પ્રવચનોમાં હાજરી આપતો હતો, ભવ્ય તમામ આરાધના પણ સારી રીતે કરતો હતો. અરિહંતધામ તીર્થના એક મોટા હોલમાં બધા ભાઈઓ સાથે રોકાયેલા હતા, એમાં યુવાનો પણ ઘણા હતા. એ બધા સાથે જ રહેતા હોવાથી બધા વચ્ચે સારી મૈત્રી થઈ ગઈ હતી. યુવાનીના પ્રભાવે રોજ હસી-મજાક તો ચાલ્યા જ કરતી, ક્યારેક Free પડે, તો જાત-જાતની વાતો પણ કરતા. જો કે ઉપધાનમાં વિકથા ના જ શોભે, પણ ઘણા યુવાનો નવા જોડાયેલા અને યુવા-ઉંમર અને આજના જમાનામાં સાધુઓ પણ હાસ્યાદિથી સંપૂર્ણ બચેલા તો ઓછા જોવા મળે, તો આ યુવાનોની તો શી વાત ?

રોજના પાંચ-સાત પ્રવચનો થતા હતા, એમાં મારું એક પ્રવચન અને વધારામાં સાંજની ભક્તિમાં હું બોલતો હતો. એમાં પૂ. ગુરુદેવશ્રીનો વારસો મળેલો, એટલે પશ્ચાત્તાપ, આલોચના એ બધી વાતો અનેકવાર આવતી, ઘણા બધા આરાધકો ભવ-આલોચના લેવા લાગેલા…

લગભગ ઉપધાનના ૩૩થી પણ વધારે દિવસો પસાર થઈ ગયેલા.

વચ્ચે વચ્ચે ઉપધાનના આરાધક યુવાનોએ અને સાધુઓએ પણ મને એક ફરિયાદ કરેલી કે **‘સાહેબજી ! આ ભવ્ય કશું બોલતો નથી. કોઈની સાથે ભળતો નથી. એકલો એકલો રહે છે. અમે ક્યારેક વાત કરવા પણ જઈએ, તો પણ રીસ્પોન્સ ખૂબ ઓછો મળે છે, એટલે અમને આગળ વાત વધારવાનો પણ ઉત્સાહ ન જાગે.’**

‘બીજી કોઈ ગરબડ તો નથી ને…’ મને ચિંતા થઈ.

ના, ના ! સાહેબ ! આખો દિવસ આરાધના તો બરાબર કરે છે, એમાં કોઈ કમી નથી. કોઈ સાથે ઝઘડો નથી, વાપરવામાં પણ કોઈ પંચાત નથી, જે મળે છે, એ ખાઈ લે છે… એવો કોઈ પ્રોબ્લેમ નથી, પણ એ બધા સાથે ભળતો કેમ નથી ?’

‘એ તો બધાના સ્વભાવ અલગ અલગ હોય. એનો સ્વભાવ ઓછું બોલવાનો હોય, મળતાવડો ન હોય, એની વધુ ચિંતા ન કરવી. દુનિયામાં આવું તો ઘણું બધું

ચાલ્યા જ કરે. એની ચિંતા ન કરવી. આપણા ઉપધાનમાં કંઈક ગરબડ કરે, તો આપણે વિચારવું પડે…' મેં એ વાતને એકદમ નોર્મલ જ લીધી.

# 3 – આલોચના

ઉપધાનના લગભગ **૩૫** થી પણ વધારે દિવસો વીતી ગયા બાદ એક દિવસ ભવ્ય મારી પાસે આવ્યો, એના સ્વભાવ પ્રમાણે એ ઓછું જ બોલ્યો, **'મારે ભવ-આલોચના આપવી છે.'** એમ કહી મારા હાથમાં નોર્મલ સાઈઝની બે નોટબુક મૂકી, મેં કહ્યું, **'હું વાંચીને તમને પ્રાયશ્ચિત્ત આપું છું.'**

એ કંઈપણ બોલ્યા વિના જતો રહ્યો. પણ આંખોમાં, ચહેરા ઉપર એક અલગ જ પ્રકારનો ભાવ દેખાતો હતો. ડર પણ હતો, સંતોષ પણ હતો, કુતૂહલ પણ હતું... જોતા આવડે, તો અનેક ભાવોનું મિશ્રણ હતું.

જાન્યુઆરી ૨૦૨૪નો એ પહેલો સપ્તાહ હશે, મેં એમની નોટ વાંચવાની ચાલુ કરી, **અને એક ભયાનક ઈતિહાસ મારી નજર સામે પ્રગટ થયો.**

**એ ભવ્ય કેમ ખૂબ ઓછું બોલતો હતો, એ રહસ્ય એમાં છુપાયેલું હતું...**

**એ ભવ્ય કેમ બધા સાથે ભળતો ન હતો, એ રહસ્ય એમાં છુપાયેલું હતું...**

અત્યંત પીડાદાયક હતું એનું લખાણ !

અત્યંત ઓછું બોલનાર ભવ્યે લખવામાં તો ૧૨૦ પાના ભરી દીધેલા, ક્યાંય કોઈ માયા-કપટ નહિ, શબ્દો છુપાવવાની મહેનત નહિ, નિર્લજ્જ બનીને લખેલું એણે ! દર સો આલોચનામાં માંડ આવી શુદ્ધ + સ્પષ્ટ એકાદ આલોચના જોવા મળે.

મારે એમના પાપો અહીં નથી જણાવવા...

પણ જે અત્યંત ગંભીર ભૂલ એણે કરી હતી, જે ભૂલ હજારો યુવાનો કરી રહ્યા છે, એ જણાવવી છે... અને એના દ્વારા નવી પેઢીને સાવચેત કરવી છે.

૩૫ દિવસના પ્રભુવચનોએ ભવ્યને પલાળ્યો હતો, એને આખા ભવના તમામ ભાવોની આલોચના કરવા માટે પ્રેર્યો હતો. ત્યારે મને થયું કે હવે ભવ-આલોચનાની જગ્યાએ **'ભાવ-આલોચના'** નામ જ બધાને કહેવું પડશે. આપણે આખા ભવની આલોચના કરીએ કે એક વાર એ કર્યા બાદ દર વર્ષે આલોચના કરીએ, પણ આપણે આપણા ભાવોની આલોચના કરવી છે... જે અશુભ ભાવો હતા, એ પ્રગટ કરવા છે...

આજે તા. ૨૯-૭-૨૦૨૪નો સવારનો સમય છે. ગુજરાતી અષાઢ વદ-નોમનો દિવસ છે, અને સિકંદ્રાબાદ ડી.વી. કોલોની જૈન સંઘમાં સૌથી ઉપરની બાલ્કનીની

એક રૂમમાં બેસીને લખવાનું ચાલુ કરેલ છે. લગભગ આ આખો પ્રસંદ બન્યાને આઠ મહિના થઈ ગયા છે, અને મેં બેંગ્લોરમાં રહેતા ભવ્યને પુછાવેલું કે 'તારી આલોચનાની બે નોટો હજી છે કે પરઠવી દીધી.'

સામાન્યથી તો હું કોઈની પણ આલોચના વાંચીને ત્યાં જ એ ફાડી નાંખતો હોઉં છું, એટલે મને એ જ ખ્યાલ હતો કે 'મેં એ ફાડી નાંખી હશે.' છતાં મેં એને પુછાવ્યું, આશ્ચર્ય એ થયું કે 'એ નોટ મેં એને ત્યારે પાછી આપેલી, અને એણે પણ એ નોટ ફાડી ન હતી, એમ ને એમ હતી. બાકી તો મેં નહિ, તો એણે તો ફાડી જ નાંખી હોત, આઠ-આઠ મહિના પોતાના પાપોના લખાણવાળી નોટ કોણ રાખે ? મારે તો એની ઘટના લખવા માટે એ નોટની જરૂર હતી. કેમકે મને બધું તો યાદ ન જ રહે. અને મારે પરફેક્શન સાથે લખવાની ભાવના હતી, એણે મને એ નોટો પાછી મોકલી આપી. આજે આ લખતી વખતે બંને નોટો મારી પાસે છે. હું એના આધારે જ એના જીવનની કડવી ઘટના અનેક યુવાનોના હિત માટે લખી રહ્યો છું.

ભવ્યે શું લખેલું ? એ એની જ ભાષામાં હું લખી રહ્યો છું.

# ૪ - ભવ્યની દર્દભરેલી કહાની

ગુરુદેવ ! આ ચોરીના વિષયમાં હું મારા જીવનનો સૌથી કડવો ભાગ લખી રહ્યો છું. જેના કારણે આજની તારીખમાં મારો પરિવાર અને ૧૫૦-૨૦૦ લોકો મારા કારણે ભારે વ્યાકુળ જીવન જીવી રહ્યા છે. ખબર નથી કે એમના મનમાં કેવી કષાયોની આગ મારા માટે લાગી હશે ? કેમકે મેં એ બધા સાથે મોટો ધોખો કરેલો છે. બધાના વિશ્વાસનો ઘાત કરેલો છે. લુચ્ચાઈ-બદમાશી-જુઠ કશું જ બાકી રાખ્યું નથી.

મારું નામ ભવ્ય ભાવેશભાઈ ! મારો જન્મ થયો ભાવનગરમાં અને સ્કુલથી માંડીને મારો ૨૫ વર્ષનો ટાઈમ ગાંધીધામમાં જ પસાર થયો.

૧૮ વર્ષની ઉંમર સુધી હું ભણવામાં સારો હતો અને સી.એ.ની એન્ટરન્સ પરીક્ષા પણ મેં પાસ કરી દીધી હતી. અને એક જગ્યાએ સી.એ. પાસે સાડા ત્રણ વર્ષની પ્રેક્ટીસ માટે પણ લાગી ગયો હતો. જો હું એ જ field માં રહ્યો હોત, તો તો આજે સી.એ. હોત, વેલ સેટલ હોત, લાખો કમાતો હોત, સમાજમાં પ્રતિષ્ઠિત માણસ હોત, લગ્ન કરીને પત્ની-સંતાનો-મા-બાપ સાથે ખૂબ પ્રસન્નતા સાથે જીવતો હોત.

# 5 - Easy Money

પણ આજના જમાનાના લાખો યુવાનો જે ભૂલ કરી બેસે છે, એ જ ભૂલ મેં પણ કરી. Easy Money ના ચક્કરમાં હું ફસાયો.

મેં એક માર્કેટીંગ કંપનીનો પ્લાન સાંભળ્યો, અને મને થયું કે 'આમાં જલ્દી પૈસા કમાઈ શકીશ.' એ ચક્કર ચાલતું જ હતું અને છ મહિનામાં બીજા એક દુષણે પ્રવેશ કર્યો, એ દુષણ એટલે **શેરબજાર !** ૧૦૦ ના ૧ લાખ ચપટીમાં બનાવી દેવાના સપના મને આવવા લાગ્યા, સી.એ. બનવા માટેની વર્ષોની મહેનત કરવી મને સાવ નકામી લાગવા માંડી.

મેં મારા પપ્પા ભાવેશભાઈને વાત કરી, પપ્પા આમ તો નીતિના ધનમાં માને. મહેનત કરવામાં માને, પરંતુ ખબર નહિ, એમણે મને શેરબજાર માટે હા પાડી દીધી. કદાચ એ એમ જ સમજ્યા કે **'આ પણ એક પ્રકારનો વેપાર જ છે ને !'**

અને મેં અમારી એફ.ડી. તોડી, એ પૈસા નાંખ્યા શેરબજારમાં !

શરૂઆતમાં થોડા પૈસા કમાયો, એટલે ઉત્સાહ વધ્યો. હવે મન આમાં જ વધુ ને વધુ દોડવા લાગ્યું, ભણવામાં મન લાગતું બંધ થઈ ગયું, સી.એ. ભણવામાં પણ પ્રમાદ કર્યો. અને એનું ખરાબ ફળ એ આવ્યું કે હું કોલેજમાં ૧૪મા ધોરણમાં નાપાસ થયો. કોલેજનું બીજું વર્ષ મારા માટે એક કલંક બનીને આવ્યું કે **'ભવ્ય નાપાસ !'**

બીજી બાજુ ઈ.સ. ૨૦૦૮માં આખા વિશ્વમાં મંદીનું મોજું ફરી વળ્યું. એમાં શેરમાર્કેટની કમર તૂટી ગઈ, ભાવ બધા નીચે જતા રહ્યા, અમને ભારે નુકસાન થયું. એફ.ડી.ના પૈસા સાફ થઈ ગયા, એ તો ઠીક... પણ નુકસાન ભરપાઈ કરવામાં ઘરનું સોનું પણ સાફ થઈ ગયું. આ બધું ઈ.સ. ૨૦૦૯ સુધીમાં બની ગયું. આ બાજુ કંટાળીને મેં પણ મારી કોલેજ અને સી.એ. બંનેનો ત્યાગ કર્યો.

હું મારા માતા-પિતાનો એક જ દીકરો ! ભાઈ-બહેન કોઈ નહિ, મારા કારણે બધું નુકસાન થયું, હું જરાક ગંભીર બન્યો. અને ઈ.સ. ૨૦૦૯માં એક જગ્યાએ નોકરીએ લાગ્યો. પણ રોજની દસ કલાકની મહેનત ત્રાસ લાગવા માંડી.

અને ઈ.સ. ૨૦૧૦માં પાછો માર્કેટીંગ કંપનીમાં આકર્ષાયો, નોકરી છોડી દીધી અને કંપનીઓનું માર્કેટીંગ કરતો થઈ ગયો. મેં પ્રચાર તો જોરદાર કર્યો, પરંતુ મેં કંપની

તરફથી લોકોને જે વાયદા આપેલા, એ વાયદા કંપની પૂરા ન કરી શકી. જે લોકોએ અમારા ભરોસે એ કંપનીમાં પૈસા રોકેલા, એ બધાને નુકસાન થયું. એ બધાએ તો મને જ પકડ્યો, અમારા વચ્ચે ગમે તેમ બોલવાનું થયું, સંબંધો બગડ્યા...

# ૬ – ગોટાલા પર ગોટાલા

મેં નોકરી તો છોડી જ દીધેલી, નવી નોકરી મળી નહિ, અને મને નોકરીને બદલે નવા સાહસો કરવામાં જ રસ હતો. એકવાર માર ખાધો, છતાં કુતરાની પુંછડી વાંકી જ રહી... અને હું નવી કંપનીમાં માર્કેટીંગ માટે જોડાયો, એ પછી એકાદ વર્ષ બાદ પાછો નવી કંપનીમાં...

હું માત્ર સપનામાં જીવતો રહ્યો, અને બીજાઓને પણ ધોળે દહાડે સપના દેખાડીને પૈસાનું નુકસાન કરાવ્યું, એના દ્વારા મનનું નુકસાન કરાવ્યું. ઘણા બધા લોકો મારા કારણે રખડી પડ્યા.

ઈ.સ. ૨૦૧૧માં મેં એક વ્યક્તિ સાથે પાર્ટનરશીપ કરી. અને ફોરેન એક્સચેન્જમાં ટ્રેડીંગ ચાલુ કરી, અને એના માટે માર્કેટીંગ કંપની જેવો પ્લાન બનાવ્યો, અને લોકો પાસેથી પૈસા ઉપાડવાના ચાલુ કર્યા, અમે બધાને વાયદો આપેલો, સપનું દેખાડેલું કે **'એક થી દોઢ વર્ષમાં તમારા પૈસા બમણા થઈ જશે.'**

**'લોભિયા હોય, ત્યાં ધુતારાઓ ભૂખે ન મરે'** એ ન્યાયે ઘણા બધા ધનના લાલચુ ભોળા લોકો અમારી વાતોમાં ફસાયા, અમારો ઈરાદો ખરાબ તો ન હતો, પણ અમે એ ભૂલી ગયા કે **'અમે સપનું જોઈએ છીએ... અને બધાને દેખાડીએ છીએ...'** એટલે અમે પણ મર્યા અને બીજાઓને પણ માર્યા. હા ! પહેલા અમને સારો પ્રોફીટ થયો, પણ ૩-૪ મહિના બાદ નુકસાન થવાનું શરૂ થઈ ગયું. અને ઈ.સ. ૨૦૧૧ ના અંત સુધી અમે લગભગ ૭-૮ લાખનું નુકસાન કરી દીધું.

મારો ભાગીદાર સમજદાર નીકળ્યો, એણે તરત આ લાઈન છોડી દીધી. પણ મારી બુદ્ધિ તો એકદમ ભ્રષ્ટ થઈ ગઈ હતી, એટલે હું નુકસાનને કવર કરવા અને મારી ધારણા માટે લાખો-કરોડો કમાઈ લેવા માટે નવા નવા રસ્તા ગોતતો ગયો, નવા નવા માણસો ગોતતો ગયો.

# 7 - M.C.X.

અને આ વિષચક્રમાં છેવટે મેં પ્રવેશ કર્યો **M.C.X. માં !**

**અભિમન્યુના ચક્રવ્યૂહના સાત કોઠા જેવી છે આ Easy Money ની દુનિયા !** એમાં પ્રવેશ કરવો એકદમ સરળ છે, પણ એમાંથી બહાર નીકળવું લગભગ અશક્ય છે. અભિમન્યુ તો શહીદ બનીને અમર બન્યો, પણ આ ધનના ચક્કરમાં ફસાનારો પોતે તો જીવતો રહીને કુતરાના મોતે મરે છે, અને સાથે પોતાના પરિવારને અને પોતાના ઉપર વિશ્વાસ મૂકનારાઓને પણ કુતરાના મોતે જીવતા જ મારી નાંખે છે.

M.C.X. માટે મારી પાસે મૂડી તો હતી નહિ, એમાં પૈસા તો રોકવા જ પડે ને ! એ લાવવા ક્યાંથી ? મને એક રસ્તો મળી ગયો. પપ્પા ભાવેશભાઈ અને મમ્મી ભાનુબહેનને મેં વાત કરી, મેં કહ્યું કે 'આપણી પાસે પાઘડીના બે ઘર છે, આપણે બે ઘરની જરૂર નથી, અત્યારે એક ઘર વેંચી દઈએ, એ પૈસા M.C.X. માં રોકીએ, એ પછી થોડા જ વખતમાં હું બધું કમાઈ લઈશ.'

પપ્પા-મમ્મી શરૂઆતમાં તો ન માન્યા, પરંતુ પછી મારો કોન્ફીડન્સ જોઈને એમણે હા પાડી. એમને મારા ઉપર અનહદ પ્રેમ હતો, એકનો એક દીકરો હતો ને ! અને એમના લગ્નજીવનના ૧૫ વર્ષ બાદ મારો જન્મ હતો. એટલે મારી વાત તેઓ માની લેતા. તેઓ મને કદિ દુઃખી ન કરતા, મને દુઃખી જોઈ પણ ન શકતા. મને યાદ છે ત્યાં સુધી મારા જીવનમાં એકવાર પણ મને એમણે માર્યો નથી. લાડ-પ્યારમાં જ રાખ્યો છે. એમને મારી વાતોથી આશા બંધાઈ કે 'ભલે એક ઘર વેંચી દઈએ. પણ આપણી પાસે બે ઘર છે ને ! આપણા પોતાના છે, પાઘડી પર છે. (ઘર વેંચો, તો ત્રીજો ભાગ મૂળ માલિકને આપવો પડે, એનું નામ પાઘડી પર ઘર !) એક ઘરમાં ત્રણ જણને રહેવામાં વાંધો જ ક્યાં છે ?

અને અમે એક ઘર વેંચી નાંખ્યું, એના બધા પૈસા નાંખ્યા M.C.X. માં ! અને મારા અરમાનો ત્રણ મહિનામાં જ રાખ બની ગયા. તમામે તમામ પૈસા M.C.X. માં ખતમ થઈ ગયા.

હવે ? **'હાર્યો જુગારી બમણું રમે'** એ ન્યાય છે. યુધિષ્ઠિર અને નળ જેવાઓ પણ જો લાલચમાં ફસાયા અને ન સુધર્યા, તો મારી તો શી વિસાત ?

હું હજી પણ સપનાની દુનિયામાં જ પડ્યો રહ્યો. મેં માર્કેટમાંથી પણ ઉધાર પૈસા લેવા માંડ્યા. એ પણ વ્યાપાર માટે લેવામાં આવે, એ નોર્મલ વ્યાજના દરે નહિ. પરંતુ કટોકટિમાં લેવામાં આવે, એવા બહુ ઉંચા વ્યાજના દરે લીધા. ટોપીઓ બદલતો ગયો...

અને ઈ.સ. ૨૦૧૨માં મેં વળી એક નવી દુનિયામાં પ્રવેશ કર્યો, જે બિનકાયદેસર છે, **એ ડબ્બા ટ્રેડીંગમાં** હું ઘુસ્યો, (જાણકારોને આ બધી દુનિયાનું નોલેજ હશે જ.) પણ ત્યાં પણ બધું નુકસાન કર્યું. પણ હજી સપનાની દુનિયા ન તૂટી, દરેક વખતે કોઈ નવી સીસ્ટમ હાથમાં લેતો, અને વિચારતો કે **'હવે કમાઈ લઈશ.'** અને આવા જ ધંધા ચાલુ રાખ્યા, અને નવા નવા કર્મો બાંધતો ગયો.

# ૮ – પોલિસનાં સકંજામાં

ઈ.સ. ૨૦૧૩માં મારી હાલત એવી હતી કે **'મારે કોઈપણ ભોગે પૈસા જોઈએ જ.'** એટલે હું નવા નવા પ્લાન બનાવીને Online ગમે તેને E-mail કરતો. આશા હતી કે, 'મારો પ્લાન જોઈને કોઈ મને પૈસા આપવા તૈયાર થાય.'

બીજા કોઈ તો મને પૈસા આપવા તૈયાર ન થયા, પણ પોલિસને મારી આ લુચ્ચાઈની ગંધ આવી ગઈ. એ વખતે આવા ચીટીંગ કેસો ઘણા વધી ગયેલા હતા. પોલિસે કોઈકના નામે મને ફોન કર્યો કે 'તમારો પ્લાન અમે જોયો છે. અમે તમને પૈસા આપવા તૈયાર છીએ. મહીને ૮% વ્યાજે તમને પૈસા આપશું. એ માટે આપણે એકવાર મીટીંગ કરી લઈએ... તમે Legal એગ્રીમેન્ટ અને ચેક લઈને આવો...'

પોલિસની જાળમાં હું ફસાયો, મેં લાંબો વિચાર ન કર્યો, મારે તો બસ, કોઈપણ હિસાબે પૈસા જોઈતા હતા, અને હું પોલિસે બતાવેલી જગ્યાએ પહોંચી ગયો. ત્યાં પોલિસનો માણસ નોર્મલ કપડામાં મને મળ્યો, અમારી મીટીંગ ચાલતી હતી, અને અચાનક પોલિસે ત્યાં છાપો માર્યો. એમનો તો આ પ્રિ-પ્લાન જ હતો, મને આ કંઈ જ ખબર ન હતી. એમણે મને પકડ્યો. મારા પાસેથી બધી માહિતી લઈ લીધી, હું જૂઠો હતો, એ સાચું હતું.

એમણે મને કહ્યું કે **'તારે છુટવું હોય, તો ૧ લાખ ૪૦ હજાર ભરવા પડશે.'** હું જો પૈસા ન ભરું, તો તેઓ મને જેલમાં પૂરે, વધુને વધુ હેરાન કરે. જેમ હું પૈસા કમાવા માટે ખોટા રસ્તા અપનાવતો હતો, તેમ તેઓ પણ પૈસા કમાવા માટે મારા જેવાઓને ડરાવી-ગભરાવીને પૈસા પડાવવાના ખોટા રસ્તા અપનાવતા હતા. અમારા બંનેમાં ફરક શું ? હું બીજાઓને ફસાવતો હતો, તેઓ મને ફસાવતા હતા.

મેં ઘરે મમ્મી-પપ્પાને જણાવ્યું **'હું ફસાયો છું, Please ! મને છોડાવો.'**

એ વખતે ઘરમાં પૈસાની તંગી કેટલી હતી, એ તો મને ખબર જ હતી. માટે જ તો હું આવા ખોટા રસ્તા અપનાવતો હતો ને ! તો પછી મા-બાપ મારા માટે આટલી રકમ ક્યાંથી લાવશે ? એ મારે વિચારવું જ જોઈએ. પણ મેં એ વિચાર ન કર્યો. કેમકે જેલમાં રહેવાની, પોલિસની ધમકીઓ અને માર ખાવાની મારી તાકાત ન હતી.

મમ્મી મારી સહાયે આવી, એમણે પોતાના પિયરમાં વાત કરીને ગમે તેમ કરીને ૧ લાખ ૪૦ હજાર ભેગા કર્યા, પોલિસને આપીને મને છૂટો કર્યો. કોઈ ઠપકો નહિ,

થપ્પડ નહિ, બસ ! પ્રેમથી એટલું જ કહ્યું, 'બેટા ! હવે કોઈ ખોટું કામ ન કરતો. આપણે સુકો રોટલો ખાઈને પણ જીવી લેશું.'

મમ્મીની વાત મેં માની લીધી હોત, તો હજી પણ અમારા બધાની જીંદગી ભલે સાદી પણ સુખ-ચેનથી ભરેલી રહેત. હું એક વખતનો સી.એ. થનારો યુવાન હતો, મારી પાસે શક્તિ તો હતી જ. મારે એટલું જ કરવાનું હતું કે મારે જેને જેને પૈસા ચુકવવાના બાકી હતા, એમને એટલું જ કહેવાનું હતું કે **'અત્યારે મારી પાસે કશું નથી, કમાઈને ધીરે ધીરે ચૂકવીશ.'**

આમાં મારી ઈજ્જત ઘટત, થોડી ગાળો સાંભળવી પડત... પણ થોડા ટાઈમ માટે જ, એ પછી તો હું શાંતિથી મહેનત કરવા લાગી પડત ને ! અને ધીમે ધીમે રકમ ચૂકવી પણ દેત. પણ મેં મારી હોંશિયારી ન છોડી, હું એટલે કોણ ? હું બધાને ખોટા ખોટા વાયદા કરતો જ ગયો, **'તમને આ તારીખે ચુકવીશ, તમને આ દિવસે... મારા પૈસા એક જગ્યાએ અટવાયા છે, એ આવવાની તૈયારી છે, એ આવે, એટલે તમારા બધાનું ચુકવાઈ જશે...'** આવા તો કેટકેટલા જુઠાણા મેં બજારમાં વહેતા મુક્યા અને બિચારાઓ એ અસત્યના પૂરમાં તણાઈ ગયા. એ રીતે મારો ટાઈમ ખેંચાતો ગયો. મમ્મી-પપ્પાને એમ કે **'હવે ભવ્ય સુધરી ગયો છે.'**

# ૭,વ.ળ.વ ની જાળમાં

પણ મારું નામ જ ભવ્ય હતું, હકીકતમાં હું અભવ્ય જેવો નીકળ્યો, સાવ જ નાલાયક ! મમ્મી-પપ્પાનું ભવિષ્ય વગેરે કશું જ મેં વિચાર્યું નહિ, અને **April 2013 માં મેં એક નવા મહાપાપની શરૂઆત કરી IPL નો સટ્ટો !**

'ભારતના લાખો ઘરો આમાં બરબાદ થયેલા છે. સરકાર શા માટે સખ્તાઈ સાથે આને બંધ નથી કરાવતી ? ખબર નહિ. ભારતને બરબાદ કરનાર આવી ક્રિકેટ મેચો રમાડવી જ શા માટે ?...' એવો વિચાર આજે મને આવે છે, પણ એ વખતે તો હું એમાં ડુબી ગયો. પણ એમાં પણ મને કોઈ નફો ન થયો, પણ તો ય મારી આદત ન છૂટી. M.C.X. + IPL + શેર માર્કેટ બાપ રે ! હવે તો ત્રણ ત્રણ ગધેડાઓ ઉપર એક સાથે સવારી કરવા નીકળેલો. લાતો કેટલી ખાવી પડે ? બસ, પૈસા પૈસા પૈસા... એ માટે નવો રસ્તો, નવો રસ્તો...! **'મુંગેરીલાલ કે હસીન સપને'**ની જેમ હજી પણ મારા સપનાઓ ચાલુ જ હતા.

નુકસાન વધતું ગયું, નફો કોઈ નહિ... પપ્પા પણ નિવૃત્ત જેવા હતા. અને હવે લેણદારોનું દબાણ સખત વધતું ગયું. **'મારી વાયદાબાજી સાવ ખોટી છે'** એનો એમને અંદાજ આવી ગયો. બોલાચાલી વધતી ગઈ, ગાળો બોલવાનું, ઘરે આવીને ધમાલ કરવાનું, ધમકી આપવાનું ચાલુ થઈ ગયું... હું તો ઠીક, પણ મમ્મી-પપ્પા સખત ત્રાસી ગયા. અતિશય ડરમાં રહેવા લાગ્યા, આ મેન્ટલી ટોર્ચર સહન કરવાની તાકાત ખોઈ બેઠા...

# ૧૦ – ઘર વેંચ્યા

અને આખરે બીજું ઘર પણ વેંચી દેવાનો નિર્ણય લેવો પડ્યો. મારે લેવડાવવો પડ્યો અને તેઓએ માન્ય પણ રાખ્યો. કેમકે તેઓ હેરાન-પરેશાન થઈ ગયા હતા.

અને ઈ.સ. ૨૦૧૩ના ડિસેમ્બરમાં અમે અમારું ઘર વેંચી દીધું. સોદો થયો ૬ લાખ ૫૦ હજારમાં ! એમાં વળી ઘર પાઘડીનું એટલે મૂળ માલિકને ૨ લાખ આપવાના ! એમાં વળી ખરીદનારે એકસાથે પૈસા ન આપ્યા, ટુકડે ટુકડે પૈસા આપ્યા, ઈ.સ. ૨૦૧૪ માર્ચ મહિના સુધીમાં એણે ૫ લાખ ચુકવ્યા. હવે મૂળ માલિકને ૨ લાખ આપી દઈએ, તો અમારી પાસે બચે શું ? નવા ભાડાના ઘરના ખર્ચા ચાલુ થવાના હતા અને લેણદારોને ચુકવવાના તો બાકી જ હતા. અમે બહુ મોટા માણસો ન હતા, એટલે કરોડો ચુકવવાના ન હતા, પણ લાખો ચુકવવા પણ અમારા માટે અશક્ય બની ગયા હતા.

હા ! એ વાત તો કહેવી ભૂલી ગયો. અમે આ ઘર વહેંચતા પહેલા એ ઘરની મુખ્ય પાવતી ગીરવી રાખીને એના ઉપર પણ ૧ લાખ રૂા. મહીને ૧૦% ના વ્યાજે લીધેલા હતા, એટલે એ પૈસા પણ ચુકવવાના બાકી હતા.

અમે મૂળ મકાનમાલિકને ફોર્સ કરી, આજીજી કરીને પાઘડીના એના બે લાખ કેન્સલ કરાવ્યા, એટલે ઘર વેંચવાના પાંચ લાખ અમારા હાથમાં તો આવ્યા, પણ ટુકડે ટુકડે ! અને બીજી બાજુ મહિને ૧૦ હજાર વ્યાજ ભરવાના થતા હતા.

અધુરામાં પૂરું શેરમાર્કેટમાં ડબ્બા ટ્રેડીંગવાળાને હજી મારે ૨ લાખ ૩૦ હજાર ચુકવવાના બાકી હતા. આ બધા માથાભારે લોકોને પૈસા ન ચુકવો તો ગુંડાઓ દ્વારા હાથ-પગ તોડાવી નાંખે એટલા તેઓ ખતરનાક હોય છે.

એક બાજુ અનેક લોકોનું દેવું,

બીજી બાજુ ગીરવી મુકેલું ઘર, એ છોડાવવાનું બાકી...

ત્રીજી બાજુ ડબ્બાવાળાને ૨.૩૦ લાખ ચુકવવાના બાકી...

અમારા હાથમાં માત્ર ૫ લાખ ! એ પણ થોડા-ઘણા ખર્ચાઈ ગયેલા. કેમકે ત્રણ મહિનમાં ટુકડે ટુકડે આવેલા.

હવે કોઈ રસ્તો ન દેખાયો.

મેં મમ્મી-પપ્પા અને દાદી ત્રણની સામે રડતી આંખે બધી વાત રજુ કરી, અને

સમજાવ્યા કે **'જો અહીં રહેશું, તો આ લોકો કદાચ મને મારી નાંખશે. હાથ-પગ તો તોડી જ નાંખશે. માટે, આપણે આ સ્થાન છોડીને ક્યાંક જતા રહીએ.'**

આખી જીંદગી જ્યાં વિતાવી હતી, એ સ્થાન છોડીને તદ્દન અજાણી નવી જગ્યાએ જવાનું હતું. અને વ્યવસ્થા તો પાછી હતી જ નહિ, પપ્પાની ઉંમર ૫૨ વર્ષ ! મમ્મી ૫૦ ના ! દાદી ૭૦ આસપાસ ! આ ઉંમરે શાંતિથી જીવવાને બદલે હાડમારી કરવાનો વારો આવ્યો. નવી જગ્યાએ જઈ ક્યાં રહેશું ? શું ખાશું ? શું કમાશું ?... કોણ મદદ કરશે ?... આ બધા પ્રશ્નો ઉભા જ હતા. એ ત્રણ તો કમાઈ શકવાના ન હતા, અને મેં આટલા વર્ષો સુધી ખોવાનું જ કામ કરેલું. મારા કરતા તો તેઓ ઘણા સારા હતા કે કમસેકમ એમણે નુકસાન તો કર્યુ ન હતું. કોઈને ખૂનના આંસુ પડાવ્યા ન હતા, કોઈની હાય લીધી ન હતી...

# ૧૧. આત્માહત્યાનો નિર્ણય + વળાંક

અમે ચાર જણાએ શું નિર્ણય કર્યો ખબર છે ?

**'આપણે ચાર જણે શંખેશ્વર જવું, કોઈ વ્યવસ્થા થાય, તો ઠીક છે. નહિ તો પછી મારે તો આત્મહત્યા કરી જ લેવી...'**

મારા મરણ બાદ મા-બાપને તો કોઈ હેરાન નહિ કરે, અને તેઓ વધેલા પૈસામાંથી ગમે તે કરીને પોતાની જીંદગી પૂરી કરશે...

મારો આ નિશ્ચય થઈ ગયો હતો, પણ અમે આવું કંઈક કરીએ, એ પહેલા જ એક ચમત્કાર સર્જાયો. આ નિર્ણયના બે દિવસમાં જ મારા એક ફુઆ મારા ઘરે આવ્યા, એમને અમારા શંખેશ્વર + આત્મહત્યાના નિર્ણયની ખબર ન હતી, પણ મારી અવળ-ચંડાઈનો એમને બધો જ ખ્યાલ હતો. સ્વજનો પહેલા સહાય કરી ચૂકેલા, પણ મારી ભૂલોની પરંપરા જોતા એમણે સહાય કરવાનું બંધ કરી દીધેલું.

અમે એમને બધી વાત જણાવી દીધી, શંખેશ્વર + આત્મહત્યાવાળી પણ !

એમને અમારા ઉપર દયા આવી, એમણે કહ્યું, 'તમે ચિંતા ન કરો, હું તમારી કોઈક વ્યવસ્થા કરું છું...' મને લાગ્યું કે **'શંખેશ્વર પાર્શ્વનાથ દાદાએ જ એમને મોકલ્યા છે અમારી રક્ષા માટે !'** જીંદગીમાં પહેલીવાર પ્રભુ ઉપર શ્રદ્ધા પ્રગટી.

ફુઆ સી.એ. હતા, મારી નજર સામે એમણે ચાર-પાંચ જગ્યાએ ફોન કર્યા, એમણે એમના સી.એ. મિત્ર સાથે બધી વાત કરીને ફાઈનલ કર્યું, અને મને કહ્યું કે 'તું બે દિવસ પછી મને ઓફિસે મળ. તારું કામ થઈ જશે.'

મમ્મી-પપ્પાની આંખમાં આંસુ સરી પડ્યા. તેઓ ફુઆનો ખૂબ ઉપકાર માનવા લાગ્યા, એમની પણ આંખો ભીની થઈ ગઈ. 'કંઈ વાંધો નહિ. જીવનમાં સુખ-દુઃખ તો ચાલ્યા જ કરે.' અને સ્મિત સાથે એમણે વિદાય લીધી.

બે દિવસ બાદ એમની ઓફિસ પર મળવા ગયો,

'જો, દક્ષિણ ભારતના એક શહેરમાં મારા મિત્રની ફેક્ટરી છે. એ તને ત્યાં નોકરીએ રાખવા તૈયાર છે. તારા માટે ભાડાથી ઘર પણ નક્કી થઈ ગયું છે. તું હવે પરિવાર સાથે ત્યાં જતો રહે. અહીં તને જીવવું હવે ભારે પડી જ રહ્યું છે. તો સાવ નવા પ્રદેશમાં જતો રહે.' - ફુઆએ કહ્યું.

મેં વાત સ્વીકારી લીધી, લોકોને પૈસા ન ચુકવવાની બદદાનત અમારી ન હતી, પરંતુ અત્યારે અમારી પાસે બીજો કોઈ ઉપાય જ ન હતો. અત્યારે તો બસ, અમારે જીવવું શી રીતે ? એ જ સૌથી મોટો પ્રશ્ન હતો, જેનો જવાબ મારા ફુઆ આપી રહ્યા હતા.

(પ્રાયઃ ભવ્યની મમ્મીના ફુઆ હતા...)

બધું ફાઈનલ થઈ ગયું, તરત જ શહેર છોડી દેવાનું હતું... હું એમની ઓફિસમાંથી નીકળતો જ હતો, ને ફુઆએ એક મિનિટ મને ઉભો રાખ્યો, **'ભવ્ય ! હવે ફરી આવી કોઈ ભૂલ ન કરતો. નહિ તો મારે મારા મિત્રને જવાબ આપવો ભારે પડશે, અને તમારા ચાર જણની જીંદગી જોખમમાં મુકાશે. બસ, જે મળે, એમાં સંતોષ માનીને જીવજે.'**

એમના શબ્દોમાં સાવચેતી, ભય, સહાનુભૂતિ, લાગણી, હિતશિક્ષા... બધું જ હતું. મેં એમની વાતનો સ્વીકાર કર્યો. એમના Face પર સંતોષ પ્રગટ્યો. પણ એમને કે ખુદ મને પણ ખબર જ ન હતી કે, **'મારું ભવિષ્ય હજી તો વધુ ભયાનક બનવાનું છે.'** (અને સાથે ફુઆને, ભવ્યને, ભાવેશભાઈ, ભાનુબહેન કોઈને એ પણ ખબર ન હતી કે એ ભયાનકતાની પાછળ સોનાનો સુરજ પણ એમના જીવનમાં ઉગવાનો હતો, ભવિતવ્યતાએ ભયાનક દુઃખની પાછળ સુખની સુંદરતા છુપાડેલી જ હતી. નવ મહિનાના ગર્ભવાસના દુઃખ ભોગવ્યા બાદ જ સંસારમાં જન્મ પામવાનું સુખ મળે છે ને ! કુદરતની લીલા અપરંપાર છે, એ અજૈનો કહે છે. ભવિતવ્યતા - કર્મસત્તા... આ બધા બધાને નચાવવાની પ્રચંડ તાકાત ધરાવે છે...)

મેં ઘરે જઈને બધી વાત કરી. તેઓ તો કોઈક આશા રાખીને જ બેઠા હતા. એ ખુશ થયા, આટલા ભયાનક દુઃખો બાદ આ નાનું સુખ પણ એમને માટે મહાસુખ હતું. અમે તૈયારી કરી લીધી, અને તા. ૧૧ માર્ચ ૨૦૧૪ના સવારે ચાર વાગે અમે ગાંધીધામ છોડીને, અમારા ઘરને છેલ્લી વાર જોઈ લઈને રીતસર ભાગી જ ગયા. બધાને કહીને જવું તો શક્ય જ ન હતું. માટે જ સવારે ચાર વાગે ચોરની માફક ભાગી છુટ્યા.

અમુક સામાન મારા પપ્પાના અંગતમિત્રને ત્યાં મુકાવી દીધેલો, 'અમે દક્ષિણમાં સેટ થઈએ, એ પછી તેઓ ત્યાં બધો સામાન મોકલી આપે.' એ રીતે બધું સેટ કરી દીધેલું.

અરે, એક આઘાતજનક વાત તો કહેવાની ભૂલી જ ગયો. મારા માટે, મને બચાવવા માટે, મારા જેવા કપૂતની-નાલાયકની રક્ષા કરવા માટે **મારી મમ્મીએ**

**પોતાનું મંગલસૂત્ર પણ ગીરવે મુકી દીધેલું ઈ.સ. ૨૦૧૩માં !** પતિ ન મરે, ત્યાં સુધી ભારતની પત્ની મંગલસૂત્ર તો ન જ કાઢે. પણ મારા પપ્પા નજર સામે જીવતા, છતાં મમ્મીએ આ કામ પણ કરવું પડ્યું મારા જેવા કમજાત માટે ! અને હું એ મંગલસૂત્ર છોડાવી પણ ન શક્યો. અને મમ્મીનું ગળું કોરું જ રહ્યું, છતાં એના Face પર એ વાતનો ખેદ નહિ, જીભ ઉપર એકવાર પણ ફરિયાદ નહિ, મંગલસૂત્ર છોડાવવાનું યાદ પણ ન કરાવ્યું... મા એટલે મા ! પણ હું નાલાયક આ બધું ન સમજ્યો, ત્યારે તો ન જ સમજ્યો.

૨૦૧૦ થી ૨૦૧૪ સુધી જે જે લોકોએ મારા પર ભરોસો મૂક્યો, એ બધાને મેં દગો જ દીધો. મેં મારી સપનાની દુનિયામાં જીવીને રાક્ષસ જેવું જીવન જીવ્યું. બસ, સ્વાર્થ અને સ્વાર્થ જ રાખ્યો. ક્યારેય પણ મેં વિચાર ન કર્યો કે 'આટલા બધા લોકો આમાં ફસાઈ રહ્યા છે...' મારા માતા-પિતા જે ઘરમાં ૨૫-૨૫ વર્ષથી રહેતા હતા, એ ઘર એમણે કાયમ માટે છોડી દેવું પડ્યું, એ પણ માત્ર થોડાક સામાન સાથે ! અને આ બધું થવા છતાં મને આંસુ તો ન જ આવ્યા, અરે ! અંદર પણ મારી ભૂલોનો પશ્ચાત્તાપ ન હતો. માત્ર મારી નિષ્ફળતાનું દુઃખ હતું. પણ 'મેં જ મારા પગ પર કુહાડી મારી છે, મારા જ અપરાધો મને દુઃખી કરે છે' એવો કોઈ વિચાર ન આવ્યો. હું બેફામ બનીને જ જીવ્યો, અને આજે મને ખબર પડે છે કે મેં શું નુકસાન કર્યું છે, અને કેટલાય લોકોની જીંદગીમાં કષાયોની આગ લગાડી છે.

મહારાજ સાહેબ ! આ શેરબજાર અને અલગ-અલગ સટ્ટામાં મેં અમારા પરિવારની જમામૂડી, ૨ ઘર, સોનુ, મનની શાંતિ... આ બધું જ ફૂંકી દીધું અને કેટલાય લોકોનું દેવું તો ઉભું જ છે, એ તો વધારામાં ! **ભાવનગર**નો મારા દેવાનો ફીગર ૩૪ લાખ હતો, અને એ ચુકવ્યા વિના અમે ત્યાંથી ભાગી ગયા.

# ૧૨ - દક્ષિણમાં જુગાર

માર્ચ ૨૦૧૪માં દક્ષિણના એક શહેરમાં અમે આવી ગયા, મારી એ વખતે ઉંમર હતી ૨૫ વર્ષ ! ૧૮ થી ૨૫ વર્ષની ઉંમરમાં તો મેં ઘણી બધી દુનિયા જોઈ લીધી હતી. લગ્ન થયા ન હતા, અને આમ પણ રખડતા છોકરાને છોકરી મળે પણ શી રીતે ? મને ત્યાં પહેલા જ દિવસથી નોકરી પર લઈ લેવામાં આવ્યો. પહેલા જ દિવસથી અમને રહેવા માટે ભાડાનું ઘર પણ મળી ગયું, મને એ કંપનીમાં માન-સન્માન પણ મળવા માંડ્યા, કેમકે હું મજુર માણસ ન હતો. ભણેલો-ગણેલો હતો, અને મેં પણ જૂનું બધું જ ભૂલીને બહુ જ મહેનત કરી, અને કંપનીનો ડીસ્પેચ વિભાગ સંભાળતો થઈ ગયો. આ કંપનીના શેઠ, કે જે મારા ઉપકારી હતા, એમણે ક્યારેય પણ મારી મજબુરીનો લાભ લીધો ન હતો. **પગાર ઓછો આપવો, કામ વધારે લેવું...** આવું ક્યારેય પણ એમણે મારી સાથે ન કર્યું, એ મારા પુણ્ય કરતાં પણ એમની ઉદારતા ! મારા માટે બધું જાણ્યા બાદ પણ મારા પર વિશ્વાસ મૂકીને મને નોકરીએ રાખ્યો, એ એમની કેટલી મહાનતા ! નહિ તો મારા જેવાને કોઈ ઘરમાં પણ ઘુસવા ન દે. જાણે હડકાયો કુતરો ! **મારો પગાર મહિનાનો ૨૯ હજાર થઈ ગયો હતો.**

પણ મારું અતિભયંકર દુર્ભાગ્ય ! મારી બુદ્ધિ પાછી ભ્રષ્ટ થઈ. આટલી માર ખાધા પછી પણ કોઈને આવી દુર્બુદ્ધિ સુઝે, એ કોઈ ન માને, હું પણ ન માનું... પણ આ તો મારો પોતાનો અનુભવ છે, અને ઈ.સ. ૨૦૧૫ ઓગસ્ટ મહિનામાં ફરી શેરબજારના કીડાએ મને ચટકો ભર્યો, કંપનીની કામદાર સોસાયટીમાંથી મેં ૧ લાખની લોન લીધી, અને ટ્રેડીંગ ચાલુ કર્યું, રીઝલ્ટ તો શેરમાર્કેટમાં શું આવે ? ત્યાં કમાનારા ૧૦-૨૦% અને ખોનારા ૮૦-૯૦% ! હર્ષદ મહેતાનો અનુભવ બધાને છે જ. અને ઈ.સ. ૨૦૧૬ જાન્યુઆરી સુધીમાં એ ૧ લાખ તો રાખ થયા જ. પણ એની સાથે મેં અહીં બચત કરી કરીને જે ૭૦ હજાર ભેગા કરેલા, એ પણ બરબાદ થયા.

હું સાવ બેવકુફ માણસ કે આટલું બધું થવાં છતાં પણ આમાંથી પણ હું સબક ન શીખ્યો કે **'આ લાઈન મારા માટે નથી જ. અને મારે તો મહેનત જ કરવાની છે. કેમકે મહેનત કરીને છેલ્લા ૬ મહિનામાં મેં કામ + પગાર બંનેમાં સારી પ્રગતિ મેળવી હતી. આસિસ્ટન્ટ મેનેજર બની ગયેલો આટલા વખતમાં તો ! અને પગાર મહિને ૨૯ હજાર !'**

# ૧૩ - ફરીથી જુગારમાં

ઈ.સ. ૨૦૧૬માં મે મહિનામાં મેં બેંક લોન લીધી ૧ લાખ ૫૦ હજારની અને B.C. ઉપાડીને પાછા મેં આ બધા પૈસા શેરમાર્કેટ અને M.C.X. માં નાંખ્યા. અને પરિણામ તો એ જ આવ્યું કે **'જાન્યુઆરી ૨૦૧૭ સુધી એ બધા જ રૂપિયા સાફ !'**

ત્યારે મનથી વિચાર કર્યો કે 'હવે આ બધામાં એક રૂપિયો પણ મારે નાંખવો નહિ.'

ઈ.સ. ૨૦૧૭ ઓગસ્ટથી ઈ.સ. ૨૦૧૮ ફેબ્રુઆરી સુધી મેં દક્ષિણમાં જ એક અન્ય શહેરમાં પેપરમીલમાં કામ કર્યું, ત્યાં મારી પોસ્ટ + પગાર બંને વધ્યા.

ઈ.સ. ૨૦૧૮ ફેબ્રુઆરી સુધીમાં મને વધુ પગારવાળી મેનેજર પોસ્ટની ઓફર મળી. એ જગ્યા મેં વધુ પગાર માટે પહેલા છોડી દીધેલી, પણ તેઓ મને પાછા બોલાવતા હતા. મેં એ ઓફર સ્વીકારી, પણ બીજી કંપનીમાં જ્યારે જોડાયેલો, ત્યારે મીનીમમ ૪૫ દિવસ રોકાવાનો ટાઈમ Fix કરેલો, એ મેં પાળ્યો નહિ. અને પાછો મારી મૂળ નોકરીની જગ્યાએ પહોંચી ગયો.

ઈ.સ. ૨૦૧૮ જાન્યુઆરીથી ઈ.સ. ૨૦૧૯ સુધી મેં એ કંપનીમાં સખત મહેનત કરી અને કામમાં રીઝલ્ટ મળ્યું પણ ખરું, અમારી આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ રહી હતી. પણ કંપનીમાં લેબર પ્રોબ્લેમ ચાલુ થઈ ગયો, અને ૨૪ કલાક જો કંપની ચાલે, તો કામમાં ઘણી જ તકલીફો આવવા લાગી. આમ પણ ગરમીની ઋતુમાં આ તકલીફ હોય જ, પણ આ વર્ષે એ પ્રોબ્લેમ વધારે જ હતો, એમાં રોજેરોજની શેઠ લોકોની માથાકુટ થવા લાગી. રોજની મારી ડ્યુટી ૧૩ કલાકની હતી... અને જેમ કામદાર માણસો પરેશાન થઈને શરાબ પીવા લાગે, ગુટખા ખાવા લાગે, તેમ હું પરેશાન થઈને મારી જૂની આદત પ્રમાણે શેરબજાર તરફ વળ્યો. મમ્મીને મારી આદતની ગંધ આવી ગઈ, એમણે મને ના પાડી કે **'આટ-આટલી માર ખાધી છે, હવે નવી માર ખાવાની આ ઉંમરે બિલકુલ તાકાત નથી.'** પણ તો ય મેં બેંકમાંથી રૂા. ૫ લાખની લોન લીધી, અને મમ્મીને એ રીતે આશ્વાસન આપ્યું કે 'ગાંધીધામમાં તો આપણે લોકો પાસેથી પૈસા લીધેલા, અહીં આપણે બેંક પાસેથી લોન લઈએ છીએ, અને એ દર મહિને આપણા પગારમાંથી કપાતા જશે. એના માટે આપણે માથે કોઈ બોજો આવવાનો નથી.'

# ૧૪ – ખોટાઓની સંગતમાં

અને ગુરુદેવ ! આ ગધેડાએ = મેં પાછો એ જ શેરમાર્કેટ નામના કાદવમાં કુદકો માર્યો અને ઈ.સ. ૨૦૧૯ના અંત સુધીમાં તો એ ૫ લાખ રૂા. સાફ !

ઈ.સ. ૨૦૨૦માં જાન્યુઆરીમાં મેં એક ભાઈને ખોટા કારણો બતાવ્યા, અને એમની પાસેથી મેં ૨ લાખ ઉધાર લીધા. **જૂઠ બોલવું-માયા કરવી...** આ બધું મારા માટે ડાબા હાથનો ખેલ બની ગયો હતો. એ ભાઈ સાથે મારે કંપનીના કારણે પરિચય થયો હતો. મારી પોસ્ટ + મારી વાતો... આ બેના કારણે એમણે મારા ઉપર વિશ્વાસ મૂકીને રૂા. ૨ લાખ આપ્યા.

બસ, હું પહેલાની માફક ટોપી ફેરવતો થઈ ગયો, પૈસા માટે કોઈ ને કોઈને પકડતો, જૂઠી વાતો કરતો અને પૈસા લેતો, લોકો વ્યાજ મેળવવા મને પૈસા આપતા. મારો પગાર ૮૦ હજાર હતો, એટલે એમાંથી અમારા ત્રણના નોર્મલ ખર્ચા બાદ પૈસા તો બચતા જ હતા. મારે બીડી-સિગારેટ-શરાબ આવા કોઈ વ્યસન ન હતા, મિત્રવર્ગ પણ ન હતો કે એમના સાથે મુવી-હોટેલ-ફરવા વગેરેના ખર્ચા થાય... આ બધામાંથી હું મુક્ત હતો, જીવન સાદું હતું, એટલે ઘણા ઓછા ખર્ચામાં પતી જતું. એટલે વધતા પૈસામાંથી હું વ્યાજ તો ચૂકવી દેતો, પણ ઓરીજીનલ દેવું ચુકવવું મારા માટે શક્ય ન બન્યું.

આમ કરતા કરતા ઈ.સ. ૨૦૨૨ જાન્યુઆરી સુધીમાં મારા માથે પાછુ રૂા. ૧૧ લાખનું દેવું થઈ ગયું. હવે બધા લેણદારો પૈસા માંગતા હતા, વ્યાજ નહિ, પણ એમની મૂળ રકમ માંગતા હતા. હું ફસાયો, સાચું બોલી ન શક્યો... અને એ વખતે એક ખોટા માણસનો મને પરિચય થયો, અને એણે મને ખોટી યુક્તિ બતાવી.

એ ખોટા માણસે મને કહ્યું કે 'તું તારી કંપનીના નામના ખોટા બિલ બનાવ, અને ટ્રાન્સપોર્ટ વાળા પાસેથી એડવાન્સના નામે પૈસા લઈ લે, એમાં કંપનીને નુકસાન નહિ થાય, અને તારું કામ થઈ જશે.'

પહેલા તો મેં કંપની સાથે ધોખો કરવાની ના પાડી, પરંતુ રોજેરોજ લેણદારોનું પ્રેશર વધતું જ ગયું, એટલે મેં એ ખોટો રસ્તો અપનાવવાનો નિર્ણય કર્યો.

હકીકત તો મને આજે સમજાય છે કે **'ખોટી ઈજ્જત બચાવવાના ચક્કરમાં લેણદારોને સાચી વાત ન કરવી, એમાં તત્કાળ શાંતિ, પણ લાંબે ગાળે નુકસાન છે.**

**એના બદલે સાચી હકીકત બતાવી જ દેવી, કદાચ થોડી ગાળો સાંભળવી પડે, કદાચ માર ખાવી પડે. પણ એ પછી શાંતિથી જીવન જીવી શકાય....**

મેં પેલો ખોટો રસ્તો, શોર્ટ કટ લઈ લીધો, પૈસા કમાયો, અને જેને જેને પૈસા ચુકવવા જરૂરી હતા, એમને ચુકવી દીધા.

આટલી હદ સુધી થયા પછી પણ હું અટક્યો હોત તો ? પણ, ના. હું હજી પણ એ જ સપનાઓની દુનિયામાં જીવતો હતો. કોઈ ન માને, પણ આ સત્ય છે, ‘હું પાગલ જ હતો’ એમ ચોક્કસ કહી શકાય.

# ૧૫ – ટોપી ફેરવી

મારે પાછી બેંકલોન લેવી હતી. પણ મારો જૂનો બેંક ક્રેડીટ રેકોર્ડ તો ખરાબ જ હતો. એટલે બજાજ વગેરે મોટી બેંકો લોન આપવા તૈયાર ન હતી. પણ મારા નીચે, કામ કરતા જે સ્ટાફના માણસો હતો, તેઓને તો બેંકલોન મળી શકતી હતી. કેમકે એમની ક્રેડીટ બિલકુલ પણ ખરાબ ન હતી. એટલે મેં મારા નીચે કામ કરતા બે માણસોને લાલચો આપી. ઉંધી-ચત્તી વાતો કરી લોન લેવા માટે તૈયાર કર્યા અને બજાજ ફાઈનાન્સમાંથી એમણે રૂા. ૫ લાખ અને ૭૦ હજારની લોન ઉપાડી, એમાંથી મેં કેટલાક પૈસાથી જૂના દેવા ચુકવ્યા અને બાકી બધા પૈસા નાંખ્યા શેરમાર્કેટમાં ! અને થોડા જ ટાઈમમાં પાછા એ બધા પૈસા સાફ ! **શેર માર્કેટ એવો દરિયો છે કે એમાં નદીનું મીઠું પાણી ગમે એટલું નાંખો, એ બધું એમાં ક્યાં સમાઈ જાય એ ખબર જ ન પડે, એટલે કે આપણા નાંખેલા લાખો-કરોડો રૂપિયા શેરમાર્કેટમાં સ્વાહા થઈ જ જાય.**

મેં નવા ઘરાક ગોતવાના ચાલુ જ રાખ્યા, જેઓ પોતાના નામથી લોન લે, અને મને પૈસા આપે, અને હું એ બધાને સપનાઓ દેખાડું કે **'તમારા આ પૈસાના હું બમણા-ત્રણ ગણા કરી દેખાડીશ.'**

મારું દુર્ભાગ્ય કે મને આવા ઘરાકો મળી જ રહેતા હતા... આજે મોંઘવારી છે, મોજશોખ બધાને પસંદ છે... એટલે બધાને જલ્દી પૈસા જોઈએ છે અને વધારે જોઈએ છે. એટલે અમારા જેવાની લાલચો રૂપી જાળમાં એ બધા જલ્દી ફસાઈ જાય છે.

આ બાજુ મેં ખોટા બિલ કરી કરીને જે પૈસા ઉપાડ્યા હતા, એ ચુકવવા માટે પૈસા ન હતા, તો વચ્ચે જે માણસ હતો, એણે ટાઈમ ખેંચવા માટે મને કહ્યું કે 'તું હજી મોટી રકમના બિલ બનાવ....' અને મેં પણ પાગલની જેમ એની વાતનો સ્વીકાર કર્યો અને આમ કરીને પાંચ મહિના ખેંચી નાખ્યા. અને એ મહિનાઓમાં મેં જે પૈસા લીધેલા, એ બધા આ ખોટા બિલની આવતી રકમથી ચુકવતો ગયો, પણ વચલા માણસે ટ્રાન્સપોર્ટને પૈસા ચુકવ્યા નહિ અને ઈ.સ. ૨૦૨૨ ઓક્ટોબરમાં પેલા ટ્રાન્સપોટરે કંપનીમાં ફોન લગાડીને કહ્યું કે, **'તમારી કંપનીએ અમને રૂા. ૮ લાખ ૬૫ હજાર ચુકવવાના છે....'** અને એ ખોટા બિલો વોટ્સઅપ પર કંપનીને મોકલાવી આપ્યા.

આ મેટર મારા ડીપાર્ટમેન્ટમાં આવતો હતો, એટલે મારા ડીપાર્ટમેન્ટમાં

ઈન્કવાયરી આવી, બિલ બનાવવાનું કામ તો મારું જ હતું. મારે હવે એ વાત સ્વીકાર્યા વિના છૂટકો ન હતો, અને મેં એ વાત સ્વીકારી. પરંતુ જેટલા બિલ પકડાયા, એની જ ભૂલ સ્વીકારી, ભૂતકાળના બિલોની વાત છૂપાવી રાખી, કેમકે એના પ્રુફ ન હતા. હું ત્યારે પણ ઘણું ખોટું બોલ્યો, મારી નોકરી બચાવવા માટે સખત પ્રયત્ન કર્યો, પેલા વચલા માણસે પણ મને વાયદો આપ્યો કે 'એ બધા પૈસા બે મહિનામાં ચુકવી દેશે.' અને મેં પણ ટ્રાન્સપોટર સાથે ડાયરેક્ટ વાત કરી, ટાઈમ ખેંચવા પ્રયત્ન કર્યો.

મેં કંપનીના મારા શેઠને વિનંતિ કરી, 'આવી ભૂલ પાછી નહિ થાય' એમ વિશ્વાસ આપ્યો. ૩ મહિનાની મુદ્દત માંગી, શેઠ પણ માની ગયા અને નોકરીમાંથી મને કાઢ્યો નહિ....

આ બધા સમય દરમ્યાન મેં હજી સ્ટાફના બે માણસોને પટાવીને બેંકલોન કઢાવી.

ઈ.સ. ૨૦૨૨માં લગભગ જુલાઈમાં મને કોઈકે મટકાનો ચટકો લગાડ્યો. અને મેં એમાં ઝંપલાવી દીધું. **'રાતોરાત બધા પૈસા કવર કરી લખપતિ બની જવું અને નોકરી છોડી દેવી'** એવા તુક્કાઓ મનમાં આવતા જ રહેતા, મારું મન હવે નોકરીમાં-કામમાં લાગતું ન હતું. મારું મહિનાનું વ્યાજ ચુકવવાનું એટલું વધી ગયું કે મારો આખો પગાર પણ એ વ્યાજ ચુકવવામાં ઓછો પડતો. એટલે જ તો ગમે ત્યાંથી, ગમે તેને ચડાવી-પટાવીને પૈસા લેતો, હું ન અટક્યો, ન જ અટક્યો..

# ૧૬ - નવી યોજના

મેં નવી યોજના વિચારી, મોટી બેંકો મને લોન ન આપે, પણ નાની લોકલ બેંક તો મને લોન આપે, અને મેં એ રીતે લોન લેવી ચાલુ કરી, એ લોનથી મારી જૂની બેંકમાં મારા ક્રેડીટ રેકોર્ડને સારું બનાવી દીધું, અને અહીં દર મહિને લોન ભરવા માટે નવી નવી લોન લેતો જ ગયો. આ આખું વિષચક્ર ચાલતું જ રહ્યું.

જે વચલા માણસની વાતો ઉપર ચડી જઈને મેં કંપનીના ખોટા બિલો બનાવેલા, એણે ઈ.સ. ૨૦૨૩ માર્ચ સુધીમાં ટ્રાન્સપોટરને રૂા. ૫ લાખ ચુકવી દીધા, અને મને કહ્યું કે, 'મારે કાર લેવી છે, તો તું તારા નામે કારલોન લઈને મને આપ ને ! હું પછી ચુકવી દઈશ.'

બળદના જેવી બુદ્ધિ મારી, હું પોતે જ દેવાના પહાડ નીચે દબાયેલો હતો, તો ય એની વાતમાં આવી જઈને મેં ક્યાંકથી કારલોન લઈને એને આપી, મેં મારી કંપનીમાં મહેનત કરી કરીને મારું નામ કમાયેલું, પણ એ માણસની અનીતિના કારણે મારું નામ ખરાબ થયેલું, એ જ માણસ માટે મેં મારા નામે કારલોન લઈને આપી.

એણે ત્રણ-ચાર મહિના તો કારલોન બરાબર ભરી, પણ પછી એણે પણ કોઈપણ કારણસર લોન ભરવામાં ગરબડ કરવા માંડી. લોન તો મારા નામે હતી, એટલે લોન આપનાર બેંક તો મને જ પકડે ને ! અને હું કંપનીમાં નોકરી કરતો હતો, જો હું લોન ન ભરું, તો પાછું નામ મારું ખરાબ થાય, કંપનીનો શેઠ મને કાઢી મૂકે, એટલે હું ગમે તે પાસે પૈસા લઈ લઈને લોનના હપ્તા ભરતો, અને પેલા વચલા માણસ પાછળ લોનના હપ્તા માટે પાછળ પડતો.

# ૧૭ - મને ટોપી પહેરાવી

મારા પાપકર્મો હજી વધારે ઉદયમાં આવ્યા, મને હજી એક નવો માણસ મળ્યો, એણે બિલ્ડરને બિલ્ડીંગ બનાવવાના કેસમાં પૈસા આપ્યા હતા, અને બિલ્ડરે એક ફ્લેટ એના માટે રાખ્યો હતો, એ માણસે કહ્યું કે, **'તું આ ફ્લેટ તારા નામ પર રજીસ્ટર કરી લે, તને બદલામાં રૂા. ૭ લાખ વાપરવા આપીશ.'** એના વાયદામાં હું ખેંચાયો, મારા માથે તો ભૂત સવાર જ હતું કે **'મારે પૈસા જોઈએ.'**

ઈ.સ. ૨૦૨૩ એપ્રિલમાં મેં મારા નામ પર બેંકલોન લઈને એ ફ્લેટ મારા નામ પર રજીસ્ટર કરાવ્યો. પણ જે ૭ લાખ રૂપિયા મને મળવાના હતા, એ મને આજ સુધી મળ્યા નથી. એ માણસ ટોપી ફેરવવાવાળો નીકળ્યો, એ મને કહે કે,'મારા પૈસા બીજા પ્રોજેક્ટમાં ફસાયેલા છે. એ છૂટા થશે, તો હું તને તરત પૈસા આપીશ.' એના આ વાયદાના પણ છ મહિના થયા, પણ પૈસા હજી સુધી નથી મળ્યા.

આ બાજુ ઈ.સ. ૨૦૨૩ **મે** માં મેં મારો બેંક-રેકોર્ડ સારો થઈ ગયો હોવાથી મેં બેંકની ધીમા લોનની અપડેટનો ફાયદો ઉપાડી રૂા. ૫ લાખ ૫ હજારની નવી લોન લીધી. એ વખતે તો મને એમ જ કે 'મને રૂા. ૭ લાખ આવવાના છે.' (એમણે આલોચના ડિસેમ્બર ૨૦૨૩માં લખી છે, એટલે એપ્રિલથી માંડીને ડિસેમ્બર સુધીમાં છ-આઠ મહિના થઈ ગયા છે. માટે એમણે ઉપર લખેલ છે કે 'છ મહિના થઈ ગયા, હજી એ રૂા. ૭ લાખ આવ્યા નથી.')

બસ, મારા મન ઉપર અહંકાર સવાર થઈ ગયો. ૫.૫ લાખ મારા હાથમાં લોનના અને ૭ લાખ આવવાનો વાયદો.... **'સાડા બાર લાખ રૂપિયા મારી પાસે છે'** એ ભૂત મારા મગજ પર સવાર થઈ ગયું. **અને જે પરમોપકારી શેઠે મને ભાવનગર બાદ પહેલીવાર નોકરી રાખેલો, પાછો બોલાવીને બીજી વાર રાખેલો, બિલની ગરબડોમાં હું રંગેહાથ પકડાઈ જવા છતાં માફી આપીને ત્રીજી વાર રાખેલો, એમની નોકરી છોડી દેવાનો મેં નિર્ણય લઈ લીધો. કંપનીના કામમાં મારા શેઠ સાથે ઝઘડા પણ થયા, કંપનીને એ વખતે ઘણા પ્રોબ્લેમ પણ હતા, અત્યારે મારે કંપનીને સહાય કરવાની જરૂર હતી, એ શેઠે મારા આખા પરિવારને આત્મહત્યા કરતા બચાવ્યો હતો... પણ હું બન્યો કૃતઘ્ન ! બધા ઉપકારો ભૂલી ગયો અને એક ઝાટકે મેં ત્યાંની નોકરી છોડી દીધી. એ સમય હતો ઈ.સ. ૨૦૨૩ જુન મહીનો ! પૈસાનું ગુમાન મારા મન પર સવાર થઈ ગયું.**

# ૧૮ – અવનતિના રસ્તે

મારો પાપોદય હજી પણ વધ્યો કે આટલું બધું થવા છતાં એ જ કંપનીના ચાર માણસો મારી પાસે આવ્યા **'આપણે પાંચ જણ ભાગીદારીમાં શેરમાર્કેટનો ધંધો કરીએ.'**

એમને પૈસાની લાલચ, અને તેઓ એમ સમજ્યા કે, **'હું શેરમાર્કેટમાં માસ્ટર છું.'** બિચારાઓને ભાન જ નહિ કે **'હું શેરમાર્કેટમાં પૈસા ખોવામાં માસ્ટર છું.'**

અમે પાંચ જણ ભેગા મળી ઈ.સ. ૨૦૨૩ ઓગસ્ટમાં શેરટ્રેડીંગ ચાલુ કર્યું. માર્કેટમાંથી ગમે તે રીતે બધાએ ૧૪ લાખ રૂપિયા ઉપાડ્યા, એ બિચારા ચારેય જણે મારા ઉપર ભરોસો મુકીને આટલો મોટો સ્ટેપ લીધો અને મને પૂરી સત્તા આપી. કેમકે **'હું શેરમાર્કેટનો વર્ષોનો અનુભવી હતો ને !'** મને ત્યારે તો લાગતું હતું કે **'હવે મારું બધું વ્યવસ્થિત થઈ જશે અને ૪-૫ મહીનામાં તો બધું દેવું પૂરું કરી દઈશ અને એક સારી લાઈફ સ્ટાઈલ જીવીશ.'**

પણ અહીંયા પણ મારી લાલચે બધું જ સત્યાનાશ કરી નાંખ્યું, એક પગલું ભરવાને બદલે મેં એક સાથે દસ પગલાં ભરી લીધા. રાતોરાત પૈસાદાર બનવાના ચક્કરમાં મેં મોટા રીક્સ લેવાના ચાલુ કરી દીધા. અને દર મહિને હિસાબ માટે જયારે અમે પાંચ ભેગા મળતા, ત્યારે એમને થોડું પ્રોફીટ કે લોસ બતાવી દેતો અને ટાઈમ ખેંચ્યા કરતો.

આ બાજુ મારી પાસે મારી લોનના હપ્તા ભરવાના પૈસા ન હતા, તો મેં ચારમાંથી કોઈને કહ્યા વિના ૩ લાખ ૨૦ હજાર મારા એકાઉન્ટમાં ટ્રાન્સ્ફર કર્યા અને મેં એનાથી મારા હપ્તા ભર્યા.

પેલો ટ્રાન્સપોર્ટર મારી કંપની પાસે પાછો બિલની ફરિયાદ લઈને ન જાય, એ માટે એને ૨.૨૫ લાખ ચુકવી દીધા, આ પૈસા આમ તો પેલા વચ્ચેના માણસે જ ભરવાના હતા, આ તો બિલ મેં ફાડેલા, એ અપરાધ મારો ગણાયો હતો, માટે મેં ચુકવેલા.

વચ્ચેના માણસે મને વાયદો કર્યો કે, **'આ ૨.૨૫ લાખ અને કારનો ૩૫ હજારનો હપ્તો એ બંને હું તને આપીશ'** પણ એ **'આપું છું, આપું છું'** કરતો રહ્યો, અને આજ સુધી એની પાસેથી એક પણ રૂપિયો પાછો ન આવ્યો.

અમે જે પાંચ જણે ધંધો ચાલુ કરેલો, એમાં મારી લાલચ અને અણ આવડતના

કારણે ૬ લાખ અને ૪૦ હજારનો લોસ થયો, અને મેં જે મારા ખાતામાં ખાનગી રીતે ટ્રાન્સ્ફર કરેલા, એ ૩ લાખ અને ૨૦ હજારનો લોસ પણ થયો હતો. આમ ૯ લાખ ૬૦ હજાર એટલે કે ૧૦ લાખ સુધીનું નવું નુકસાન અમારા પાંચ જણ વચ્ચેના ધંધામાં થયું, જેનો જવાબદાર એકમાત્ર હું જ હતો.

# ૧૯ – ભાંડો ફૂટ્યો

ઈ.સ. ૨૦૨૩ના નવેમ્બર માસમાં શરૂઆતમાં આ ભાંડો ફુટ્યો અને મારા ભાગીદારોને મેં સાચો હિસાબ આપ્યો, મારે આપવો પડ્યો.

અમારા પાંચમાં એક તો પોલીસમાં હોમગાર્ડ હતો, અને એની મોટા અધિકારીઓ સાથે સારી ઓળખ હતી, એણે મારા પર, પૈસા આપવા માટે પ્રેશર કર્યું, અને છેવટે મેં દરેક ભાગીદાર નામે તે તે રકમના ચેક લખી આપ્યા, અને એમને કહ્યું કે, 'તા. ૧૦ નવેમ્બર પછી તમને આ ચેકના પૈસા મળશે, એ પહેલા ચેક પાસ નહિ થાય.'

આમ, એ ચારને તો મેં થોડાક ઠંડા પાડ્યા, તેઓને આશા બંધાણી કે, **'આ ભવ્ય ૧૦ નવેમ્બર સુધીમાં કંઈ પણ વ્યવસ્થા કરી લેશે.'**

નવેમ્બર મહિનાના મારા નામના બેંકના બધા જ હપ્તા પાછા ગયા હતા, કેમકે મારા ખાતામાં પૈસા જ ન હતા એટલે એ લોન આપનારાઓ ભડકવાના જ હતા, અને આ ૧૦ નવેમ્બર પછી વટાવવા માટે આપેલા રૂા. ૧૦ લાખના ચેકનું તો મોટું સંકટ માથે જ હતું.

# ૨૦ – આત્માહત્યા ફરી

અને મેં વર્ષો પહેલાનો નિર્ણય પાછો લીધો, **'આત્મહત્યાનો....'**

આટલા વખતથી મમ્મી-પપ્પા મારી ઉથલ-પાથલ મુંગા મોંઢે જોઈ રહ્યા હતા, મારી ગાંડી-ઘેલી વાતોને સાંભળી રહ્યા હતા, અને સહન પણ કરી રહ્યા હતા. એટલે મારી આત્મહત્યાની વાત સાંભળી એમને આંચકો જરૂર લાગ્યો, પણ આશ્ચર્ય ન થયું, મેં એમને ગમે તે કરીને મનાવ્યા અને છેવટે સગા મા-બાપે મને રજા આપી કે, **'જા, બેટા ! હવે બીજો કોઈ રસ્તો જ નથી બચ્યો, તો તું કરી લે આત્મહત્યા....'**

આ કોઈ દેશ માટે શહીદ થવા જતાં દીકરાને દેશપ્રેમી મા-બાપ આશિષ આપે કે **'દેશ માટે મરી ફીટજે'** એવા આશીષ ન હતા, પરંતુ મજબૂરીના કારણે ૬૦ વર્ષની ઉંમરે ઉભેલા મા-બાપની આત્મહત્યા માટેની હા હતી.

આમ છતાં ઘરમાં આઠ દિવસ સુધી તો આના માટે ખૂબ ચર્ચા ચાલી કે, **'શું કરવું ? આત્મહત્યા કરવી ? કે ભાગી જવું ? કે પોલીસમાં કમ્પ્લેઈન કરવી કે મને મારી નાંખવાની ધમકી આપવામાં આવે છે ?'**

છેવટે નિર્ણય થયો કે, **'તારીખ નવ નવેમ્બર ઈ.સ. ૨૦૨૩ના દિવસે ટ્રેનના પાટા નીચે સુઈને મરી જવું.'**

પણ એ વિચારથી ગભરાટ ચાલુ થઈ ગયો, અને એ વિચાર માંડી વાળ્યો અને નક્કી કર્યું કે, 'ના, આત્મહત્યા નથી કરવી, પણ અહીંથી ભાગી છૂટીએ.' વર્ષો પહેલા જેમ વતન છોડીને ભાગેલા, એમ અત્યારે પાછા ભાગીને ક્યાંક જવાનું નક્કી કર્યું.

આત્મહત્યા કરવાનો વિચાર અને એને કેંસલ કરવાનો વિચાર કેમ આવ્યો ? એ બંનેના કારણ પણ બતાવી દઉં. મારા નામની રૂા. ૧ કરોડની એલ.આઈ.સી. હતી. મને થયું કે **જો હું મરી જાઉં, તો મારા મમ્મી-પપ્પાને રૂા. ૧ કરોડ મળે, તો દક્ષિણનું દેવું અને ગાંધીધામનું દેવું પણ ચુકવાઈ જાય અને એ પછી જે ૩૦-૪૦ લાખ બચે, એમાં મારા મા-બાપ શાંતિથી જીવી લે. હું જીવતા તો એમને સુખ ન આપી શક્યો, કમ સે કમ મરતા મરતા તો એમને સુખ આપું.** એટલે આત્મહત્યાનો નિર્ણય કર્યો, પણ તપાસ કરતા ખબર પડી કે, **'જો સ્વાભાવિક મૃત્યુ હોય, તો જ કંપની ૧ કરોડ રૂપિયા આપે, કોઈ આત્મહત્યા કરે, તો એનો તો ૧ રૂપિયો પણ ન મળે.'**

એટલે એ નિર્ણય કેન્સલ કરવો પડેલો.

અમે આઠ દિવસ એ જ વિચારેલું કે, **'હું કેવી રીતે મરું, તો એ નોર્મલ મૃત્યુ જ સાબિત થાય. એ આત્મહત્યા સાબિત ન થાય....'** પણ એવો કોઈ ઉપાય ન મળ્યો. બધામાં ડર હતો કે **'આ વાત પકડાઈ જ જશે'** અને એટલે આત્મહત્યાનો વિચાર કેન્સલ કરેલો.

સાહેબજી ! અમારી કેવી પરિસ્થિતિ હશે કે મારા મમ્મી-પપ્પા મને ખૂબ જ ચાહતા હોવા છતાં મારી આત્મહત્યા માટે પણ તૈયાર થયા, અને એના માટેના ઉપાયો શોધવાની ચર્ચામાં પણ ઈન્વોલ થયા. કેટલી હદ બહારની એમની મજબૂરી હશે ને !

# ૨૧ – દક્ષિણ છોડ્યું

અને ઈ.સ. ૨૦૨૩ તારીખ ૮ નવેમ્બરની રાત્રે અમે દક્ષિણ છોડી દીધું. અમે પાછા ભાગ્યા અને પહોંચ્યા મુંબઈ ! પણ આ વખતે માત્ર પહેરવાના બે-ત્રણ જોડી કપડા અને બધા માટે એક એક થાળી-વાડકા-ગ્લાસનો સેટ અને ઠંડી સામે રક્ષણ મેળવવા થોડીક ચીજો... આ બધાની બેગ ભરીને અમે બધા ત્યાંથી ભાગી ગયા. આખું ભરેલું ઘર છોડીને ભાગી જવા માટે મેં મારી મમ્મીને બીજી વાર મજબૂર કરી. એ બિચારી દર વખતે મને કહેતી જ કે, **'ભવ્ય ! આ અનીતિનો રસ્તો બંધ કર. કંઈ ન મળે, તો ચાલશે.... આપણે લુખો રોટલો ખાઈશું.'** પણ હું સ્વાર્થી અને બુદ્ધિ વિનાનો બારદાન ! મેં મમ્મીની એક પણ વાત પર ધ્યાન આપ્યું ન હતું.

અમે મુંબઈ તા. ૯ નવેમ્બરના પહોંચ્યા, અમારું કોઈ ન હતું, અમે સાવ અનાથ હતા. અમારા ત્રણેય જણના ફોન અમે બંધ કરી દીધા. કેમકે લેણદારો ફોન કરે, કે પોલીસકેસ કરે, તો પોલીસ મોબાઈલ ટ્રેસ કરીને અમને પકડી શકે. એનાથી બચવા માટે અમે બધાના મોબાઈલ તોડી નાંખ્યા. એટલે કોઈ અમારો કોન્ટેક્ટ ન કરી શકે, પોલીસ પણ અમને પકડી ન શકે.

પણ હવે શું ? રહેવું ક્યાં ? ખાવું શું ? અમે ફુટપાથ પર રહેનારા ભિખારીની જેમ સાવ જ અનાથ-બેઘર હતા.

પપ્પાએ કઠોર દીલે કહેવું પડ્યું, **'ભવ્ય ! તારા સાથે રહીને-ફરીને અમે સહન કરી કરીને થાકી ગયા. હવે આપણે અલગ થઈ જઈએ તો સારું. ભગવાનની કૃપા હશે અને ભવિષ્યમાં પાછું મળવાનું લખાયું હશે તો મળશું.....'**

મમ્મી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

મારા પણ આઘાતનો પાર ન હતો.

**'તમે ક્યાં જશો ?'** મેં માંડ માંડ પૂછ્યું.

આંસુ સાથે પપ્પા બોલ્યા, **'વીરપુર સૌરાષ્ટ્ર બાજુ જશું, સાંભળ્યું છે કે ત્યાં ઘણા વૃદ્ધાશ્રમો છે, કોઈક વૃદ્ધાશ્રમમાં અમને આશરો મળી જશે. તો અંતિમ જીંદગી ત્યાં જ વિતાવી દેશું....'**

**'પણ કોઈ વૃદ્ધાશ્રમવાળા તમને નહિ રાખે તો ?'** મેં ધડકતા હૃદયે સવાલ પૂછ્યો.

**'તો ?'** પપ્પા બોલ્યા, **'ફૂટપાથ પર બેસી ભીખ માંગીને પેટ ભરીશું.... આજે પણ ભારતના લાખો ગરીબો એ જ રીતે જીવે જ છે ને !'**

એ કટાક્ષમાં બોલતા ન હતા, એમના શબ્દોમાં સચ્ચાઈ હતી, હકીકતમાં એ રીતે જીવવાની તૈયારી હતી.

૩૫ વર્ષનો જુવાનજોધ દીકરો જીવતો હોવા છતાં મા-બાપ ઘરડાઘરમાં કે છેવટે ફુટપાથ પર રહેવાની તૈયારી સાથે દીકરાથી છૂટા પડતા હતા, અને દીકરો મા-બાપને પ્રેમ કરતો હોવા છતાં પણ કશું કરી શકતો ન હતો.

મેં પપ્પાના ચરણોમાં પડી આશિષ લીધા. પપ્પા મને આશિષ આપી રડ્યા. **'દીકરા ! હવે ખોટું પગલું ન ભરતો...'** બસ, એમના ગળે ડુમો ભરાઈ ગયો. એ આગળ કશું જ બોલી ન શક્યા.

મમ્મીના ચરણોમાં પડીને આશીષ લેવા ગયો, મમ્મી મને ભેટી પડીને ફરી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. અમે હવે કાયમ માટે છુટા પડવાના હતા, અને મોબાઈલના સીમકાર્ડ તોડી નાંખ્યા હોવાથી અમારા વચ્ચે કોઈ કોન્ટેક થવાનો ન હતો.

મમ્મીએ ખૂબ પ્રેમ આપ્યો અને ચિંતા સાથે પૂછી જ લીધું કે, **'બેટા ! તું ક્યાં જઈશ ?'**

# ૨૨ – મમ્મી – પપ્પાથી જુદાઈ

અને અચાનક મને **તેલંગાના રાજ્યનું ૧૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થ કુલપાકજી** યાદ આવી ગયું, એ તીર્થની મેં બે વાર યાત્રા કરેલી હતી, એ ભવ્ય પ્રતિમાઓ અને તીર્થનું શાંત વાતાવરણ મને ખેંચવા લાગ્યા અને મેં કહી દીધું **'અત્યારે તો હું કુલપાકજી જઈશ, ત્યાં પ્રભુની ભક્તિ કરીશ, પછી શું ? એ ભગવાન જ જાણે.'**

સાહેબજી ! મારા પપ્પાની ઉંમર ૬૨ વર્ષ છે, અને મમ્મીની ૫૯ વર્ષ ! આ ઉંમરમાં પણ તેઓએ ફક્ત મારા જીવન માટે આવો તકલીફોવાળો રસ્તો સ્વીકાર્યો.

એમની પાસે થોડી રોકડ રકમ હતી, તેઓ એ લઈને સૌરાષ્ટ્ર વીરપુર તરફ ચાલી ગયા, ત્યાં જલારામ બાપાનો ઘણો મહિમા છે... અને હું મુંબઈથી પહોંચ્યો હૈદ્રાબાદ ! અને ત્યાંથી કુલપાકજી જઈ ત્યાં પાંચ દિવસ રોકાયો.

ઈ.સ. ૨૦૨૩ નવેમ્બર તા. ૧૧ થી ૧૫ પાંચ દિવસ હું કુલપાકજીમાં રોકાયો. પ્રભુ માણિક્યસ્વામી એટલે કે મહાવીરસ્વામી ત્યાં બિરાજમાન ! અતિપ્રાચીન મંગલકારી પ્રતિમા ! મૂળનાયક પ્રભુ આદિનાથ ! એ પાંચ દિવસોમાં જ દિવાળી આવી, તા. ૧૪ના દિવસે દિવાળી ! મેં ૧૪-૧૫ અને બેસતા વર્ષે એ ત્રણ દિવસ ત્યાં મંગલ માટે આંબિલ કર્યા. ખૂબ ભાવ સાથે પ્રભુભક્તિ કરી, **'સાચો રસ્તો પમાડજે'** એવી તીવ્રભાવથી પ્રાર્થના કરી અને મારી પ્રાર્થના અને મારા આંબિલ સક્સેસ થયા.

ત્યાંથી પાછો હૈદ્રાબાદ આવ્યો, પૂ. દેવર્ષિ મ. મળ્યા. એમને બધી વાત કરી, એમણે મને વિજયવાડા ઉપધાનમાં જવા કહ્યું, મેં મારા મોબાઈલ માટે નવો સીમકાર્ડ લઈ લીધેલો, પણ એ મોબાઈલ હૈદ્રાબાદ જ મૂકી દઈને હું પહોંચી ગયો વિજયવાડા ! દેવર્ષિ મ. એ લખેલી ચિઠ્ઠી આપને આપી. આપ મારા માટે શું વિચારો છો ? એ તો ખબર નથી, પણ આપના આટલા દિવસના પ્રવચનોથી મારામાં મારા દોષોનો સ્વીકાર કરવાની હિંમત આવી, અરિહંતધામથી મૂળનાયક શંખેશ્વર પાર્શ્વનાથ દાદા પાસે જઈ પ્રાર્થના કરી અને આલોચના લખવાનો પ્રારંભ કર્યો, અને સાચા ભાવો સાથે, કોઈપણ જાતની માયા-કપટ વિના મેં આ ૧૨૦ પેજ લખ્યા છે. એમાં મારી જીંદગીનું સૌથી ખતરનાક પાપ આ છે, જેણે મારી અને મારી સાથે ઘણા બધા લોકોની જીદંગી બરબાદ કરી છે.

ઉપધાનમાં બધા સાથે વાત નથી કરતો, કોઈપણ સાથે ભળતો નથી. કદાચ કંઈક વાત નીકળે અને મારે જવાબ આપવો પડે, તો એમ જ કહું છું કે, **'અમે સૌરાષ્ટ્રના છીએ....'** બસ ! દક્ષિણની વાત કહેવામાં ડર લાગે છે. કેમકે ક્યાંક કોઈપણ રીતે વાત લીક થઈ જાય, અને દક્ષિણના તે-તે સ્થાનની વાત જાહેર થાય, તો ત્યાંના લેણદારો મારી પાસે પૈસા માંગવાના જ, અને એ તો મારી પાસે છે જ નહિ ને ! કોઈ વધારે પૂછે તો કહું છું કે, **'મહારાષ્ટ્રમાં નોકરી કરતો હતો, એ મેં છોડી દીધી છે. હવે ઉપધાન પતે, એ પછી કંઈક નવું ચાલુ કરીશ.'**

**'અમે સૌરાષ્ટ્રના છીએ'** એ જે કહું છું, એ મારી વાત તો સાચી જ છે. અમે મૂળ સૌરાષ્ટ્રના જ છીએ. પણ અમારું સૌરાષ્ટ્રમાં કંઈ જ નથી, અને હવે તો અમારું ક્યાંય પણ કંઈ પણ નથી. ન સૌરાષ્ટમાં કે ન દક્ષિણમાં ! માટે જ કોઈપણ ગ્રુપમાં જોઈન્ટ થવામાં સખત ડર રહે છે, કેમકે વાતો વાતોમાં લોકો તો પૂછવાના છે જ કે **'શું કામ-કાજ ? પરિવારમાં કોણ કોણ ?'** તો એ બધાનો સાચો જવાબ આપવાની તાકાત નથી. અને મારે હવે ખોટું બોલવાનું પાપ કરવું નથી.

**મારા આ ખોટું બોલવાના કારણે ભાવનગરમાં અને દક્ષિણમાં ઘણા બધા મધ્યમવર્ગના સ્ત્રી-પુરુષો, અમુક સગા-સંબંધીઓ, અમારું ઘર ખરીદનાર અને કેટલાય મિત્રો આર્થિક નુકસાન અને માનસિક ત્રાસ સહન કરી રહ્યા હશે, એ તો ભગવાન જાણે....**

**કેટલાંક માણસો એ લાલચમાં નહિ પણ મને મદદ કરવાના હેતુથી મને સજ્જન માની પોતાનાં નામ પર બેંકમાંથી કે વ્યાજે પૈસા આપનારા પાસેથી પૈસા ઉપાડી મને આપ્યાં. હવે એ બધાં કેવી રીતે એણનાં પૈસાનાં હફતા અને લીધેલી રકમ ભરશે ? બિચારાં દર મહિને જ્યારે હફતો ભરવાની તારીખ આવશે ત્યારે મને કેટલીય ગાળો અને હાય આપતા હશે ?**

# ૨૩ - જુઠના સંસ્કારો

મને યાદ આવે છે કે, નાનપણથી જ મારામાં જૂઠું બોલવાના સંસ્કાર હતા, એ મને આ મોટા થયા પછી પણ હેરાન કરનારા બન્યા. નાનપણમાં મેં કોઈ જાતના વિશેષ કારણ વિના ઘણા જૂઠ બોલ્યા છે. સ્કુલમાં ગોટી અને ચમચાની રેસ હતી. ચમચામાં ગોટી રાખીને ભાગવાના અને ગોટી ન પડે એ ધ્યાન રાખવાનું, એમાં પહેલા આવવાનું.... આમાં મેં ભાગ લીધેલો. પણ હું જીત્યો ન હતો. સ્કુલે ભાગ લેનારા બધાને બે-બે ચોકલેટ આપેલી. મેં ઘરે જઈને મમ્મીને કહ્યું કે, **'મારો બીજો નંબર આવ્યો છે, એટલે મને બે ચોકલેટ મળી છે. જેનો પહેલા ત્રણમાં નંબર નથી, એમને કશું નહિ.'** આના દ્વારા મેં એ બતાવ્યું કે, **'મારો નંબર આવેલો છે'** પણ આ બતાવવાની જરૂર જ ન હતી. મારો નંબર આવ્યો પણ ન હતો. બસ, મારી મોટાઈ બતાવવા મેં આ પાપ કરેલું.

સ્કુલમાં ગણિતની નોટબુક ક્યારેય ભરી જ નહિ, અને ઘરે બતાવી પણ નહિ. જ્યારે ફાઈનલ પરીક્ષા પહેલા સ્કુલના ટીચરને એ બુક બતાવવાનો વારો આવ્યો, ત્યારે ગભરાયો, મમ્મીને આજીજી કરી અને મમ્મી પાસે ભરાવીને એ બુક જમા કરાવી. બાકી આખું વર્ષ તો કંઈ ને કંઈ ખોટું બોલતો જ રહ્યો.

સ્કુલ-કોલેજમાં ચોરી કરી અને કરાવી, એક વર્ષ તો એવું કર્યું કે, સ્કુલમાં પાછળ બેસતા છોકરાને પરીક્ષામાં પુછતો, એ મને સાચા જવાબ આપતો, અને એ પૂછે તો હું જાણી જોઈને ખોટા જવાબ આપતો, જેથી એના માર્કસ ઓછા આવે.... મારાથી આગળ ન વધે.

પાંચમા ધોરણમાં ભણતો હતો, ત્યારે ટ્યુશનનું જે ટાઈમટેબલ હતું, એમાંથી મેં ઈંગ્લીશ વિષય જ કાઢી નાખ્યો. ઘણા દિવસ પછી ટ્યુશનના ટીચરે ટાઈમટેબલ જોયું, અને ઈંગ્લીશ ન દેખાતા એ ભડક્યા, મેં તરત કહ્યું, **'તમારી નાની છોકરીએ આ ગરબડ કરી છે.'**

સાહેબજી ! શેરબજારમાં મેં બીજું તો શીખ્યું નથી, પણ ગાળો બોલવાનું શીખી લીધું. પૈસા તો ગુમાવ્યા, પણ ખાનદાની પણ ગુમાવી, જ્યારે શેરબજારમાં ઈન્વોલ ન હોઉં, ત્યારે મને કોઈ વાંધો નથી આવ્યો, પરંતુ શેરમાર્કેટમાં જોડાયો હોઉં અને એમાં મને નુકસાન થયું હોય, તો પછી ગુસ્સામાં ગમે તેવી ગંદી ગાળો પણ બોલી દઉં.

દક્ષિણમાં જ્યાં નોકરી કરતો, ત્યાં કંપનીમાં લેબરવર્ગ લગભગ બધા જ ગાળો બોલે, અરે ! મા-દીકરી, બહેન ઉપર પણ ગમે તેવી ગાળો બોલતા આ જીભ અચકાતી ન હતી. મેં લોકોને મા-બેન ઉપર પણ ગાળો સહજતાથી આપી છે અને એ સિવાયની ગાળો તો ચણા-મમરાની જેમ બોલ્યો છું.

દક્ષિણમાં અમારી અસલિયત છુપાવવા બોલ્યો હતો કે, **'અમે પુનામાં રહેતા હતા.'** દક્ષિણથી હું આ બાજુ ભાગીને આવ્યો, મારી બીજી બધી વસ્તુ તો બેંક જમા કરશે, પણ એ સિવાય મારી ઉપર દેવું રૂા. ૪૫ લાખની આસપાસ છે, એ બધું છોડીને ભાગ્યો છું. આના કારણે સામાન્ય પગારવાળા અનેક માણસો મુશ્કેલીમાં આવી ગયા છે, અને ખબર નહિ કે તેઓ કેવા કેવા કષાયોમાં ફસાયા હશે.

# ૨૪ - કષાયોની કાલિમા

ગુરુદેવ ! હું એટલો બધો નીચ છું કે મેં મારા મા-બાપ-દાદી ઉપર પણ ભારે કષાયો કર્યા છે. **શરૂઆતમાં મારી અને પપ્પાની શેરમાર્કેટ માટે વાત થતી અને એમાં જ્યારે મતભેદ પડતા, ત્યારે હું ગુસ્સામાં આવીને એવી ખરાબ ભાષા બોલી દેતો કે તે હતાશ થઈ જતા અને પછી હતાશ થઈને બેસી જતા. મેં એમની સલાહ લગભગ માની જ નથી, અને કદાચ આ જ કારણે હું સાવ નિર્ધન બનીને બેઠો છું....**

**શેરબજારની વાતોમાં એવી ગરમાગરમી પપ્પા સાથે અમુકવાર થઈ કે 'મેં એમને ગુસ્સામાં આવીને નાનો ધક્કો માર્યો છે અને એ ખુરશી પર બેઠેલા, ત્યારે ખુરશીને પણ ધક્કો આપ્યો છે.'**

મારા દાદી ૭૦ વર્ષે ગુજરી ગયા, છેલ્લી ઉંમરમાં એમને ગુડાનો સખત પ્રોબ્લેમ હતો અને ડોક્ટરોના ઈંજેક્શનની સાઈડ-ઈફેક્ટના કારણે એમના મગજ ઉપર અને દાંત ઉપર અસર થઈ. આ બધાને કારણે એક તો એ લગભગ પથારીવશ બન્યા અને એમનું વર્તન વિચિત્ર બની ગયું. એમાં ભૂલ એમની ન હતી, પણ સાહેબ ! **હું અધમ, અધમાધમ....**

**મેં મારી દાદીને ગુસ્સામાં આવીને માર્યા છે.**

**મેં મારી દાદીના બંને હાથ ગુસ્સામાં પાછળની બાજુ બાંધ્યા છે.**

**મેં મારી દાદીને સળગતા મીણથી ચટકા આપવાનું ઘોર પાપ પણ કર્યું છે.**

**મેં એવો વિચાર પણ કર્યો કે,'દાદીને, બહારગામ જતી ટ્રેનમાં એકલા બેસાડી દઈએ, પછી એમનું જે થવું હોય, તે થાય.'**

મેં એમની સાથે સારું વર્તન નથી કર્યું, અને એકવાર ગાંધીધામમાં જ એ ત્રાસી-કંટાળી જઈને બોલેલા કે, **'તારું નખ્ખોદ જશે, ધનોત-પનોત નીકળી જશે'** અને એમનો એ શ્રાપ મારા જીવનમાં આજે એકદમ સાચો પડી ગયેલો દેખાય છે.

**મેં મારી દાદીને ગંદી ગાળો પણ આપી છે. તા. ૧૭ જુલાઈ ૨૦૧૬ના આઠ દિવસ પૂર્વે એમને ઉંઘવાની જગ્યાએ જ પેશાબ થઈ જતો, ત્યારે મને એમ લાગ્યું કે,'એ પ્રમાદના કારણે જાણી જોઈને આવું કરે છે. એમને ઉઠવાનો કંટાળો આવે છે ને, એટલે પથારીમાં પેશાબ કરી નાંખે છે' અને મેં ગુસ્સામાં એમના ઉપર હાથ પણ ઉઠાવ્યો.**

**અરે, હું અધમાધમ ! શરીરમાં કોઈ અંગના દુઃખાવાને મટાડવા માટે જંગલી લસણનું જે તેલ આવે છે, એ તેલના ટીપા મેં મારી દાદીમાની આંખોમાં નાંખ્યા. કેવી ક્રૂરતા ! પરમાધામિતા ! હલકાઈ ! આ બધું તા. ૧ જુલાઈથી તા. ૧૨ જુલાઈ સુધીની વાત સમજો.**

**મેં ક્યારે પણ દાદીને સમાધિ મળે એવો જોરદાર પ્રયત્ન ન કર્યો. એમને પ્રેમની હુંફ ન આપી, કદાચ મેં એમને પ્રેમની હુંફ, સમાધિ આપવાનો પ્રયત્ન કર્યો હોત તો એમને શારીરિક અને માનસિક પરિસ્થિતિ અંત સમયની કદાચ જુદી હોત.**

તા. ૧૭ જુલાઈ ઈ.સ. ૨૦૨૩ રવિવારનો દિવસ હતો. એમણે નવકાર ગણ્યા. પપ્પાના હાથે (એમના દીકરના હાથે) પાણી લીધું, પીધું અને એમનું મોઢું ખુલ્લું રહી ગયું. એમણે એ જ અવસ્થામાં પ્રાણ છોડી દીધા. કદાચ છેલ્લા ચાર દિવસ અમે એમને સમાધિ આપી શક્યા.

મેં આ જે ઘોર કર્મો કર્યા છે, એ મારે ક્યારે અને ક્યા સ્વરૂપમાં ભોગવવાના આવશે એ વિચારીને જ મને ડર લાગે છે.

મ.સા. ! મારા જીવનનો ભંયકર ધોખો મેં મારા મમ્મી સાથે કર્યો છે. એણે મારા પર ભરોસો કરી ગાંધીધામમાં મારા બનાવેલા પ્લાન પોતાના પરિચિતોને બતાવ્યા, અને મમ્મીના કહેવાથી પણ ઘણા લોકો જોડાયા અને છેવટે બધાને નુકસાન થયું, એટલે મમ્મીનું નામ પણ બગડ્યું.

મમ્મીએ પોતાના પિયરમાં અને પછી સાસરામાં દિવસ-રાત સખત મહેનત કરી છે. એણે મને હંમેશા કહ્યું છે કે, **'મહેનતની સુકી રોટલી મળશે, તો પણ ચાલશે. પણ માથું ઉંચું કરીને જીવવાનું.'** પણ મારા ઉપર અંધ વિશ્વાસ અને અંધપ્રેમ... એણે મારી બધી વાત સાચી માનીને સપોર્ટ કર્યો....

**ગુરુદેવ ! છેલ્લા ૫૫ દિવસથી હું મારા મા-બાપથી વિખૂટો પડેલો છું. તા. ૧૦ નવેમ્બર ૨૦૨૩ મુંબઈમાં અમે અંતિમવાર સાથે હતા, ત્યાંથી અલગ પડ્યા. આજે આ લખું છું, ત્યારે તા. ૫ જાન્યુઆરી ૨૦૨૪નો દિવસ છે. બસ ! દસ દિવસ બાદ મારી મોક્ષમાળા છે. પણ મારા મા-બાપ ક્યાં છે ? એ મને ખબર જ નથી.**

**ગુરુદેવ ! આજે ખબર પડે છે કે શું માતાનો પ્રેમ હતો ? મારા માટે એનો જીવ કેટલો બળતો હતો ? પણ હવે પસ્તાવો કરીને પણ શું મળશે ?**

**મને ફરી મારા મા-બાપ મળશે ? ખબર નથી, ક્યારે મળશે ? ક્યાં મળશે ? ખબર નહીં. મળશે કે નહીં ? એ જ મોટો પ્રશ્ન છે.**

# ૨૫ - ધર્મની આશાતના

મેં ધર્મની ઘોર આશાતના પણ કરી છે. યુવાનીમાં એકવાર હું અને મારા જૈન જૈનતર મિત્રો સાથે ચાલતા હતા, અને એમાં ધર્મ અંગે કંઈક ચર્ચા નીકળી, તો વચ્ચે મેં તિરસ્કાર સાથે કહી દીધું કે, **'જૈનધર્મ is in my foot'** જૈનધર્મ તો મારા પગમાં છે. એ વખતે જૈનમિત્રોએ મને આવું બોલવાની ના પણ પાડી, પરંતુ હું મારી વાત પર મજબુત હતો. મને આમાં લેશ પણ ભૂલ ન લાગી. આજે આ ભૂલનો અહેસાસ થાય છે.

હું દક્ષિણમાં ફેકટરીમાં કામ કરતો હતો, સારી પોસ્ટ પર હતો, ત્યારે એક તરફ મારા ખોટા ધંધા ચાલુ હતા, તો બીજી તરફ બધામાં 'હું સારો છું, ધાર્મિક છું.' એવી છાપ ઉભી કરવા બે સારા કામ કરતો. (૧) રોજ રૂા. ૫૦ની રોટલી ગાયોને આપતો, (૨) અને રોજ સવારે પ્રક્ષાલપૂજા કરવા જતો. મારી આ ધાર્મિકતા જોઈને પણ કેટલાકો મને સારો માની મારી જાળમાં ફસાયા, આજે તો તેઓ મારા કારણે ધર્મને ગાળો દેતા હશે, ધર્મ ઉપર દ્વેષ કરતા હશે.

અરિહંતધામમાં ગીત સાંભળ્યું, **'મા-બાપ કો વંદના'** એનાથી આખું ઉંધું મેં મારા જીવનમાં મા-બાપ સાથે કર્યું. એમની જીવનપથારીમાં કાંટાઓ જ ભરી દીધા છે. તો પણ મને સો ટકા વિશ્વાસ છે કે એ બંને આટલું બધું થવા છતાં આજે પણ મને કોસતા નહિ હોય અને **'મારું હિત થાઓ'** એ જ ચિંતા કરતા હશે.

આજે લગભગ ૫૫ દિવસથી એમનાથી દૂર છું. **'એમનું શું થયું ?'** એના કોઈ સમાચાર નથી. આજે એમની કિંમત ખબર પડે છે. જ્યારે અમે સાથે હતા, ત્યારે મેં મમ્મીની દીલથી પ્રશંસા કરી હોત કે, 'મમ્મી ! તું સુપર મમ્મી છે, કેટલું સારું જમવાનું બનાવે છે. મને મારી બધી વસ્તુઓ રેડી પોઝીશનમાં આપે છે. 'હું ક્યારે ક્યાં જઈશ ?' એ પ્રમાણે કપડા અને ભોજન બધું તૈયાર રાખે છે. હું ખાવાની જે કોઈ પણ ફરમાઈશ કરું, એ તું ગમે તે રીતે એડજસ્ટ કરીને બનાવી આપે છે. ભલે તારી પાસે ટાઈમ ન હોય.'

આવા કોઈ વખાણ મેં નિયમિત કરીને મારી મમ્મીના અંતરને રાજી રાખ્યું હોત, તો એમની કૃપાથી મારી બુદ્ધિ આટલી હદે તો ભ્રષ્ટ ન જ થાત.

આ તો કેવું હતું, **મને પગાર વગરની નોકરાણી મળી ગઈ હતી મારી મમ્મી !**

**એની ન કોઈ મોટી ઈચ્છાઓ, ના કોઈ મોટી ડીમાંડ ! આ બધું અત્યારે સમજાય છે કે જ્યારે કુદરતે મને એમનાથી દૂર કરી દીધો છે. મેં જગતનો સૌથી નિઃસ્વાર્થ પ્રેમ મારા પાપે ખોયો.**

બસ, સાહેબ ! આપની સામે મારા જીવનની પુસ્તક ખુલ્લી કરી દીધી છે. હવે આપ મને આનું પ્રાયશ્ચિત્ત આપો... મને શુદ્ધ કરો. વચ્ચે સુરત ગયો હતો, ત્યારે પૂ. આ.રત્નસુંદરસૂ.ના મુખે બ્રહ્મચર્યનું વ્રત લઈ લીધું હતું. એમને તો કદાચ યાદ પણ નહિ હોય.

# ૨૬ - માં - બાપનો વિરહ

**'આ ભવમાં મને મારા માતા-પિતા પાછા મળશે કે કેમ ?' એ મોટો પ્રશ્ન છે. સાહેબજી ! તમે જ કહો ને, શું મને મારા માતા-પિતા પાછા મળશે ? આજે મારા જીવનનું સૌથી શ્રેષ્ઠ કામ મેં કર્યું છે. ઉપધાન ! નજીકમાં જ માળા છે. પણ મારી મોક્ષમાળામાં તો કોઈ જ નથી. ભલે, કોઈ ન હોત, તો ચાલત....પણ માત્ર મારા માતા-પિતા પણ હોત ને, તો ય મારી ખુશીનો પાર નહિ રહેત. તેઓ પણ પોતાના આ શેતાન દીકરાને સંત જેવો બનેલો જોઈને કેટલો આનંદ પામત... પણ એ તો હવે શી રીતે શક્ય બને ?.....**

સાહેબજી ! આપનો ખૂબ ઉપકાર કે આપના પ્રવચનો સાંભળી મને ભવ-આલોચના કરવાનો ભાવ જાગ્યો, અને મેં મારા તમામ ગુપ્ત પાપો આપની સામે રજુ કરી દીધા. બસ, હવે મને શુદ્ધ કરો, પવિત્ર કરો, પાવન કરો....' (અહીં ભવ્યની આલોચનાના અમુક ભાગ પૂર્ણ થાય છે.)

# ૨૭ – પ્રાયશ્ચિત

વાંચતા વાંચતા ક્યારે મારી આંખો ભીની થઈ ગઈ, મને ખબર જ ન પડી. એની આલોચનામાં તો અન્ય પણ પાપો લખેલા છે, ૧૨૦ પેજ છે, પણ મેં જે જરૂરી બાબતો હતી, એ અહીં બતાવી છે. **એના અસત્ય બોલવાના નાનપણના નાના સંસ્કારોએ મોટપણમાં મોટા સંસ્કારોને જન્મ આપી સ્વ-પરનુકસાન કરનાર મહામૃષાવાદી બનાવી દીધો.**

**અને એમણે કરેલી હિંસા, ક્રૂરતા, ધર્મની નિંદા...આ બધાએ એને સતત નિષ્ફળતાઓ અપાવી, એને એટલો બધો દુઃખી કરી નાંખ્યો કે એ પોતે જ મરવા માટે તૈયાર થઈ ગયો.**

છતાં મને એના ઉપર દ્વેષ ન આવ્યો, એના બદલે પ્રભુવચનો ઉપર અને પ્રભુક્રિયા ઉપર અતિશય બહુમાનભાવ વધ્યો. **એણે પાંચ દિવસ કુલપાકજીમાં ભક્તિ કરી, ત્રણ આંબિલ કર્યા, ૪૫ દિવસ ઉપધાનની ઉત્તમ ક્રિયાઓ કરી અને ૪૫ X ૪= ૧૮૦ કલાક વ્યાખ્યાન તો મીનીમમ સાંભળ્યા. આ બધાનો કેવો પ્રભાવ કે એમણે સરળભાવે પોતાના તમામે તમામ પાપોનો સ્વીકાર કરી લીધો. આત્મા કર્માધીન છે, અને જિનવચન + જિનોક્તક્રિયા કર્મનાશક છે.** આ બંને વસ્તુ મારા મનમાં દૃઢ રીતે બેઠી જ હતી, એ વધુ દૃઢ થઈ ગઈ.

મેં ભવ્યને બોલાવ્યો. ખોળામાં મસ્તક મૂકીને એ રડી પડ્યો, એના માથે પ્રેમથી હાથ ફેરવીને મેં એટલું જ કહ્યું, **'પ્રભુના શરણે આવ્યો છે, તો પ્રભુ તારી રક્ષા કરશે.'** વગેરે આશ્વાસનના શબ્દો કહ્યા. એની આલોચના લખેલી નોટના છેલ્લા પાના પર પ્રાયશ્ચિત લખી આપ્યું.

**પ્રાયશ્ચિત્ત :**

શક્ય હોય તો

(૧) આજીવન રાત્રિભોજન બંધ (મહિનામાં પાંચ દિવસ છૂટ....)

(૨) શરાબ + પરસ્ત્રી + જુગાર + સટ્ટો + શેરબજાર + મટકા.... આ બધું બંધ...

(૩) સિગરેટ + હુક્કા વગેરે બંધ....

(૪) પરસ્ત્રીગમન બંધ....(એમણે તો સંપૂર્ણ બ્રહ્મચર્ય લઈ લીધું છે, એ મને પછી ખબર પડી.)

(૫) ખરાબ વીડીઓ જોવા જ નહિ.

(૬) રોજ એક સામાયિક (મહિનામાં ૫ દિવસ છૂટ)

(૭) રોજ પૂજા. (મહિનામાં ૫ દિવસ છૂટ)

(૮) રોજ જૈનમીડિયા વીડીઓ જોવા (મહિનામાં ૫ દિવસ છૂટ)

(૯) દર મહિને પાંચ આંબિલ

(૧૦) સામાયિકમાં સારા સારા પુસ્તકોનું વાંચન

(૧૧) ગુરુવંદન + ચૈત્યવંદન + સામાયિકસૂત્ર આ ત્રણના સૂત્ર + અર્થ + વિધિ.....

ભવ્ય નાના નાના માણસોના પૈસા ચુકવી દે, તો સારુ.... એવી અમારી ઈચ્છા હતી અને આજે પણ છે. પણ ભવ્ય પાસે પૈસા જ નથી, તો ચુકવે શી રીતે ? આજે દુનિયામાં અનેક લોકો અને જૈનો ૨૦૦-૫૦૦ કરોડ રૂપિયામાં ઉઠે છે, અને પૈસા ચુકવતા નથી. અને છતાં સમાજમાં બિન્ધાસ્ત જીવે છે.... પણ એ ખોટું છે. અને અમારા પાસે માર્ગદર્શન લેવા આવેલા ભવ્યને અમે એ ખોટો રસ્તો બતાવવા માંગતા નથી. એની કુલ દેવાની રકમ તો ૧ કરોડ પણ નથી થતી. એમાં ય નાના માણસોને ચુકવવાની રકમ તો ૫૦ લાખ આસપાસ પણ માંડ થતી હશે.

# ૨૮ – ચક્રો ચાલું

**'ભવ્ય ! તારા કોઈ પરિચિત ખરા ? કે જેમને તારા માતા-પિતાનો ખ્યાલ હોય ?'** મેં ભવ્યને આ વાત પૂછી, કેમકે મારા મનમાં એક ભાવના જાગી કે આજે ભવ્યની રોમરોમથી એક જ ભાવના બાકી બચી હતી કે **'મારા મા-બાપ મને મળે. તેઓ મારી મોક્ષમાળા જુએ....'**

'મ.સા. ! આટલા વર્ષોના મારા કારનામા બાદ કોઈ સગાઓ સગા રહ્યા નથી. એટલે જ તો દક્ષિણથી પાછા ફર્યા, ત્યારે અમે કોઈની મદદ માંગી નથી. મમ્મીના ફુઆએ અમને દક્ષિણમાં સેટ કરી આપ્યા, પણ એમને પણ હવે તો કંઈ જ ખબર નહિ હોય... છતાં એમનો નંબર મોઢે છે, કદાચ મમ્મી-પપ્પાએ એમનો કોન્ટેકટ કર્યો હોય....'

ભવ્યએ નંબર આપ્યો, ફુઆ સાથે વાત થઈ. એ ખાનદાન માણસ હતા, પણ એમની પાસે પણ ભવ્યના મા-બાપનો કોઈ કોન્ટેક્ટ ન હતો. એટલે એમની પાસેથી મા-બાપનો કોન્ટેકટ થવાની આશા તો મરી પરવારી....

'ભવ્ય ! મમ્મી-પપ્પાએ એક્ઝેટ કઈ જગ્યાએ જવાનું કહેલું, એ પાકું યાદ છે ?'

'હા સાહેબજી ! મેં આપને લખેલ છે ને કે તેઓ સૌરાષ્ટ્રમાં વીરપુર જવાનું કહેતા હતા, ત્યાં અનેક વૃદ્ધાશ્રમ છે. જલારામબાપાનો મહિમા ઘણો છે. ત્યાં રોજ હજારો લોકોને મફત ખાવાનું આપવામાં આવે છે, સદાવ્રત ચાલે છે. મમ્મી-પપ્પાને આ વાત મનમાં આવી જ હશે કે 'કમ સે કમ પેટ ભરવાનું તો મળી રહેશે. પૈસા તો પાસે છે નહિ, જો બીજી જગ્યાએ જઈશું, તો પૈસા વિના ખાશું શું ? અહીં તો સદાવ્રતમાં એક પણ રૂપિયો લેતા નથી. ત્રણ ટાઈમ ભોજન આપે છે....'

હવે એ પછી તેઓ ત્યાં ક્યાં હશે ? એ તો ખબર નથી. પણ એ જ એરીયામાં હોવા જોઈએ...

**સાહેબજી ! મારા કારણે આજે મા-બાપને સદાવ્રતનું ખાઈને જીંદગી પૂરી કરવાનો વારો આવ્યો.... અરેરે !'**

મેં એને આશ્વાસન આપ્યું, હવે આ રીતે રડવાથી કંઈ વળવાનું ન હતું.

**અરિહંતધામના અરિહંત પરમાત્મા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાને અમને આ ૩૫ દિવસોમાં અનેક પુણ્યકાર્યો કરાવી આપ્યા હતા.** અશક્ય લાગતી વસ્તુઓ શક્ય બનાવી આપી હતી... અજૈન સ્ટાફે નવકાર શીખ્યો હતો. વાડા સાફ કરનારા પાલિતાણાની બહેનોએ આયંબિલ શરૂ કર્યા હતા, અજૈન સ્ટાફમાં ઉપવાસના દિવસે એક કલાક પ્રવચન થતું હતું... આવી તો અનેક બાબતો હતી.

# ૨૯ - રાજકોટ જાગ્યું

રાજકોટ વીરપુરથી નજીકનું શહેર ! અને રાજકોટના અમારા ઘણા પરિચિત શ્રાવકો હતા, કેમકે દસ વર્ષ પહેલાં ત્યાં પૂ.આ.હંસકીર્તિસૂરિજી મ.ની નિશ્રામાં અમે ચાતુર્માસ કરેલ હતું. મેં ત્યાંના એક શ્રાવક પ્રીતેષભાઈને ફોન કરાવ્યો, ટુંકમાં બધી વાત જણાવી, અને એક કામ સોંપ્યું કે ત્યાંના વૃદ્ધાશ્રમોમાં તમે ચેક કરો કે, **'નવેમ્બરમાં ૧૦ તારીખ પછી ત્યાં કોઈ વૃદ્ધ કપલ આવેલ છે.'**

એ તરત આ કામ માટે તૈયાર થઈ ગયા, એમણે ફોટો મંગાવ્યો, પણ ભવ્ય પાસે ફોટો ન હતો, તો સામાન્ય વર્ણન કરી દીધું કે, **'ભાઈની ઉંમર ૬૩ વર્ષ છે, પતલા છે, હાઈટ પણ નોર્મલ છે, માથા પર વાળ નથી અને બહેનની ઉંમર ૫૯ વર્ષ છે. એ પણ પતલા છે... વગેરે.'**

બીજા દિવસે એમનો ફોન આવ્યો,'મ.સા. ! બે ત્રણ વૃદ્ધાશ્રમોમાં તપાસ કરી, પણ ક્યાંય ૧૦ નવેમ્બર પછી આવેલ કોઈ કપલ મળ્યું નથી. છતાં જો એમનો ફોટો મને મળે, તો મારા માટે કામ સરળ થઈ શકે.'

ભવ્યે કહ્યું,'હૈદ્રાબાદમાં મારો જે ફોન પડેલો છે, એમાં ફોટો છે' અમે હૈદ્રાબાદમાં બિરાજમાન પૂ.પં.વિરાગરત્નમ.નો કોન્ટેકટ કરી એમના દ્વારા ત્યાં એ મોબાઈલમાંથી મા-બાપનો ફોટો કઢાવડાવી પ્રીતેષભાઈને મોકલાવ્યો. આ બધું કામ મારા શિષ્ય મુનિ હેમગુણ વિ. ખૂબ ચિવટ સાથે અને ઉત્સાહથી કરતા હતા. અમે પ્રીતેષભાઈને કહ્યું, **'એક-બે વાર ફરી ટ્રાય કરો, કદાચ મળી જાય.'**

પણ આશા ઘટતી જતી હતી.

આ બાજુ ઉપધાનમાં મારું પ્રવચન ૧૦.૩૦ થી ૧૨.૦૦ રહેતું હતું. બાકીના પ્રવચનો અન્ય મહાત્માઓ આપતા હતા. હું પ્રવચન આપવા ગયો હતો. હેમ મ. અને ભવ્ય આ બાજુ ઉપાશ્રયમાં બેસીને શું કરવું ?' એ વિચારણામાં હતા.

મને પાકું યાદ નથી, પણ ઉપધાનનો લગભગ ૩૭-૩૮મો દિવસ હશે. મોક્ષમાળાનો દિવસ એકદમ નજીક આવી ગયો હતો. ઉપધાન કઠિન સાધના છે. ઉપવાસ + નીવી સતત કરવા, છેલ્લે ૮ આંબિલ + ૨ ઉપવાસ કરવા... રોજ ચાર દેવવંદન, બે પ્રતિક્રમણ, ૧૦૦ ખમાસમણા, ૧૦૦ લોગસ્સ... આ બધું આસાન નથી હોતું. એટલે ઉપધાનમાં પ્રવેશ કરનારના મનમાં એક ડર તો હોય જ છે કે, **'અમારાથી**

**આ પૂર્ણ થશે કે નહિ ?'** અને લગભગ દરેક ઉપધાનમાં અમુક વિકેટ પડતી જ હોય છે, પણ હવે તો કિનારે આવી ગયા હતા. હવે તો બધા નિર્ભય બની ગયા હતા, પોતાની મોક્ષમાળાની રાહ જોતા હતા, બધાને ખુશી હતી. સંસારીઓને સ્વજનોનો રાગ ઘણો હોય, એટલે બધા સ્વજનોને બોલાવવા, એમની વ્યવસ્થા કરવી... એ બધામાં દરેક જણ લાગી પડ્યા હતા. પોતાના માટે નવા નવા કપડા પણ બનાવી દીધા હતા. છેલ્લા દિવસોમાં દરેક આરાધક અત્યંત ખુશ હતા.

# ૩૦ - આરાધકો ખુશ

આ ૩૭-૩૮મા દિવસનું મારું પ્રવચન ચાલતું હતું, બધા સારી રીતે સાંભળતા હતા. કુલ ૧૧૦ મોક્ષમાળા હતી, એ પ્રવચનમાં જ એક નવી જાહેરાત કરી,'જુઓ, મેં તમને અત્યાર સુધી એમ કહેલું કે **'મોક્ષમાળા અંદરના હોલમાં થશે'** અને ત્યાં તો હજાર લોકો જ માંડ બેસી શકે, એટલે તમે બધા ચિંતામાં હતા ને કે **'આ તો આખો પ્રોગ્રામ બગડી જશે, બરાબર....?'**

બધાએ હા પાડી.

તો હવે તમે કોઈ ચિંતા ન કરતા. મેં નિર્ણય બદલી દીધો છે, તમારા બધાની મોક્ષમાળા તીર્થના વિરાટ મેદાનમાં થશે. જ્યાં ચાર હજાર લોકો એકદમ સરળતાથી બેસી શકે. હવે તો તમારે જેટલા પણ મહેમાનોને બોલાવવા હશે, તમે બોલાવી શકશો, અંદર હોલમાં જો હોત તો દરેકને મહેમાનો માટેના ૧૦-૧૦ પાસ જ આપવાના હતા, બાકીના મહેમાનોને મેદાનમાં એલ.ઈ.ડી. સ્ક્રીન પર જોવાનું હતું. એમાં તમને ચિંતા હતી કે 'ક્યા ૧૦ મહેમાનને પાસ આપવા ? કેમ કે કોઈને ખોટું લાગે તો ?' પણ હવે એ બધી ચિંતા કાઢી નાંખો, કેમકે હવે પાસ- વ્યવસ્થા જ નથી.

**'બોલો, શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની જય.'** બધા આરાધકોએ એકદમ ખુશી સાથે જય બોલાવી. એમની કક્ષા પ્રમાણે એમની ચિંતા એકદમ સાચી હતી. એક એક જણને અંગત સ્વજનો ઢગલાબંધ હોય, એમાંથી માત્ર ૧૧ને જ ચુંટવાના હોય, તો અતિ ભારે પડે. જે અગિયારને લે, એ સિવાયના બાકીનાને દુઃખ થવાની શક્યતા પાકી. એમને ખોટું લાગે, અપમાન લાગે, એમના સંબંધો બગડે.... આ બધું જોવું જરૂરી તો હતું જ. અને તેઓ મારા પહેલાના નિર્ણય માટે મને કશું કહી શકતા ન હતા, પણ એમની ચિંતા હું સમજી ગયો હતો. વળી ૧૧૦ માળાનો માહોલ હોલમાં ન શોભે, એ વિશાળ મેદાનમાં શોભે, એ પણ હકીકત જ છે. આ બધું વિચારીને મેં આ નિર્ણય બદલેલો, અને એના કારણે તમામ આરાધકોની ખુશી અતિશય વધી ગઈ.

મને તમામના ફેસ પર એ પરમ પ્રસન્નતા દેખાતી હતી.

**આઠ-દસ દિવસ બાદ મોક્ષમાળા...**

**દરિયો તરી ગયાનો અહેસાસ.....**

**ચાર હજાર માણસો વચ્ચે માળા...**

**હવે તો ખુલ્લા મેદાનમાં માળા....**

**સ્વજનોને ખોટું લાગવાની સંપૂર્ણ ચિંતામુક્ત માળા...**

માટે જ બધાના મુખેથી સહજ રીતે જ પ્રભુના નામની જય નીકળેલી.

આ માહોલ જોઈને હું પણ અત્યંત ખુશ થઈ ગયેલો, આરાધકોની યોગ્ય ખુશીમાં મારા જેવાને તો ખુશી થાય, થાય ને થાય જ.

# ૩૧ - માહોલ પલટાયો

પણ એ જ વખતે મને ભવ્ય યાદ આવ્યો, એનો આંસુ નીતરતો ચહેરો યાદ આવ્યો, એના ચહેરા પરની બેચેની યાદ આવી, મારા જિનશાસનના શ્રાવક-શ્રાવિકા કોઈ સદાવ્રતમાં ગરીબાઈના કારણે મફતનું ખાવાનું લેતા નજર સામે દેખાવા લાગ્યા, કદાચ ક્યારેક કોઈકે એમનું અપમાન પણ કર્યું હશે કે 'હજી ભોજનને વાર છે, રાહ જુઓ...' અને પેટમાં સખત ભૂખ હોવા છતાં દીન બનીને રાહ જોતા એ મા-બાપ નજર સામે દેખાવા લાગ્યા, એ વૃદ્ધોને દિવસમાં ત્રણ-ચાર વાર ચા પીવાની ટેવ હશે જ, પણ હવે તો એક ટંક પણ એમને ચા માટે આજીજી કરવી પડતી હશે... એ યાદ આવ્યું.

અને ૧૧૦ આરાધકોની ખુશીની સાથે સાથે એ એક આરાધકની પીડા મને સતાવવા લાગી. મારો ચહેરો બદલાયો, મારા શબ્દો બદલાયા.... મારા આંસુનો પ્રવાહ બદલાયો...

**'સાંભળો, આરાધકો !'**

**તમે બધા આજે ખૂબ ખુશ થયા, અને એટલે હું પણ ખુશ થયો.**

**પણ તમને ખબર છે ? જેણે આપણા બધાની સાથે આ ૩૭-૩૮ દિવસ આરાધના કરી છે, જે તમારા બધાની સાથે જ મોક્ષમાળા પહેરવાનો છે, એવો એક આત્મા આપણા બધાની વચ્ચે જ હોવા છતાં એ ખૂબ દુઃખી છે.**

**એ તમારો-મારો સૌનો ભાઈ છે, પણ આપણે બધા ખુશ અને એ અત્યંત દુઃખી... આ વાત મને ખૂબ દુઃખી કરે છે.'**

અને મારી આંખોમાંથી દડ દડ આંસુ વહેવા માંડ્યા. મારો અવાજ રૂંધાઈ ગયો. બધાને સાચી વાત તો ખબર ન હતી, પણ મારા આંસુએ એ બધાને પણ ભીનાભચ કરી દીધા.

**એ કોણ છે ? એ તો અત્યારે નહિ કહું.**

**'એ કેમ દુઃખી છે ?' એ પણ અત્યારે નહિ કહું.**

**બસ, એટલું કહીશ કે 'તમારા બધાની મોક્ષમાળામાં તો કેટલા બધા લોકો આવશે ને ? તેઓ તમને શાતા પૂછશે... પણ આ એક આત્માની મોક્ષમાળામાં કોઈ નહિ આવે, એના સગા મા-બાપ આ દુનિયામાં જીવતા હોવા છતાં પણ તેઓ પણ નહિં પહોંચે....'**

આપણો ભાઈ, આપણી સાથે ૪૫ દિવસ આરાધના કરનાર આપણો ભાઈ

આટલો દુઃખી હોય તો શું આપણે હસી શકીએ ? શું આપણે એના દુઃખમાં સહભાગી ન બનીએ ?'

બધાને થોડી થોડી વાતો સમજાઈ, બધા પોતાના આરાધકના આ દુઃખમાં અવશ્ય દુઃખી બન્યા, પણ **'આ આત્મા કોણ છે ? અને એને આવું દુઃખ કેમ છે ?'** એ જાણવાની તીવ્ર ઉત્સુકતા બધાના મુખ પર સ્પષ્ટ દેખાઈ રહી હતી, બધા ભૂલી ગયા કે **'આપણે તરત વાપરવા જવાનું છે, કેમકે ટાઈમ થઈ ગયો છે...'**

જુઓ, અત્યારે તો બધાએ વાપરવા જવાનું છે, **આ કામ આપણાથી નહિ થાય. આ કામ પરમાત્મા જ કરશે, આજે સાંજે દેરાસરમાં પ્રભુને આપણા એ એક આરાધક માટે પ્રાર્થના કરશું, સાચા ભાવથી પ્રાર્થના કરશું,** હું બધી વાત તો અત્યારે નહીં કરી શકું... પણ જ્યારે જ્યારે જે ઉચિત લાગશે, ત્યારે ત્યારે તે બાબત સૌને જણાવીશ. બસ, **આજે બધાએ દેરાસરમાં સાંજે ભક્તિમાં ખૂબ ભાવ સાથે પ્રાર્થના કરવાની છે.'**

આંસુ ચાલુ હતા, અને પ્રવચન પૂર્ણ કરીને હું પ્રવચન હોલમાંથી નીચે ઉતર્યો, અમારો પ્રવનચ હોલ અને અમારા રહેવાના ઉપાશ્રય વચ્ચે વિશાળ મેદાન ! કમ સે કમ ૨૦૦ ડગલા ! હું ગોચરી માટે ઉપાશ્રય તરફ રવાના થયો.

# ૩૨ - પ્રાર્થનાની તાકત

હું ઉપાશ્રયે પહોંચ્યો, તો બહારના ખુલ્લા પેસેજમાં હેમ મ. + ભવ્ય બેઠેલા હતા, અને એક ગૃહસ્થ શ્રાવક મોબાઈલ સાથે બેઠેલો હતો, મને જોતાની સાથે જ ત્રણેય ઉભા થઈ ગયા. અને એકદમ ખુશ થઈ ગયા, હેમ મ. બોલ્યા, **'ગુરુજી ! ભવ્યના મમ્મી-પપ્પા મળી ગયા છે...'**

**'શું ?'** મારા આશ્ચર્યનો અને આનંદનો પાર ન રહ્યો. ભગવાનને અમે સાંજે ભેગા મળીને પ્રાર્થના કરવાના હતા, પણ જુઓ ને, ભગવાન કેવા કરુણાસાગર છે, કે અમે પ્રાર્થના કરીએ એ પહેલા જ, **અમે માત્ર પ્રાર્થના કરવાનો સંકલ્પ કરીએ ને પ્રભુ આપણી પ્રાર્થનાને સફળ કરી દેતા હોય છે.**

'કેવી રીતે મળ્યા ?' હું પણ ઉત્સુક્તાથી ઉભા ઉભા જ પુછવા લાગ્યો.

હેમ મ. એ વિસ્તારથી વાત કરી...

— આપણે ભવ્યના મમ્મી-પપ્પાના ફોટા મોકલી આપ્યા ને, એટલે કામ સરળ થઈ ગયું. પ્રીતેષભાઈ આજે પાછા નવા વૃદ્ધાશ્રમોમાં ગયા. એમાં હમણા થોડીવાર પહેલા જ એક વૃદ્ધાશ્રમમાં પહોંચ્યા, ત્યાંના મેનેજરને બે ફોટા બતાવ્યા કે, **'આ દંપતી નવેમ્બર ૧૦ તારીખ પછી અહીં આવેલું છે ખરું ?'** પહેલા તો એ મેનેજરે ધ્યાનથી ફોટા જોયા, અને પછી પ્રીતેષભાઈ તરફ શંકાની નજરે જોતા એમણે પૂછ્યું,'તમે એમના કોણ થાઓ છો ?'

પ્રીતેષભાઈને એમના ચહેરા ઉપરથી અને એમણે પૂછેલા પ્રશ્ન ઉપરથી એ જાણી લીધું કે, **'એમને આ કપલ વિશે કંઈક ખબર છે' નહિ તો એ મને આવો સવાલ ન પૂછે.'**

પ્રીતેષભાઈ દેખાવમાં એકદમ સજ્જન માણસ છે, હકીકતમાં પણ સજ્જન છે, ભાષા પણ એકદમ મીઠી છે... એમણે મેનેજરને પ્રેમથી વાત જણાવી કે,'હું તો એમનો કંઈ થતો નથી, પણ એમના દીકરાએ એમની તપાસ કરાવી છે. દીકરો એમની સાથે વાત કરવા માંગે છે...'

મેનેજરને વિશ્વાસ બેઠો, અને એણે કહ્યું કે,'હા ! એ બંને જણ અહીં જ છે. એ અત્યારે ભોજન કરવા બેઠા હશે. એ આવે, પછી તમને મેળાપ કરાવી આપું.'

બસ આટલી વાત થઈ અને અમે એમના ફોનની રાહ જ જોતા હતા અને આપ આવ્યા.

હેમ મ. આટલું બોલ્યા, ત્યાં જ પાસે ઉભેલા શ્રાવકનો મોબાઈલ રણકી ઉઠ્યો. બધાની ઉત્કંઠા એકદમ વધી ગઈ. શ્રાવકે બે જ સેકંડમાં ફોન ઉઠાવી લીધો, અને ઈશારાથી કહ્યું કે, **'પ્રીતેષભાઈ જ છે.'**

**'જુઓ, મ.સા. બાજુમાં છે ? ભવ્ય છે ? અહીં એના મમ્મી-પપ્પા બાજુમાં જ ઉભા છે, ભવ્યને જોવા માંગે છે, તો વીડીઓ કોલ થઈ શકશે ?'**

ભવ્યે મારી તરફ જોયું, મેં આવી પરિસ્થિતિમાં હા પાડી, બંને પરસ્પર જોઈ લે, તો એકદમ ફીક્ષ થઈ જાય.

અને વીડીઓકોલમાં મા-બાપ અને ભવ્ય સામસામે આવી ગયા. આમ તો માત્ર ૫૭ દિવસનું જ અંતર પડેલું, પણ ૫૭ વર્ષ પછી પાછા મળતા હોય, એવી ખુશી ભવ્યના મુખ પર છલકાતી હતી. ભવ્ય રડતો હતો, તો મા-બાપ તો ધ્રુસકે-ધ્રુસકે રડતા જ હશે, એ સીધી જ વાત હતી.

**'ભવ્ય ! તું કેમ છે ?'** માતાનો અવાજ સંભળાતો હતો.

**'મમ્મી ! હું એકદમ મજામાં છું. મમ્મી ! મેં ઉપધાન કર્યા છે, અને ખૂબ સારી રીતે પૂરા થવા આવ્યા છે. મારી મોક્ષમાળા છે. મમ્મી - પપ્પા ! તમે મજામાં છો ને ?'** ભવ્યે પૂછી તો લીધું, પણ પછી એને ભાન થયું કે **મા-બાપ વૃદ્ધાશ્રમમાં રહીને મજામાં શી રીતે હોય ?**

છતાં જવાબ સારો મળ્યો, 'હા ભવ્ય ! અમે અહીં સારી રીતે જીવીએ છીએ. અમને કોઈ તકલીફ નથી. આ સંસ્થા ખૂબ જ સારી છે.'

મેં હેમ મ.ને કહ્યું,'તમે અહીં બધું સંભાળો, હું આરાધકોને આ શુભ સમાચાર આપી આવું....' અને ગોચરી વાપર્યા વિના જ પાછો ૨૦૦ મીટર ચાલીને ભોજનશાળામાં પહોંચ્યો. લગભગ બધા આરાધકો વાપરવા બેસી ગયા હતા, મેં બે મિનિટ માટે બધાને શાંત કર્યા, પીરસવાનું બંધ રખાવ્યું અને મોટા અવાજે જાહેરાત કરી કે 'આપણા બધા માટે આજે આનંદનો દિવસ છે. આપણે જેના માટે આજે સાંજે ભગવાન પાસે પ્રાર્થના કરવાના હતા, એ કામ પ્રાર્થના કરતા પહેલા જ પૂરું થઈ ગયું છે. એ હમણાં જ પૂરું થયું છે. હું વિસ્તારથી તમને પછી જણાવીશ. બસ, એટલું જ કહેવાનું કે હવે આપણે પ્રભુને પ્રાર્થના નથી કરવાની, પણ પ્રભુનો ઉપકાર માનવાનો છે. પ્રભુને Thank You કહેવાનું છે.'

બધાને કંઈ વિશેષ તો ખબર ન પડી, પણ **'ઘણું સારું થયું છે'** એ તો ખબર પડી જ ગઈ. એટલે બધા ખુશ ! હજી સુધી કોઈને એ વાતની ખબર જ ન હતી કે **'કયા**

**આરાધક માટે આ બધી વાતો થઈ રહી છે..'**

હું ગયો પાછો ઉપાશ્રય !

સૌથી પહેલા તો હેમ મ.ને સૂચના કરી કે, **'પ્રીતેષભાઈને કહી દેવું કે મા-બાપને હવે વૃદ્ધાશ્રમમાં ન રાખે. અત્યારે તમારી સાથે જ તમારા ઘેર લઈ જાઓ. પછી આગળ શું કરવું ? એ તમને પછી જણાવીએ છીએ !**

અને હું એકાસણું કરવા બેઠો. દીક્ષા થઈ, ત્યારથી જ નિત્ય એકાસણા કરવાના પૂ. ગુરુદેવે આપેલા સંસ્કાર આજે ૨૯ વર્ષ પસાર થયા પછી પણ કામ આવે છે. ખૂબ જ મજા આવે છે એકાસણામાં !

એક વાત તો ભૂલી જ ગયો, આજે જ્યારે મેં વ્યાખ્યાનમાં ભવ્યની વાત નામ વિના શોર્ટમાં કરેલી, ત્યારે બધાની સાથે હેમ મ.ના સગા ભાઈ કુણાલભાઈ પણ રોઈ પડેલા. એમણે આખા ઉપધાન અઠ્ઠમ + નીવી... અઠ્ઠમ + નીવી.... એ રીતે કરેલા. અને દરેક અઠ્ઠમ કોઈને કોઈ વિશિષ્ટ સંકલ્પ સાથે કરેલો. એ દિવસે એમણે નવો અઠ્ઠમ શરૂ કરવાનો હતો, તો એમણે એ જ વખતે ઉભા થઈને કહેલું કે,'મારો આ અઠ્ઠમ આપણા એ આરાધકને સંપૂર્ણ શાતા-સમાધિ મળે, એ માટે રાખું છું...' બધા ત્યારે ખૂબ ખુશ થયેલા. મેં જાહેરમાં અઠ્ઠમનું પચ્ચ. પણ આપેલું. આ પણ એક મોટું મંગલ હતું.

ગોચરી વાપરીને બહાર આવ્યો, ત્યારે જાણવા મળ્યું કે, **'તેઓ વૃદ્ધાશ્રમમાંથી નીકળવાની તૈયારીમાં છે. સહી કરવા વગેરે અંતિમ વિધિ થઈ રહી છે.'**

પ્રીતેષભાઈએ ફોન પર જણાવ્યું કે, **'અહીંના મેનેજર આ બંને જણથી ખૂબ ખુશ છે, કેમકે બંને એકદમ શાંત છે, કોઈ ફરિયાદ નહિ, કોઈ માંગણી નહિ, જે છે - જેટલું છે, એમાં જ બધું ચલાવી લે છે. અને બહેન તો એટલા એકટીવ છે કે પોતે રસોડામાં ભોજનશાળામાં ભોજન વખતે બધાને પીરસવાનું કામ પણ કરે છે. અમારે તો એકપણ રૂપિયાના પગાર વિનાના કાર્યકર મળી ગયા.'**

મેનેજર કહે છે કે **'તમારે પાછા આવવું પડે એવું ઈચ્છતો નથી. તમે તમારા દીકરા સાથે ખૂબ પ્રસન્નતા સાથે જીવો, પણ ધારો કે ભવિષ્યમાં પાછા અહીં આવવાની જરૂર પડે, તો અમારા દરવાજા તમારા માટે કાયમ માટે ખુલ્લા છે.'**

પ્રીતેષભાઈએ પણ પોતાના સજ્જનતા ભરેલા વ્યવહારથી મેનેજરનો વિશ્વાસ જીતી લીધેલો હતો, એટલે ત્યાં કામ ફટાફટ પતી ગયું. વૃદ્ધાશ્રમોમાં સરકારી કોઈપણ પ્રોબ્લેમ ઉભો ન થાય, એ માટે કાયદેસર બધું કરવામાં આવતું હોય છે. 'વૃદ્ધોનું

અચાનક મૃત્યુ થાય તો સંસ્થા એમને અગ્નિદાહ આપી શકે કે નહિ ? વૃદ્ધો અહીં રહે છે, એમાં એમના સંતાન વગેરેની સંમતિ છે ?' વગેરે ઘણી બધી બાબતો એમાં કારણવશ સ્પષ્ટ કરતા હોય છે.

પ્રીતેષભાઈ કપલને લઈને ઘરે આવી ગયા, અને મેં એમને જણાવી દીધું કે, **'એ માતા-પિતા ૨૪ કલાકમાં વિજયવાડા - અરિહંતધામ પહોંચી શકે ખરા ? મારી ઈચ્છા છે...'**

# ૩૩ - ૨૪ કલાક

પ્રીતેષભાઈએ મહેનત ચાલુ કરી, અમે પણ અહીં હોંશિયાર શ્રાવકને કામે લગાડ્યા. ત્યાં અમદાવાદથી વહેલી સવારે ટ્રેન હતી, એ વિજયવાડા પહોંચાડે... પહેલા તો એવો નિર્ણય થયો કે, **'રાજકોટથી કારમાં અમદાવાદ સ્ટેશન અને ત્યાંથી ટ્રેનમાં વિજયવાડા !'** પણ એમાં ઘણો સમય બગડતો હતો અને મોટી ઉંમરવાળા બંને જણ આખી રાત કારમાં બેસી બેસી સફર કરે, પછી બીજા ૨૪ કલાક ટ્રેનમાં મુસાફરી કરે, તો એ ખાસ્સા થાકી જાય.

પછી બીજો વિકલ્પ મળ્યો, **રાજકોટથી જ હૈદ્રાબાદ ફ્લાઈટમાં, અને હૈદ્રાબાદથી ૩૦૦ કિ.મી. કારમાં અરિહંતધામ !**

બીજો વિકલ્પ ફીક્ષ કરવામાં આવ્યો. પ્રીતેષભાઈએ પોતાના ઘરે બંને વડીલોને ખૂબ સારી રીતે જમાડ્યા, સાધર્મિકભક્તિ કરી, જરૂરી રકમ આપી, અને વહેલી સવારે એરપોર્ટ પર લઈ જઈ ફ્લાઈટમાં બેસાડી દીધા. રસ્તામાં કંઈપણ કામકાજ પડે, તો ? તો એના માટે પોતાના એકસ્ટ્રા સીમકાર્ડવાળો એક નાનો મોબાઈલ પણ એમને આપી દીધો. થેપલા વગેરે નાસ્તો પણ ભરી દીધો. **બંને વડીલો મુંગા મુંગા આ બધી ખુશી માણી રહ્યા, ભગવાનની અપાર કરુણાનો અનુભવ કરી રહ્યા.**

અરિહંતધામમાં એ વખતે અમારી સાથે ચેન્નઈના એક યુવાન **નીતીનભાઈ** હાજર હતા. છેલ્લા દસેક દિવસ સેવા માટે આવેલા હતા. મોટો બિઝનેસ હોવા છતાં શાસનના કાર્યમાં ગમે ત્યાં દોડી જાય, તન-મન-ધન લગાડી દે. એમના મમ્મીએ, ભત્રીજાએ ખરતરગચ્છમાં દીક્ષા લીધેલી છે, તેઓ પોતે ખરતરગચ્છના જ છે. તે આ આખા કામમાં ઈન્વોલ જ હતા. એમણે હૈદ્રાબાદના પોતાના મિત્ર **કેતનભાઈ**ને ફોન કર્યો. એ પણ ખરતરગચ્છના, એમના બહેને દીક્ષા લીધેલી છે. સાધ્વી **મહાપ્રજ્ઞાજી** એમનું નામ છે. આ બધા એવા આત્માઓ કે **પોતાના ગચ્છને સમર્પિત ખરા, પણ શાસનના કાર્યો માટે તમામ ગચ્છ સાથે પૂરો પ્રેમ ધરાવનારા !** નીતીનભાઈએ કેતનભાઈને આ કામ સોંપ્યું. તેમણે ખુશી ખુશી કામ સ્વીકારી લીધું. 'નીતીન ! શક્ય હશે, તો હું જ આવીશ. નહિ તો મારો ડ્રાઈવર મારી કારમાં એમને ત્યાં મુકવા આવશે.'

કેતનભાઈ એરપોર્ટ ગયા, વડીલોને પોતાના ઘરે લઈ સારી રીતે નાસ્તો કરાવ્યો,

અને પછી ફટાફટ પોતાની કારમાં ડ્રાઈવર સાથે અરિહંતધામ રવાના કર્યા.

આ બાજુ ભવ્ય અને પેલી બાજુ બંને વડીલો માત્ર એક જ વાતની વાટ જોતા હતા કે, **'અમે ક્યારે એકબીજાને મળીએ.'**

પ્રીતેષભાઈએ ફોન પર અમને જણાવેલું કે, **'બંને વડીલોનો સ્વભાવ સારો છે, પણ ધાર્મિકતા નથી. જૈનધર્મના આચારોનું પાલન વગેરે નથી.'**

મને હસવું આવ્યું, મેં એમને જણાવ્યું કે, **'સારો સ્વભાવ એ પણ જૈનત્વનો જ એક ભાગ છે અને અત્યારે આપણે જે કરીએ છીએ, એનાથી એમનામાં જૈનત્વ પ્રગટ થવાનું જ. એમને જૈનધર્મ માટે અતિશય સન્માન થવાનું જ, તમે એ ચિંતા ન કરો..'**

હૈદ્રાબાદથી કાર નીકળી, અને અમને મેસેજ મળી ગયા કે, **'ડ્રાઈવરનો નંબર આ છે, અને લગભગ અઢિ-ત્રણ વાગે તેઓ અરિહંતધામ પહોંચી જશે.**

મેં ૧૦.૩૦ થી ૧૨.૦૦ વાગ્યાના પ્રવચનમાં કહેવા જેવી ઘણી બધી વાતો બધાને જણાવી. હવે ભવ્યને પ્રગટ કર્યો, લોકો લગભગ બધી વાતોને હવે સમજી શક્યા. માત્ર ભવ્યની ભૂલો એ વખતે વિસ્તારથી જણાવી ન હતી. કેમકે ત્યારે એની જરૂર ન હતી. આ ઉપધાનનું એક શ્રેષ્ઠ કાર્ય થવાનું હતું, અમે તો કલ્પના પણ ન કરી શકીએ, એવી ઘટના બની રહી હતી... **આ બધી જ પરમકૃપાળુ પરમાત્માની જ કૃપા !**

આરાધકોએ માતા-પિતા અને ભવ્યના મિલનનો એક સુંદર પ્લાન બનાવી દીધો. ડ્રાઈવરને કહી રાખવામાં આવ્યું કે, **'એ કાર તીર્થની બહાર જ ઉભી રાખે, અંદર ન લાવે.'**

# ૩૪ - ભવ્ય સ્વાગત

આ બાજુ બધા આરાધકો બે-અઢી વાગે દેરાસરની બરાબર નીચે આવી ગયા... એક તરફ બહેનો લાઈનમાં ઉભા રહ્યા, બીજી તરફ બધા ભાઈઓ લાઈનમાં ઉભા રહ્યા.

હું તીર્થના ગેટની બહાર ગયો. ૧૦૦ ડગલા દૂર કાર ઉભી હતી. અમારા સંસારી કઝીન તુષારભાઈ પણ મારી સાથે જ હતા. બંને વડીલો કારમાંથી નીચે ઉતર્યા. મને હાથ જોડ્યા, એમને માટે તો આ એક સાવ નવી જ દુનિયા શરૂ થઈ ગઈ હતી. ગઈકાલે બપોર સુધી વૃદ્ધાશ્રમમાં એક અનાથ કપલ તરીકે મફતનું ખાવું પડતું હતું, અને અચાનક ચોવીસ કલાક દરમ્યાન માન-સન્માન, ફ્લાઈટ, કાર અને મોટા મોટા માણસો તરફથી મળતો રીસ્પેક્ટ ! આવા વખતે એમની પાસે આભાર માટેના શબ્દો પણ નથી હોતા. એમને એ બધું આવડે પણ નહિ. એ બધી ફોર્માલિટી મોટા માણસોને ફાવે, આવા સીધા-સાદા માણસોનો તો ચહેરો જ હજારો આભાર શબ્દોને પ્રગટ કરી દેતો હોય છે. અને એ ચહેરા પર રહેલા હજારો શબ્દો વાંચવાની નાનકડી શક્તિ પૂ. ગુરુદેવશ્રીના કારણે મને પણ થોડી તો મળી જ હતી. લોકોને ધર્મ પમાડવા માટે પ્રવચન આપવું એ અમારી મુખ્ય પ્રવૃત્તિ ! પરંતુ ક્યારેક લોકોને ધર્મ પમાડવા માટે આવા પ્રકારની પ્રવૃત્તિ પણ કરવી પડે. અને **ઘણીવાર તો ૧૦૦ પ્રવચનો કરતા પણ આવી એક જ પ્રવૃત્તિ વધારે અસરકારક બની જતી હોય છે....**

તુષારભાઈએ પોતાના બંને હાથોમાં બંને વડીલોના હાથ પકડ્યા અને તેઓ તીર્થના ગેટ તરફ ચાલવા લાગ્યા. એમની એ ચતુરાઈ - એ સ્ટાઈલ મને ગમી. એ ખૂબ સાચા ભાવ સાથે આ પ્રવૃત્તિ કરી રહ્યા હતા.

માતા-પિતાએ તીર્થના ગેટમાં પ્રવેશ કર્યો.

માતા-પિતાએ જેવો ગેટમાં પ્રવેશ કર્યો કે તરત તમામ આરાધકો ભગવાનની જય વગેરે બોલવા માંડ્યા, ત્યાંના સ્પીકર ઉપર પ્રભુભક્તિના ગીતો શરૂ થઈ ગયા. દરેકના મોઢા પર અજબ પ્રકારની ખુશી હતી. માતા-પિતા તો જીવનમાં પ્રથમવાર જ આવું શ્રેષ્ઠ સન્માન પામી રહ્યા હતા. સંપત્તિ નહિ, સત્તા નહિ, રૂપ નહિ, યુવાની નહિ, શિક્ષણ નહિ... પણ જિનશાસનના શ્રાવક-શ્રાવિકા....બસ ! આ એક કારણે

તેઓ આ સન્માન પામી રહ્યા હતા. એ બંને માટે મૌન જ હવે હર્ષ પ્રગટ કરવાનું એક માત્ર સાધન બન્યું હતું. **અતિશોકમાં કે અતિ હર્ષમાં માણસને બોલવા માટે શબ્દો નથી મળતા.**

માતા-પિતા જ્યારે આરાધકોની બે લાઈન વચ્ચેથી પાસ થયા કે તરત જ બધા આરાધકો એમને ચોખાથી વધાવવા લાગ્યા... તેઓની ખુશી તો વધતી જતી હતી, પણ મને ખ્યાલ આવી ગયો કે, **'એમની તરસી આંખો લાડકા દીકરા ભવ્યને શોધતી હતી....'** હજી ગઈકાલે જ બપોરે ૧૨.૦૦ વાગે એમણે વીડીઓકોલમાં ભવ્યને જોયો જ હતો. પણ દરેક મા-બાપ આ વાત સમજી શકશે કે 'આટલા બધા વિચિત્ર પ્રસંગો બન્યા બાદ પોતાના દીકરાને સાક્ષાત જોવા માટે એ મા-બાપ કેવા તડપતા હશે.'

શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માનું મંદીર ઉંચાઈ પર છે. ઘણા પગથિયા ચડવા પડે. છતાં નીચે ચાલવાના રસ્તા પર પગ ઊંચા કરીને જુઓ, તો પ્રભુના દર્શન થાય.

**બરાબર, પ્રભુની નજર પડે, એવી જગ્યાએ માતા-પિતા પહોંચ્યા હશે, અને સરપ્રાઈઝ આપવા માટે છુપાડી રાખવામાં આવેલો ભવ્ય માતા-પિતા સામે પ્રગટ થયો.**

પૌષધમાં હતો ભવ્ય,

છતાં **પપ્પાને ભેટી પડ્યો ભવ્ય !**

**બાપ-બેટાની આંખોમાં અનરાધાર આંસુ હર્ષના !**

**પછી પપ્પાના ચરણોમાં નમી આશિષ લીધા ભવ્યે !**

**પોતાની અનંતોપકારી માતાને તો ભવ્ય કેમ ભૂલે ?**

પણ ત્યાં ભેટવું કે પગે સ્પર્શ કરવો શક્ય ન હતો ભવ્ય માટે !

**જમીન પર જ ઝૂકીને ખમાસમણાની મુદ્રામાં માતાને વંદન કર્યા ભવ્યે !**

**હા ! ચોખાઓથી માતા-પિતાને વધાવ્યા ભવ્યે !**

પછી બધા ભગવાનના દર્શન કરવા દેરાસરમાં ચડ્યા.

ત્યાંની પ્રદક્ષિણા ઘણી મોટી, **પણ ભવ્ય અને માતા-પિતાએ ત્રણ પ્રદક્ષિણા આપી ભગવાન શંખેશ્વર પાર્શ્વનાથને !**

ત્યાં સુધી અમે રંગમંડપમાં પ્રભુની ભક્તિના ગીતો ગાતા-સાંભળતા રહ્યા.

એ પછી ત્રણે જણ સાથે બધા પ્રવચન હોલમાં પહોંચ્યા. સમય ઘણો થઈ ગયો હતો, પ્રાસંગિક કેટલીક વાતો જણાવીને પછી સૌ પોત-પોતાની આરાધનામાં લાગી ગયા...

# ૩૫ - માં - બાપની હાડમારી

સાંજે માતા-પિતા મને મળવા આવ્યા. કદાચ એમને વંદન કરવાના સૂત્રો પણ આવડતા ન હતા, પણ ભાવથી એમણે વંદન કરી લીધા.

**'મળી લીધું દીકરાને...'** મેં પૂછ્યું.

**'હા ! એ ખૂબ ખુશ છે, અને અમે પણ....'**

'જમી લીધું ? રહેવાની વ્યવસ્થા થઈ ગઈ...'

'હા જી ! બધા ખૂબ ભાવુક છે. બધી રીતે અમને સહાયક બને છે.'

'તમને અનુકૂળતા હોય, તો એ બતાવી શકો કે મુંબઈથી સૌરાષ્ટ્ર ગયા, પછી શું થયું ?'

'પહેલા તો અમે તપાસ કરીને બે-ત્રણ વૃદ્ધાશ્રમોમાં પુછતાછ કરી, અમને ત્યાં રાખવા માટે વિનંતિ કરી, પરંતુ કોઈ ને કોઈ કારણસર તેઓએ અમને ન રાખ્યા. જમવાનું તો ગમે તેમ કરીને થઈ જતું. પૈસા એટલા બધા ન હતા. ત્રણ દિવસ કોઈક ગેસ્ટહાઉસમાં રોકાયા, અને જલારામ બાપાના અન્નક્ષેત્રમાં ફ્રી ખાવાનું રાખ્યું અને એ ય ન શક્ય બનત, તો ફૂટપાથ પર બેસી ભીખ માંગીને પેટ ભરવાની પણ પૂરી તૈયારી કરી જ રાખેલી...

એક રીક્ષાવાળાએ અમારી હાલત જાણી, એણે અમને એક નવા વૃદ્ધાશ્રમ માટે સૂચના કરી કહ્યું કે,'તમે ત્યાં જાઓ, કદાચ તમને રાખી લેશે.'

આત્મહત્યા કરવાની હિંમત ન હતી મ.સા. ! મરવાનું છે, એ તો ખબર જ હતી. પણ મોતને સામેથી બોલાવવાની તાકાત ન હતી.

એ રીક્ષાવાળાંની વાત સાચી પડી. અમને એ વૃદ્ધાશ્રમમાં આદરપૂર્વક સ્થાન મળી ગયું. ત્યાંના માલિક અને મેનેજર બંને ભલા માણસો હતા.

ત્યાં રહેવા માટે એક રૂમ ! ત્રણેય ટાઈમ ભોજન ! આ બધું ફ્રી હતું. પરંતુ કપડા-તેલ-સાબુ વગેરેનો ખર્ચો દરેકે પોત-પોતાની રીતે જ કરવાનો રહેતો. બીજા વડીલોને તો એમના છોકરાઓ વગેરે પાસેથી મહીને ફીક્સ નાની-મોટી રકમ મળતી હશે, પણ અમને તો એક રૂપિયો પણ આપનાર કોઈ ન હતું, છતાં એની વિશેષ ચિંતા ન હતી. કપડા ખરીદવા ન હતા. અને તેલ-સાબુ જેવી વસ્તુનો ખર્ચો તો વધારે ન થાય. છતાં સાહેબ ! આ સંસારમાં જીવવા માટે પૈસા હોવા જરૂરી તો ખરા જ ને !

**ત્યાં કેટલાક ગૃહસ્થો અમુક અમુક દિવસે વૃદ્ધાશ્રમની મુલાકાત લેવા આવતા.**

**તેઓના મનમાં ક્યારેક કરૂણા જાગે, તો અમને બધા વૃદ્ધોને ૧૦-૨૦-૫૦ રૂપિયાની નોટો આપે. કેટલાકો ના પાડે, પણ અમારે આ નોટોની ખૂબ જરૂર હતી... શરમ પણ આવતી. પણ મ.સા. ! હવે એ શરમ રાખીએ, તો જીંદગી જીવીએ શી રીતે ? એટલે એ નોટો ચૂપચાપ લઈ લેતા હતા. એ વખતે એ દિવસો યાદ આવી જતા. ગાંધીધામના અમારા પોતાના બે ઘરો ! એ પછી ય દક્ષિણમાં ભાડાનું ઘર ! પ્રસન્નતાવાળું જીવન ! ૫૦૦-૧૦૦૦ ખર્ચ કરી શકીએ, એટલી શક્તિ તો હતી જ. અને આજે ૧૦-૧૦ રૂપિયા પણ અમારે દાનમાં લેવા પડતા હતા.**

હમણાં બે-ત્રણ દિવસ પહેલા જ કોઈ ઉદાર ગૃહસ્થ આવેલા. એમણે દરેક વૃદ્ધને ૫૦૦-૫૦૦ રૂપિયા આપેલા. તો અમારી પાસે એ રૂપિયા ૧૦૦૦ છે. આજે તો એ ખૂબ કિંમતી લાગે છે.

હું સાંભળી રહ્યો.

કેવું હશે એ દૃશ્ય !

**મારા જૈનશાસનના એક વખતના સમૃદ્ધ શ્રાવક-શ્રાવિકાઓ જ્યારે કોઈકના હાથેથી માત્ર રૂપિયા ૧૦નું પણ દાન (ભીખ ?) લેતા હશે, ત્યારે એમના હૃદયને કેટલો આઘાત લાગતો હશે ? આ તો એક પ્રસંગ મારી સામે આવ્યો. આવા તો હજારો શ્રાવકો-શ્રાવિકાઓ હશે ને ? તેઓએ પોતાની ખુમારી ખોવી પડે, ખુંવાર થવું પડે, ગરીબ-દીન-હીન (ભિખારી ?) બનવું પડે. એ શું શોભે ખરું ? શાસનના અન્ય કાર્યોમાં કરોડો-અરબો રૂપિયા ભલે ખર્ચો, પણ એ દાનવીરો શું આ તરફ નજર નહીં નાંખે ? મુનિઓ-આચાર્યો શું એમને આ તરફ નજર નાંખવાનો ઉપદેશ પણ નહિ આપે ?**

કેટરર્સમાં દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ....

મંડપોમાં દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ....

પત્રિકાઓમાં દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ....

આ બધું કેટલું જરૂરી-બિનજરૂરી... એ તો ભગવાન જાણે. પણ આ સાચા સાધર્મિકોનું ઉત્થાન તો અવશ્ય જરૂરી છે જ ને ? જૈનો જ જો ઘટી જશે, તો મંદીરોમાં પૂજા દર્શન કરશે કોણ ? ઉપાશ્રયોમાં સામાયિક-પ્રતિક્રમણ કરશે કોણ ? વ્યાખ્યાનો સાંભળવા આવશે કોણ ?

શાસનના હિતચિંતકોએ આ બધું શાંતિથી વિચારવાની જરૂર તો છે જ.

સાધર્મિકો પ્રત્યે ધ્યાન આપવાનું ચાલું તો થયું છે. પણ જરૂર હજી પણ ઘણી વધારે છે.

# ૩૬ - આગળના પ્રશ્નો

મેં આગળ એક પ્રશ્ન પૂછ્યો એ માતા-પિતાને....

**'તમને આશા હતી કે આ ભવ્ય પાછો મળશે ? તમે એને ફરી જોઈ શકશો ?'**

પિતા બોલ્યા,'ના, મ.સા. ! મને તો આશા ન હતી. એવો ડર પણ હતો કે ક્યાંક જો લેણદારો એને પકડશે, તો મારશે પણ ખરા ! પોલીસમાં ફરિયાદ કરીને પકડાવી દે, તો પણ ખબર નહિ. કેમકે બેંકવાળા તો લીગલી એને જેલમાં પણ નંખાવી શકે છે ને !'

પણ એની મમ્મીને પાકી શ્રદ્ધા હતી કે, **'મને મારો ભવ્ય આ જ ભવમાં ફરી મળશે.'** આંખો ભરાઈ ગઈ પિતાની અને અવાજ રૂંધાઈ ગયો.

માતા બોલવા લાગી, **'હા, મ.સા. ! મને તો વિશ્વાસ હતો જ. હું રોજ સવાર-સાંજ પ્રભુને પ્રાર્થના કરતી કે,'મારો દીકરો જ્યાં પણ હોય, તું એની રક્ષા કરજે. અને એને સારા રસ્તે વાળજે.' પ્રભુએ મારી પ્રાર્થના એવી સાંભળી કે સાધુઓ સાથે જ એનો ભેટો કરાવી દીધો અને ઉપધાન જેવા ટોચ ધર્મમાર્ગે એને વાળી દીધો.**

અને સાથે આ પ્રાર્થના પણ કરતી કે, **'મને આ ભવમાં એકવાર તો મારા દીકરાનો પાછો ભેટો કરાવજે જ.'**

'વૃદ્ધાશ્રમમાં ભોજન વગેરે કેવું ?'

'મ.સા. ! બહુ સારું. ત્યાં વૃદ્ધોને ખૂબ પ્રેમ આપે છે. ભોજનમાં પણ બરાબર કાળજી કરે છે, છતાં ઘર તો ઘર જ ને !'

સૂર્યાસ્ત થવા આવ્યો, એટલે મેં એમને વિદાય કર્યા...હવે તેઓ મોક્ષમાળા સુધી ત્યાં જ રોકાવાના હતા. એ પછી શું કરવું ? એનો નિર્ણય બાકી હતો. પણ પ્રભુ જ જે કેસ સંભાળતા હોય, એમાં ડોઢ-ડહાપણ કરવાની શી જરૂર ? પ્રભુ જે સુઝાડે, એ પ્રમાણે કરતા જશું.

'જીવ તું શીદને ચિંતા કરે ? હરિને (પ્રભુને) કરવું હોય તે કરે.'

એ પછીના દિવસે તો ઘણાં બધા સારા પ્રસંગો બન્યા.

પાછી એ વાત કરી દઉં, **જ્યાં ભગવાનનું સામ્રાજ્ય હોય, ત્યાં લીલાલહેર હોય.**

**અને ભગવાનનું સામ્રાજ્ય ત્યાં હોય, જ્યાં ભગવાન પ્રત્યે અપાર-અપ્રતિમ-અપૂર્વ શ્રદ્ધા હોય, પ્રભુ પ્રત્યે શ્રદ્ધા-સમર્પણ-સ્નેહ વિના પ્રભુનું સામ્રાજ્ય આપણા ઉપર છવાઈ શકતું જ નથી....**

# ૩૭ - આરાધકોના ભાવ

બીજા દિવસે અમારા સંસારી પક્ષે ભાભી **સીમાબહેન** મને મળવા આવ્યા, **'મ.સા. ! એ બહેન પાસે મંગલસૂત્ર નથી, મારી પાસે મંગલસૂત્ર એક્સ્ટ્રા છે. મને આપ રજા આપો, આપના ભાઈ મુંબઈથી આવે જ છે, તો એ લેતા આવે... મારે એટલો લાભ જોઈએ જ છે.'**

આવા ભાવોને રોકવાનું પાપ હું કેમ કરું ?

થોડીવારમાં ચેન્નઈના **કવિતાબહેન** આવ્યા, એમની નાની દીકરી જિનીષાએ નવ વર્ષની ઉંમરમાં ઉપધાન કરેલા, એમણે કહ્યું, **'મ.સા. ! મને મમ્મીએ હમણા કાનમાં પહેરવાની બે બુટ્ટીઓ ગીફ્ટ આપી છે. એ સોનાની છે. મારે ભવ્યની મમ્મીને પહેરાવવી છે, મને આટલો લાભ લેવા દો...'**

મેં એમને પણ હા જ પાડી. અને એ તો એ જ વખતે બુટ્ટી લઈ આવ્યા. ભવ્યના મમ્મીને ત્યાં જ બોલાવ્યા, અને મારી સામે સોનાની બુટ્ટી પહેરાવી દીધી.

**આ બહેને અને એમના શ્રાવક વિક્રમભાઈએ છ વર્ષ પહેલા ચેન્નઈમાં નવો ઈતિહાસ બનાવ્યો હતો. માગસર સુદ ૬ના દિવસે મારો દીક્ષાદિવસ હતો, અને તેઓ વહેલી સવારે આરાધનાભવન શાહુકારપેઠના ઉપાશ્રયમાં આવી ગયા હતા. મેં આશ્ચર્ય સાથે પૂછ્યું કે,'કેમ આટલા વહેલા ? હજી તો સૂર્યોદય હમણા જ થયો છે.'**

**ત્યારે વિક્રમભાઈએ કહ્યું,'મ.સા. ! આજે આપનો દીક્ષાદિવસ છે, એટલે આપને વધાઈ આપવા આવ્યા છીએ, અને આપને એક ભેટ આપવા આવ્યા છીએ.'**

'પણ હું તો કંઈ લેતો જ નથી. અને મારે કશી જરૂર નથી.' મેં જવાબ આપ્યો.

હું સમજ્યો કે એ કંઈ બોલપેન કે નોટ કે કામળી જેવી કોઈ વસ્તુ વહોરાવવા લાવ્યા હશે અને અમે આ રીતે સામેથી લાવેલું કંઈ જ લેતા નથી.

એ બોલ્યા,'મ.સા. ! અમે આપને ગુરુ માનીએ છીએ, અને આપના આચારોની અમને પાકી ખબર છે. પણ આપના માટે જે ભેટ લાવ્યા છીએ, એ તો આપને ખૂબ જ ગમશે. અને આપ એનો સ્વીકર કરશો જ.'

મેં કુતૂહલવૃતિથી, જિજ્ઞાસાથી એમને પૂછ્યું,'શું ?'

**'અમે આજીવન સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત સ્વીકારવા માંગીએ છીએ, આ જ અમારી ભેટ છે.'**

હું તો ફાટેલી આંખે એમને જોઈ જ રહ્યો, કેમકે એ વખતે એમની ઉંમર માત્ર ૩૩-૩૪ વર્ષની જ હતી, અને કવિતાબહેનની ઉંમર માત્ર ૩૦-૩૧ વર્ષ ! આટલી નાની યુવાન ઉંમરમાં બ્રહ્મચર્યનો સંપૂર્ણ સ્વીકાર એ તલવારની ધાર પર ચાલવા જેવું કૃત્ય હતું... મને ખુશી તો ઘણી થઈ, પણ આવું વ્રત વિચાર્યા વિના તરત આપી દેવાનું દુઃસાહસ હું આ કાળમાં તો બિલકુલ ન કરું....

મેં એમને પૂછ્યું,'ઉત્સાહમાં વ્રત લેવાઈ તો જાય, પણ આ પાળવાનું આજીવન છે. પછી નિમિત્તોમાં પાછા વિચારો બદલાઈ જવાની શક્યતા ઘણી છે..'

બંને બોલ્યા, **'મ.સા. ! આ છેલ્લા ચાર મહિનાથી અમે આની પ્રેક્ટીસ કરી લીધી છે. આખું ચોમાસું અને એ પછીના ૨૦ દિવસ અમે એક જ રૂમમાં રહીને નિર્મળ બ્રહ્મચર્ય પાળ્યું છે. ત્યારે જ અમને અમારા ઉપર વિશ્વાસ આવ્યો છે. આપ એ વાતની લેશપણ ચિંતા ન કરશો.'**

હવે મારામાં હિંમત આવી, અને મેં ૩૦-૩૨ વર્ષની ઉંમરના યુવાન પતિ-પત્નીને આજીવન સંપૂર્ણ બ્રહ્મચર્યની બાધા આરાધનાભવનની બાલ્કનીમાં મારા દીક્ષાદિવસે સવારે આપી હતી. એ વખતે એમના માતા-પિતાને અને સમાજને આ ખબર પડે, તો કદાચ તેઓ સ્વીકારી ન શકે, એ કારણસર એ વાત કોઈને જણાવી ન હતી. પણ એ વાતને ૬-૭ વર્ષ વીતી ગયા હતા, હવે તો કવિતાબહેનના પપ્પા-મમ્મીને ખબર પડી ગઈ હતી, તેઓ તો ખૂબ ખુશ હતા. એટલે આ ઉપધાનમાં એ વાતની જાહેરમાં અનુમોદના પણ કરવામાં આવી હતી. એ કવિતાબહેને મારી હાજરીમાં જ ભવ્યના મમ્મીને સોનાની બુટ્ટી પહેરાવી....

એ દિવસે ઉપધાનના લાભાર્થી પરિવારની મોટી દીકરીનો જન્મદિવસ હતો. **૨૨ વર્ષના એ નિધિબહેન** મારી પાસે આશીર્વાદ લેવા આવ્યા. અને મને કહે કે,'મ.સા. ! મને રસ્તામાં ભવ્યના મમ્મી-પપ્પા મળ્યા, મેં એમને હાથ જોડ્યા, ભાનુબહેનના ચરણોનો સ્પર્શ કરીને આશીર્વાદ માંગ્યા કે,'આજે મારો જન્મદિવસ છે....' અને ભાવેશભાઈએ તરત ભાનુબહેનને કહ્યું કે, **'આને ૧૦૦ રૂપિયા આપ. એમને એમ ખાલી આશીર્વાદ ન હોય.'** હું તો એમ પણ પૌષધમાં જ હતી. એટલે મારે પૈસા લેવાના ન હતા. પણ જેમની પાસે પૈસાના નામે કશું જ નથી, એ પણ કેવા ઉદાર મનના છે કે **'કોઈ આશિષ માંગે છે, તો ખાલી હાથે આશીષ ન આપવા.'**

મને એના કરતા વધારે ખુશી તો નિધિબહેનના નમ્રતાગુણ માટે થઈ.

એ કરોડોપતિ પરિવારની લાડકી દીકરી.

એ ખૂબ ભણેલા-ગણેલા.

એ મુમુક્ષુ નહિ, પણ મોજ-શોખના રંગે રંગાયેલા....

એમને એ ખબર છે કે **સામેનું કપલ સામાન્ય છે, ધાર્મિક પણ નથી. સમાજમાં પ્રતિષ્ઠિત પણ નથી, ધનવાન પણ નથી, રૂપવાન પણ નથી, પોતાના વડીલ સ્વજનો પણ નથી, છતાં રસ્તામાં મળેલા એ કપલના ચરણોમાં પડીને આશીર્વાદ લેવા જેટલો નમ્રભાવ આ યંગજનરેશનમાં આવ્યો, એ જિનશાસનનો જ પ્રભાવ !**

ઉપધાનમાં આરાધના કરનાર એક રિન્કુબહેન મળવા આવ્યા, **'મ.સા. ! ઉપધાન પછી આ પરિવારને કોઈક જગ્યાએ સેટ તો કરવા પડશે ને ! મારી પાસે સોનાનું બિસ્કીટ છે, પાંચ લાખ રૂપિયા થશે. આપ મને લાભ આપો. એ રકમ આ પરિવારના ઉત્થાન માટે વાપરશો.'**

સંસારી ભાભી + કવિતા બહેન + નિધિબહેન + રિન્કુબહેન ચારેય જણે આજે એક નવો જ ઈતિહાસ સર્જ્યો હતો. ભલે વાત સાવ સામાન્ય, પણ મારી નજરથી તો આ વાત ઘણી જ વિશિષ્ટ હતી... છે... રહેશે...

# ૩૮ – હજી એક ચિંતા ...

પણ હજી મને એક ચિંતા હતી.

'ભવ્યનું ઠેકાણું ન પડે, તો એના માતા-પિતાને ક્યાં રાખવા ? જ્યાં સુધી ભવ્ય ઘરની વ્યવસ્થા ન કરે, ત્યાં સુધી એના માતા-પિતાને ક્યાં રાખવા ?' એ પણ મોટો પ્રશ્ન હતો. માતા-પિતાને હવે તો વૃદ્ધાશ્રમમાં રાખવાની ભાવના ન જ હતી. પણ છેવટે બીજી કોઈ વ્યવસ્થા ન થાય, તો આ એક જ ઉપાય હતો, 'પાછા વૃદ્ધાશ્રમમાં એમને રાખવા.'

આ વાત ઉપધાનના આરાધકો સામે વ્યાખ્યાનમાં કરી, અને જબરદસ્ત કમાલ થઈ ગઈ.

નવસારીના દિપીકાબહેને પોતાનો એક દીકરો તો અમને સોંપી જ દીધો હતો. જે આજે મારા શિષ્ય મુનિ વાસક્ષેપ વિ. છે... એમણે આ જ ઉપધાનમાં બીજા દીકરા પંકિલ માટે પણ હા પાડી દીધી, 'આને પણ દીક્ષા આપો.'

હવે ઘરે માત્ર દિપીકાબહેન અને જીગ્નેશભાઈ જ બાકી રહેતા હતા. એમને પરિવારમાં માત્ર બે દીકરાઓ જ હતા, કોઈ દીકરી કે ત્રીજો દીકરો નહિ. એમણે પોતાના ભવિષ્યનો પણ વિચાર કર્યો ન હતો. શાસનના નામે બધું આપવાની પૂરી તૈયારી કરી લીધી હતી. દેશના સૈનિકોની માતા જેવું અદ્ભુત શૌર્ય આ માતાએ અત્યાર સુધી દેખાડેલું હતું.

આટલું ઓછું હોય, એમ ભરસભામાં એ ઉભા થયા અને એમણે કહ્યું કે 'હું ભવ્યના માતા-પિતાને મારા ઘરે રાખીશ. આખી જીંદગી રાખીશ. મારા માતા-પિતાની જેમ રાખીશ... સાહેબજી ! આપ મને આદેશ (= લાભ) આપો.'

એ માતાની મહાનતા બાકીના તમામ બહેનો કરતા અનેકગણી હતી. કાનની બુટ્ટી + મંગલસૂત્ર + પાંચ લાખ આ બધા કરતા પણ એ મા-બાપને પોતાના ઘરે આજીવન પોતાની જવાબદારી સાથે રાખવા, એમાં ય પોતાની ઉંમર પણ પચાસ આસપાસની તો હતી જ. અને ભવ્યના માતા-પિતા તો વૃદ્ધ હોવાથી એ કોઈ કામ આવવાના ન હતા, એમની તો માત્ર ને માત્ર સેવા જ કરવાની હતી. છતાં આ બધી જવાબદારી સ્વીકારવાની તૈયારી બતાવી દિપીકાબહેને ! ધન્ય છે જૈનશાસન !

માળાના દિવસ માટે ભવ્યના નવા-નકોર વસ્ત્રોની અને એમના મમ્મી-પપ્પાના પણ નવા-નકોર વસ્ત્રોની પૂરી વ્યવસ્થા થઈ ગઈ.

ભવ્યે પોતાનો લોચ કરાવવાની ભાવના પ્રગટ કરી અને હેમ મ. એ એમનો પૌષધમાં જ લોચ પણ કરી દીધો.

# ૩૯, દીક્ષાના ભાવ

ભવ્યના ભાવ વધતા જ ગયા, અને એક દિવસ એણે પોતાની ભાવના પ્રગટ કરી, **'મ.સા. ! મને દીક્ષા આપશો ? મારે આ સંસારનો ત્યાગ કરી પ્રભુના માર્ગમાં જીવવું છે... મને આનો રંગ લાગ્યો છે...'**

ત્યાં જ બેઠેલા મા-બાપ સામે મેં નજર કરી, તેઓ તરત બોલ્યા, **'મ.સા. ! અમારી તો પૂરી સંમતિ છે. આમ પણ અમે તો એની આશા છોડીને આખી જીંદગી જીવવા તૈયાર જ હતા ને ! એ મુનિ બને, એમાં અમે ખૂબ રાજી ! અમે તો પાછા વૃદ્ધાશ્રમમાં જતા રહેશું. ત્યાં તેઓએ તો અમારા માટે કાયમી આમંત્રણ આપેલ જ છે. અમારા કારણે આની દીક્ષા રોકવાની જરૂર નથી.'**

મેં કહ્યું,'તમારી વાત સાચી, પણ ભવ્યના માથે આટલું બધું દેવું છે. જો કે એ દેવું ચૂકવી શકે, એવી શક્યતા પણ ઓછી. અને આટલું મોટું દેવું બીજા કોઈ ચુકવે, એ પણ શક્યતા ઓછી. આ માટે કોઈને કહેવું પણ અનુચિત જ છે. એટલે અત્યારે તો મારી દીક્ષા માટે ના છે. ભવિષ્યમાં હું મારા વડીલોને પૂછાવી લઈશ, તેઓ આ બાબતમાં જે માર્ગદર્શન આપે, એ પ્રમાણે કરશું. આમાં મારો સ્વતંત્ર નિર્ણય ન ચાલે...'

મોક્ષમાળાની પૂર્વની રાત્રે ભવ્યના જ જીવન ઉપર ડ્રામા રાખવામાં આવ્યો. સાહિલભાઈ અને એમના મમ્મી-પપ્પાએ મુખ્ય રોલ ભજવ્યો. સાહિલભાઈ બનેલા ભવ્યભાઈ ! અને છેલ્લે લોચવાળા મસ્તક સાથે ભવ્યભાઈએ સ્ટેજ ઉપર પ્રવેશ કરેલો. લોકોની આંખોમાં આંસુ તો વહેવાના જ હતા... એ હવે આશ્ચર્ય ન હતું.

# ૪૦, ભવ્ય set થયો

હવે એક જ વાતની ચિંતા હતી કે **'ઉપધાન પછી આ પરિવારને સેટ ક્યાં કરવો ?'** ભવ્ય ઉપર બધાને સદ્ભાવ ચોક્કસ આવ્યો, પરંતુ વિશ્વાસ આવવો અઘરો હતો. આટલી બધી વાર અસત્ય બોલનાર ઉપર કોઈપણ માણસ વિશ્વાસ ન કરે અને પૈસાના ક્ષેત્રનું તો સૂત્ર છે કે, **'પૈસાની બાબતમાં સગા બાપ ઉપર પણ વિશ્વાસ ન કરવો.'** સંસ્કૃતમાં પણ કહેવત છે કે, '**बृहस्पतिरविश्वासः**' બૃહસ્પતિ કહે છે કે ધન કમાઈ લેવાનું રહસ્ય છે **'અવિશ્વાસ !'....**

પણ જિનશાસન રત્નોની ખાણ છે.

ચેન્નઈવાળા નીતીનભાઈ મારી પાસે આવ્યા, કહે કે, **'આ આખા પરિવારને હું ચેન્નઈ લઈ જઈશ. મારે ત્યાં નોકરીએ રાખી લઈશ... આપ ચિંતા ન કરો.'**

ચિંતા તો એમ પણ મારે હોતી જ નથી.

ભવ્યની ભવ્યાતિભવ્ય મોક્ષમાળા થઈ ગઈ.

આજે એ ચેન્નઈમાં પોતાના મમ્મી-પપ્પા સાથે રહે છે. ૧ બેડરૂમ હોલ કીચનનું ઘર ભાડે મળી ગયું છે. ૧૦ હજાર ભાડું છે. પગાર ૨૫-૨૭ હજારનો છે. એમાં સરસ રીતે ઘર ચાલે છે. નીતીનભાઈ એમને ધર્મારાધના કરવામાં ફુલ સપોર્ટ કરે છે.

ભવ્ય દર મહિને પાંચ આંબિલ તો મીનીમમ કરે છે. પ્રભુપૂજા કરે છે, અવસર મળે, ત્યારે વ્યાખ્યાન સાંભળે છે.

હમણાં દસેક દિવસ પહેલા આખો પરિવાર મળવા આવ્યો, મમ્મી-પપ્પા તો દર વખતની જેમ ખુશીના આંસુ વહાવ્યા જ કરે છે. એમને હજી પણ આ બધું આશ્ચર્ય લાગે છે. બપોરના ગોચરી બાદ માતા-પિતા મળ્યા, ત્યારે માતા બોલી, **'મ.સા. ! બસ, એક જ ઈચ્છા છે હવે, મારો દીકરો સાધુ બને...'**

આઠ-આઠ મહિના વીત્યા પછી પણ માતા-પિતાનો ભાવ એવો જ મજબુત હતો, **'દીકરાને સાધુ બનાવવાનો.'**

આ માત્ર કલ્પાઓ નથી, આ નજરે જોયેલી સત્ય ઘટના છે. કેટલી ખુશી સાથે એ માતા બોલી રહી હતી. એમણે જોયું હતું કે એમને જીવનદાન આપનાર, આ જિનશાસન જ હતું, શાસનના સાધુઓ-સાધ્વીઓ-શ્રાવકો-શ્રાવિકાઓ જ તો હતા.

પોતાના સંતાનોને દીક્ષા ન આપનારાઓ, દીક્ષાનો વિરોધ કરનારાઓ આ

બાબતમાં ફરી એકવાર ચોક્કસ વિચાર કરે, આગ્રહ કોઈ નથી, પણ ચિંતન ચોક્કસ કરજો.

**'મારો દીકરો દીક્ષા લઈ લેશે, તો અમને ઘડપણમાં કોણ સાચવશે ?'** એવું જેઓ બોલે છે કે માને છે, તેઓ એ પણ વિચારી લે કે સંસારમાં રહેલા કેટલા બધા દીકરાઓએ પોતાના ખોટા રસ્તાઓ દ્વારા, ખોટા સ્વભાવ દ્વારા, માતા-પિતાના ઘડપણને ચિંતાગ્રસ્ત બનાવી જ દીધું છે ને ! આજે એવા હજારો મા-બાપ મળશે, કે જેઓના દીકરાઓ હોવા છતાં તેઓ એમની સાથે રહેતા જ નથી. દીકરાઓના કારણે જ એ મા-બાપ દુઃખી છે.

કોઈકના દીકરાઓ ભારત બહાર સેટલ થઈ ગયા છે, વર્ષે એક-બે વાર મળે છે. મા-બાપે મિથ્યા સંતોષ માનવાનો છે કે 'મારા દીકરાઓ છે' તેઓ બિમારીમાં ખર્ચો મોકલવા કામ આવશે, મર્યા પછી અગ્નિદાહ અને શોક સભા માટે કામ આવશે. બાકી તેઓ મા-બાપને માટે કેટલો સમય કાઢવાના ?

કેટલાકના દીકરાઓ છે તો ભારતમાં, પણ બિઝનેસ-નોકરી માટે મોટા શહેરોમાં જઈને વસ્યા છે. મોટા શહેરોમાં ઘરો નાના ! દીકરાઓ એમાં પોતાના પરિવારને માંડ સમાવતા હોય, એમાં ઘરડા મા-બાપને એક આખો રૂમ શી રીતે આપે ? અને ગામમાં કે નાની સીટીમાં વર્ષોથી રહેવા ટેવાયેલા મા-બાપને મોટા શહેરોના નાના ઘરોમાં અને ભીડભાડમાં આમ પણ સેટ ન થાય. છેવટે તેઓ પોતાના જૂના ઘરોમાં જ રહે.

આ બધાનાં દીકરાઓ છે, છતાં નથી...

એના બદલે એ દીકરો શાસનનું રત્ન બને, તો માત્ર એનું સ્મરણ પણ, એના ફોટાનું દર્શન પણ મા-બાપને પરમસુખી બનાવી દે, માત્ર દીક્ષાના આલ્બમ પણ એમના રોમ-રોમમાં આનંદ ભરી દે. **પૂછી લેજો સાધુ-સાધ્વીના મા-બાપને, એમના અંતરની ખુશી માટે !**

હા ! ત્યાં પણ કોઈક દુઃખી દેખાશે, પણ એ ઓછા ! અને એમાં ય એ ગેરંટી તો છે જ ક્યાં કે એમના દીકરાએ દીક્ષા ન લીધી હોત, એ સંસારમાં રહ્યો હોત, તો મા-બાપ સુખી હોત....

બધાને દીક્ષા આપી દેવી, એ વાત જ નથી. જો એમ ધારત તો ભવ્યને ક્યારનીય દીક્ષા આપી દીધી હોત, હજી પણ આપી શકીએ છીએ, પરંતુ એવી ઉતાવળ અમે કરી નથી. આ કેસમાં વડીલો પાસે વ્યવસ્થિત સલાહ લેશું, એ પછી જ કોઈ નિર્ણય કરશું...

વાત માત્ર એટલી જ છે કે એકાંત દીક્ષાવિરોધ ન કરવો, કઈ કંડીશનમાં દીક્ષા

અપાય, અને કઈ કંડીશનમાં દીક્ષા ન અપાય.. એ દરેક બાબતનો શાંતચિત્તે વિચાર કરવો જરૂરી છે. અને એ વિચાર શાસ્ત્રના જ્ઞાતા ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓ જ કરી શકે. શ્રાવકો એમની પાસે બેસી જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નોત્તર કરી પોતાનું સમ્યગ્જ્ઞાન વધારે.

**ભાનુબહેન બોલ્યા હતા,'મ.સા. ! મારાથી રાત્રિભોજન છૂટતું જ ન હતું. પણ ભવ્યની મોક્ષમાળા પછી પ્રભુની એવી કૃપા ઉતરી કે છેલ્લા આઠ મહિનાથી રાત્રિભોજન છૂટી ગયું છે. પ્રભુની પૂજા થાય છે, ક્યારેક વ્યાખ્યાન પણ સાંભળું છું. અમારા ઘરથી ઉપાશ્રય દૂર પડે છે, એટલે એ ફાવતું નથી...'**

તેઓના ગયા બાદ મને ઈચ્છા થઈ કે ભવ્યના જીવન ઉપર એક નાનું પુસ્તક લખવું.

બસ, આ ઘટના અહીં પૂર્ણ કરું છું.

# ૪૧ - અંતે...

ભવ્યનું ભવિષ્ય શું ? એ ખબર નથી.

એ ફરી પાછો શેરમાર્કેટ વગેરેમાં ફસાશે તો નહિ ને ? લાગતું તો નથી. એણે સામેથી જ હાથ જોડીને બાધા લઈ લીધી છે.

એ શું સંપૂર્ણ દેવું ચૂકવી શકશે ? લાગતું તો નથી. ૨૫ હજારનો પગાર છે, એ બધા પ્રાયઃ ખર્ચાઈ જાય છે, એમાંથી શી રીતે લાખો રૂા.નું દેવું ચુકવે ?

શું કોઈ એનું દેવું ચુકવવા તૈયાર થાય ? લાગતું તો નથી. આટલી મોટી રકમ તો કોણ ચુકવે ? શા માટે ચુકવે ?

શું એ દીક્ષા લેશે ? ખબર નથી. વડીલો હા પાડે, એ પહેલી વાત. એ પછી એમને સાધુજીવનની તાલીમ આપવી પડે, એમના સંસ્કારો પ્રમાણે એમને વધારે તાલીમ આપવી પડે... એમાં એ Pass થાય, તો દીક્ષા થાય.

એના માતા-પિતા પ્રસન્ન રહેશે ? એમાં લાગે છે કે **'હા ! રહેશે.'** એમની પાસે હવે એ શક્તિ આવી ગઈ છે. એમણે એટલા બધા દુઃખ વેઠી લીધા છે કે હવે નાના-નાના દુ-ખો તો એમને કંઈ જ નહિ લાગે. ૫૦ ડીગ્રી ગરમીમાં રહેનારાને પછી ૩૦ ડીગ્રીમાં રહેવાનું આવે, તો એને તો સ્વર્ગ જ લાગે ને !...

ભવ્ય પોતાનું દેવું ચુકવી શકશે કે નહિ ? એ તો ખબર નથી. પરંતુ એમના મમ્મી-પપ્પા તો પોતાના વૃદ્ધાશ્રમનું દેવું ચુકવી જ શકશે. ભવ્યને પૈસા આપનારા તો પૈસા કમાઈ લેવાની ઈચ્છાથી જ આપતા હતા. જ્યારે એમના મમ્મી-પપ્પાને ૫૦ દિવસ આશરો આપનાર વૃદ્ધાશ્રમે તો એમની પાસે કોઈ અપેક્ષા રાખી જ ન હતી. નિઃસ્વાર્થ સેવા કરી હતી. વીરપુર સૌરાષ્ટ્રની પાસે **ચરખડી** ગામ છે, ત્યાં જ હાઈસ્કુલની સામે

**'ત્રિરંગા'** નામનો વૃદ્ધાશ્રમ છે. મા-બાપના જણાવ્યા પ્રમાણે

(૧) ત્યાં સવારે ચા + કોઈ પણ એક ગરમ નાસ્તો (સાત દિવસ બદલાયા કરે.)

(૨) બપોરે રોટલી-પુરી-દાળ-શાક-ભાત-ગોળ-છાશ-પાપડ અને રોજ ૧ મીઠાઈ...

(૩) સાંજે ખીચડી-કઢી-રોટલી-શાક-ગોળ... તો ક્યારેક ઢોંસા વગેરે પણ હોય...

(૪) બપોરે ચા એક્સ્ટ્રા...

(૫) ટેબલ-ખુરશી પર બેસીને જમવાનું

(૬) બગીચો...

વગેરે ઘણી બધી સુવિધા ત્યાં છે. સૌથી વધારે સુવિધા તો છે **નિઃસ્વાર્થ પ્રેમની !** જે વૃદ્ધો કંઈ જ આપી શકવાના નથી, એ વૃદ્ધો માટે આવી સંસ્થાઓ કામ કરે છે.

નકામા પશુઓ માટેની પાંજરાપોળ સંસ્થા મહાન છે, પણ ભારતની પ્રજા માટે એ કલંક છે, કે એ પ્રજા પોતાના પશુઓને પાળતી નથી.

નકામા વૃદ્ધો માટેની વૃદ્ધાશ્રમસંસ્થા મહાન છે, પણ ભારતના સમાજો માટે એ કલંક છે, કે સમાજના કપૂતો પોતાના મા-બાપને સાચવતા નથી.

મુંબઈથી સૌરાષ્ટ્ર ગયા, ત્યારે શરૂઆતના ત્રણ દિવસ તો આ કપલ ૫૦૦ રૂા. ના દિવસના ભાડાવાળા ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા, કેમકે રહેવાની કોઈ જગ્યા ન હતી. અને વીરપુરના જલારામ બાપાના આશ્રમમાં ત્રણેય ટાઈમ ફ્રી ખાધુ હતું. સવારે માત્ર ચા, (જેટલી જોઈએ એટલી), બપોરે પુરી-શાક-દાળ-ભાત-બુંદી/લાપસી, સાંજે પણ વ્યવસ્થિત ભોજન, બપોરે ચા... ત્યાં જે આવે, જેટલા આવે... એ બધાને આ સદાવ્રતમાં ભોજન મળે.

ત્રણ દિવસ બાદ ચરખડીના ત્રિરંગા આશ્રમમાં એમને પ્રવેશ મળી ગયો હતો. એવી ભાવના છે કે જે ૫ લાખ રૂા. એમને મળ્યા છે, એમાંથી ૧ લાખ રૂા. એ જ મા-બાપના હાથે એ જ આશ્રમમાં અપાવવા... આ એમના માટે સાચી ઋણમુક્તિ હશે.

કદાચ એ આશ્રમ માટે પણ આ પહેલો પ્રસંગ હશે કે એ જગ્યાએ દાખલ થયેલા વૃદ્ધો પાછા પોતાના ઘરે ખુશી ખુશી ગયા હશે, અને સંસ્થાનો ઉપકાર માનીને પાછા ત્યાં ઋણમુક્તિ પામવા માટે કંઈક આપવા માટે આવ્યા હશે...

બસ, અંતમાં...

જૈનસંઘને, ધનવાનોને મારી વિનંતિ છે. આ ઘટના ઘણા સંદેશાઓ આપી જાય છે. મારે એ સંદેશા સ્પષ્ટ રૂપે બતાવવાની આમ તો જરૂર નથી, છતાં તમે બધા વાચકો જો ચિંતન ન કરો, તો તમે એ સંદેશને પકડી નહિ શકો....

# સંદેશ-ઉપદેશ-પ્રેરણા-હિતશિક્ષા

**(૧) Easy Money ના ચક્કરમાં યુવાનોએ ફસાવા જેવું નથી. મહેનતની + નીતિની કમાણી ઓછી હશે, તો પણ એ આજીવન ટકશે, ધીરે ધીરે વધશે, અને આસમાનને અડશે. અને ખોટા રસ્તાની કમાણી કદાચ શરૂઆતમાં જલ્દી થઈ જશે, પણ એ જેટલી જલ્દી થશે, એટલી જ જલ્દી જતી રહેશે. એ ટકશે નહિ, અને શરૂઆતમાં વધારે હશે, પણ ધીરે ધીરે સંપૂર્ણ સાફ થશે, ઉલટું મોટા નુકસાનમાં ઉતારી દેશે.**

આ વાક્યો નાના છે, પણ ગંભીર છે. શ્રી ધર્મબિન્દુમાં ૧૬૦૦ વર્ષ પૂર્વે પૂજ્ય હરિભદ્રસૂરિજી મ.એ આ આખો પદાર્થ વિસ્તારથી બતાવેલો છે. જ્ઞાની ગુરુ પાસે જઈને એનો અર્થ જાણજો.

બૃહસ્પતિ કહે છે કે **'પૈસા કમાઈ લેવાનો શ્રેષ્ઠ ઉપાય છે અવિશ્વાસ !'**

પણ મહાન આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે કે **'પૈસા કમાઈ લેવાનો શ્રેષ્ઠ ઉપાય છે નીતિ ! સચ્ચાઈ !'**

બૃહસ્પતિ સગા બાપ/દીકરા ઉપર પણ શંકા કરવાનું શીખવાડે છે.

**આચાર્યદેવ ભોળા ઘરાકો સાથે પણ પ્રેમ કરતા શીખવાડે છે.**

બૃહસ્પતિ ધનની લાલચ વધારવાનું શીખવાડે છે.

**આચાર્યદેવ સંતોષના + સત્ત્વના રસ્તે ધન વધારવાનું શીખવાડે છે.**

આચાર્યદેવ કહે છે -

(૧) ધન કમાઈ લેવાનો શ્રેષ્ઠ રસ્તો છે નીતિ !

(૨) અનીતિથી ધનની કમાણી શક્ય જ નથી.

(૩) કદાચ પાપાનુબંધી પુણ્યના ઉદયથી અનીતિ દ્વારા પણ ધનકમાણી થઈ જાય, તો પણ પાયા વિનાના મકાનની જેમ એ કમાણી બહુ ઝડપથી ખતમ થવાની, વધારે નુકસાન સાથે ખતમ થવાની... એ ધનવાન ગરીબ નહિ, પણ દેવાદાર બનવાનો.

તમામ ધનપ્રેમીઓ આ મહાન ઉપદેશને ધ્યાનમાં લે.

બાધા જ લઈ લે કે ક્રિકેટનો સટ્ટો + શેર માર્કેટનો સટ્ટો + કેશીનો + પૈસાનો

જુગાર (પત્તાબાજી દ્વારા) + ડબ્બા જુગાર + મટકાનો જુગાર વગેરે કોઈપણ પ્રકારના આવા Easy Money ના રસ્તાઓ ઉપર ક્યારે પણ પગ પણ મુકવો નહિ...

**(૨) શક્તિ પ્રમાણે સાધર્મિકોને સહાય કરો.**

સંસારી ભાભી સીમા બહેન, કવિતાબહેન, રીન્કુબહેન અને છેલ્લે નીતિનભાઈ આ બધાએ જબરદસ્ત સાધર્મિક ભક્તિ કરી. એ સિવાય પણ કેટલાય લોકોની અંતરથી ભાવના હતી જ, પણ અમે એ રીતે એમને પૈસા અપાવવા માંગતા ન હતા. એ શરીરથી સક્ષમ છે, સ્વયં કમાય અને પોતાની કમાણી ઉપર સાદગી ભરેલું જીવન જીવે. સંઘર્ષ કરતા શીખે.

લાખો-કરોડોના ચડાવા ભલે બોલો, પણ ૧૦% રકમ આ તરફ પણ ખર્ચ કરતા જાઓ.

ધ્યાન રાખજો, જિનમંદિર + જિનપ્રતિમા + પુસ્તકો આ જૈનોના જૈનત્વને બચાવવાના, વધારવાના સાધનો છે. પણ જો જૈનો આ સાધનોનો ઉપયોગ જ નહિ કરે, તો એ સાધનોનું કામ શું ? દેરાસર છે, પણ પૂજા કરનારા જ ન હોય તો ? ઉપાશ્રયો છે. પણ વ્યાખ્યાન સાંભળનારા, સામાયિક-પ્રતિક્રમણ કરનારા ન હોય તો ?

જૈનો સુખી હશે, ચિંતામુક્ત હશે... તો તેઓ સાધનોનો ઉપયોગ કરશે, તો તેઓમાં જૈનત્વ પ્રગટ થશે, મજબુત થશે, વધશે.

સાધર્મિકોની કોઈપણ હિસાબે રક્ષા કરો.

એમના અર્થ-કામની રક્ષા-વ્યવસ્થા ધનવાનો, જૈનસમાજ કરે.

એમના જૈનત્વની = ધર્મની રક્ષા-વ્યવસ્થા ધનવાનો, જૈનસંઘ કરે.

એમના જૈનત્વની = ધર્મની રક્ષા-વૃદ્ધિ સાધુ-સાધ્વીઓ કરશે...

**(૩) પાપોનો પશ્ચાત્તાપ + પાપોનો સ્વીકાર + પ્રાયશ્ચિત્ત + અકરણનિયમ કરો.**

ભવ્યે પોતાના તમામ પાપોનો ઘોર પશ્ચાત્તાપ કર્યો, એ પછી ૧૨૦ પાના લખીને એ પાપોનો સ્વીકાર કર્યો, એ પછી ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત પણ કરવા લાગ્યા, અને એ પાપ ફરી ન કરવાનો સંકલ્પ પણ લીધો, તો આજે એનું જીવન કેવું સુધરી ગયું છે ? એ નજર સામે દેખાય છે.

**(૪) પાપીને તું પ્યાર કરી લે, પાપીનો ઉદ્ધાર થશે.**

આ ગીતનો ભાવાર્થ સ્પષ્ટ જ છે. એ ભવ્ય પાપી હતો, પણ એને ધિક્કારશું, તો એ વધારે બગડશે, વધારે નુકશાન કરશે. એને હૈયાનો સાચો પ્રેમ આપ્યો, સૌએ આપ્યો. ને આજે એનો ઉદ્ધાર થયો. એણે કરેલા પાપો પણ પશ્ચાત્તાપાદિ દ્વારા ધોવાતા

જશે. કર્મો નિકાચિત બાંધ્યા હશે, તો ભોગવવા પડશે. પણ સંસાર વધારનારા નહિ બને.

તમારા ઘરે, ઓફિસમાં કે બધે... બગડેલાને ધિક્કારીને વધારે બગાડો મત. પણ એમને સુધરવાનો મોકો પ્રેમથી + માફીથી + ચતુરાઈથી આપો. સાવચેતી ચોક્કસ રાખો. વિવેક ચોક્કસ રાખો, પણ સાથે સાથે પ્રેમ + માફી નામનો ગોળ નાંખીને એ સાવચેતી નામના કારેલાના શાકને મીઠું બનાવી દો...

**(૫) દુઃખમાં કે દોષમાં દેવ-ગુરુનું જ શરણ લો.**

ભવ્ય જ્યાં સુધી દુઃખોથી બચવા સંસારીઓનું શરણ લેતો રહ્યો, ત્યાં સુધી વધુ ને વધુ ફસાતો જ ગયો. વધુ ને વધુ દુઃખી બનતો જ ગયો.

**કુલપાકજી તીર્થમાં** એમણે ભગવાનનું શરણ લીધું. **આંબિલ તપનું** શરણ લીધું. એ પછી સુગુરુનું શરણ લીધું, ઉપધાનનું શરણ લીધું અને આ ચમત્કાર એના જીવનમાં સર્જાયો.

**(૬) દગો-ધોખો-જૂઠ આ બધું કાયમ માટે છોડી દો.**

આ બધાના કારણે કેટલા લોકો પરેશાન થાય, કેટલા લોકોની જીંદગી બરબાદ થાય, કેટલા લોકો ત્રાસ પામે, કેટલા લોકોની હાય લાગે... એ પરિવારોની રાતની ઉંઘ હરામ થાય, દિવસના ભોજન કડવા થાય. શ્વાસે શ્વાસે ઝેર ઘોળાય... એ તો એ પરિવારોને નજરથી જોશો, તો ખબર પડશે...

**(૭) સાધર્મિકોને એમના પગ ઉપર ઉભા કરવા માટેની મહેનત કરો.**

સંઘમાં જે સકલ સંઘ-સ્વામી-વાત્સલ્ય થાય, એ બધા માટે હોય છે. ધનવાન-મધ્યમ-ગરીબ ! ગરીબ સાધર્મિકોને દર મહિને ૧૦૦૦-૫૦૦૦ રૂા. પહોંચાડવા એ પણ સાધર્મિક ભક્તિ છે. પણ આ બધા કરતા શ્રેષ્ઠ ભક્તિ એ છે એ સાધર્મિકોને નોકરી-ધંધામાં જોડવા અને એ રીતે તેઓ ખુદ કમાઈને ખુમારીથી જીવતા શીખે.

આ ત્રીજા પ્રકારનું સાધર્મિક વાત્સલ્ય શ્રેષ્ઠ છે. આપણે એના ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ. નીતિનભાઈએ આખા પરિવારને ચેન્નઈ બોલાવી લીધો, Free માં કશું ન આપ્યું, એમને નોકરી આપી, એના બદલામાં પગાર આપ્યો... તો એ આખો પરિવાર ખુમારી સાથે જીવતા શીખ્યો. એ ખુમારી સાથે જ જીવતો હતો, પરંતુ આપણી ખોટી મદદ, કામ વિનાની મદદ એમને આળસુ બનાવી દે, તો તેઓને નુકસાન વધુ થાય ને !

સાધર્મિકોને મદદ નહિ, પણ મહેનત આપો.

મેં આ સાત ઉપદેશ આપ્યા છે.

તમે તમારી બુદ્ધિ દ્વારા બીજા પણ ઘણા બધા ઉપદેશો સ્વયં જ સમજી શકો છો. આજે મને ખુશી છે કે એક નાનકડા પરિવારને જિનશાસનનો રાગી બનાવવામાં હું નિમિત્ત બન્યો, પ્રભુ મને આ શક્તિ, આવી શક્તિ વધુ ને વધુ આપે...

**( १ ) अजीब दास्ता है ये, कहां शुरु कहां खतम ?**
**यह मंझिले है कौन सी, न वो समझ सके न हम !**
**( २ ) किसी का प्यार लेके तुम, नया जहां बसाओगे,**
**ये शाम जब भी आयेगी, तुम हम को याद आओगे ।**

॥ અર્હં નમઃ ॥

॥ નમોડસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥

# પરિશિષ્ટ-૧

# સ્ટૉક માર્કેટ કે શાર્ક માર્કેટ ?

આ ૨૧મી સદીમાં બધાને ફટાફટ કરોડપતિ બનવું છે અને એ દોડમાં ૯૦% લોકોની હાલત રોડપતિ જેવી થઈ જાય છે... આજના સૂત્રો છે, **'જે દેખાડે, તે દેખાય.' 'જેની પાસે પૈસા, તે પરમેશ્વર'** અને એ સૂત્રોને પોતાના જીવનમાં વણીને Status, Glamour પાછળ આંધળા કેટલાય ભવ્ય જેવા ગાંડાઓએ પોતાના ઘર-પરિવાર બધાંને બરબાદ કરી નાંખ્યા છે અને તો પણ થોડા ગાંડાઓ એવા છે કે જેઓ આ બધું જાણવા છતાં ગાંડા જ બનવા માંગે છે... જાગતાંને જગાડવા જેમ મુશ્કેલ છે, તેમ ડાહ્યા ગાંડાઓને ડાહ્યા બનાવવા પણ મુશ્કેલ છે.

૯ વાગે અને ઘરમાં બધાની બેંડ વાગે એવી હાલત શેરમાર્કેટના રસીયાઓની છે. ૯ વાગે અને ટી.વી.-મોબાઈલ ચાલુ થાય અને શેરમાર્કેટના ઈન્વેસ્ટરોની ધડકનો પણ ઊપર-નીચે થાય. અને ધડકનો જો ક્યારેક ચુકાઈ જાય તો એ વ્યક્તિની જીવનની આશા પણ મુકાઈ જાય... તો જીવતા છતાં મારનારા શેરમાર્કેટના આધારે કોને જીવવું પસંદ આવે ? પણ બધાં આંધળા + ગાંડા જ છે ? **'જીને કે હૈ ચાર દિન, બાકી હૈ બેકાર દિન'**ની મેન્ટાલિટીવાળાઓ સાચે જ પરિવાર, સમાજ, દેશ માટે બોજ સ્વરૂપ છે, કેમકે તેઓ પોતે તો ડૂબે જ છે, પણ સાથે બધાને લઈને ડૂબે છે અને એ નિર્દોષ ડૂબેલા પછી ક્યારે ઉઠી ન શકે.

મુદ્દા અને આંકડાની વાત પર આવતાં... આંકડાઓં જોવા જઈએ તે શેરમાર્કેટવાળાઓને બહુ જ મોટો ખતરો છે... પ્રસિદ્ધ અંદાજા પ્રમાણે શેરમાર્કેટમાં ઘુસનારા ૯૦% લોકો ખાલી હાથે નહીં, પણ હાથ આપીને બહાર આવે એવું મનાય છે... ૧૦% લોકો કમાવે અને ૯૦% લોકો ગુમાવે એવું જોવામાં આવ્યું છે.

એમાં પણ ડે-ટ્રેડિંગ, ડબ્બા ટ્રેડિંગ, મટકા ટ્રેડિંગ, MCX ના રસીયાઓને તો બહુ મોટી લાલબત્તી છે. **યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, બર્કલી ના રિસર્ચ** પ્રમાણે આ ડે-ટ્રેડિંગ કરનારા લોકોને ૨ વરસમાં શેરમાર્કેટ છોડવું પડે અને ૮૦% તેઓનો વ્યાપાર પ્રોફિટેબલ નથી હોતો એટલે કે તેઓ લૉસ જ કરે.

ભારતની વાત કરીએ તો ૨૦૨૩ના વરસમાં ૫૦૦+ ટ્રેડસ કરનારા ૮૦% લોકોને નુકસાન જ થયું હતું અને ઈક્વીટી કેશ સેગમેન્ટવાળા ૭૦% ઈન્વેસ્ટરોને માઈનસ હાથે બહાર આવવું પડ્યું હતું. પણ કહેવાય ને **'હાર્યો જુગારી બમણું રમે'** અને એટલે જ આ જુગારીઓ આટલી માર પડવા છતાં SEBI ની રીપોર્ટને પણ માનવા તૈયાર થતા નથી. એમને લાગે છે કે અમે પણ રાકેશ ઝુનઝુનવાલા બનશું અને નહીં મૂતરવાના કારણે મરશું. શેરમાર્કેટવાળાઓને મૂતરવાનો સમય પણ મળતો નથી એ કેવું ગાંડપણ હશે એ સમજવાની વસ્તુ છે.

યંગ જનરેશન માટે તો શેરમાર્કેટ વિષ છે કેમકે SEBI ની રીપોર્ટ પ્રમાણે ૨૦૨૩ માં ૩૦ વરસથી નીચેના ૭૬% લોકોએ નુકસાન જ કર્યું છે. તમારો નંબર ૭૬માં લાગશે કે ૨૪માં લાગશે એ શું તમને ખબર છે ?

ચલો, પૈસા અને આંકડાઓની વાત Side માં મૂકીએ... એવું કહેવાય છે કે **'હેલ્થ ઈઝ વેલ્થ...'** જે વ્યક્તિ આ વસ્તુને ન માને એની વેલ્થ હેલ્થમાં જાય અને એના પછી પણ એ વેલ્થ હેલ્થ ફરીથી લાવવામાં નાકામ જ રહે.

આજે આપણે હેલ્થના પાંચ આયામોથી શેરમાર્કેટ કેમ ખરાબ છે, તે વિચારશું ? હેલ્થના પાંચ આયામો પહેલા જોઈ લઈએ -

**(૧) સ્પીરીચ્યુઅલ હેલ્થ, (૨) ફાઈનાન્શીયલ હેલ્થ, (૩) મેન્ટલ હેલ્થ, (૪) ફીઝીકલ હેલ્થ, (૫) સોશિયલ હેલ્થ...**

જ્યારે શેરમાર્કેટમાં કોઈક વ્યક્તિને લોસ થાય, ત્યારે તેની અસર ડાયરેક્ટ આ પાંચ વસ્તુઓ ઉપર પડે છે, એવું રીસર્ચો કહે છે અને તમે એ Google કરીને સ્પષ્ટ જોઈ શકો છો. આપણે સૌથી પહેલાં સ્પીરીચ્યુઅલ (આધ્યાત્મિક) દૃષ્ટિએ શેરમાર્કેટના નુકસાન જોઈ લઈએ...

**(૧) સ્પીરિચ્યુઅલ નુકસાન :**

(A) **શ્રદ્ધા બરબાદ :** જ્યારે વ્યક્તિ શેર્સમાં હારે-લૉસ કરે, ત્યારે એની શ્રદ્ધા પ્રભુ પરથી ઉઠી જાય, એવું જોવામાં આવે છે. 'પ્રભુ ક્યાં છે ?' એવો પ્રશ્ન એના મગજમાં ઉભો થાય, કેમકે એને એવું લાગે કે 'પ્રભુ મને મારી મૂર્ખ પ્રવૃત્તિઓમાં મદદ કરશે...' પણ 'God Helps those who help themselves' પ્રભુ તેઓની મદદ કરે જે પોતાની મદદ કરે... જે ડૂબવા જ ઈચ્છે એને પ્રભુ કેવી રીતે મદદ કરે ? અને તેથી આ જુગારીઓનો વિશ્વાસ પ્રભુ પરથી ઉઠી જાય.

(B) **આનંદ બરબાદ :** શેર્સમાં ડૂબનારા વ્યક્તિઓને પ્રભુદર્શન, પ્રભુ પૂજા, પ્રભુ

સ્તવના આદિથી મળતો આનંદ પણ ખોવાઈ જાય... તેઓને એકલતા લાગે અને તેમનો કોઈ નથી એવું લાગે અને એટલું જ નહીં 'ધર્મથી મને શું ફાયદો થયો ?' એવા નાસ્તિક્તાભર્યા વિચારો સો ટકા આવે. એકવાર વ્યક્તિ ધર્મથી દૂર થાય, તો એનું પુણ્ય વધવાનું નહીં, ઘટવાનું જ છે અને આ જીવનમાં એ ઉઠવાનો નહીં, ડૂબવાનો જ છે.

(C) **અંતર બરબાદ :** શેરમાર્કેટમાં ડૂબનારો અંદરથી ટૂટી જાય... શેરમાર્કેટવાળા લોકો લગભગ ગુસ્સામાં, દુ:ખમાં, ફ્રસ્ટ્રેશનમાં જ હોય અને તેઓ અંદરથી આગળ ન વધી શકે... તેઓ પોતાના લૉસની નીચે ડૂબી જાય અને તેથી **'મારી આ દુનિયામાં કોઈ જ વેલ્યુ નથી.'** એવું તેઓ અંદરથી અનુભવવા લાગે.

(D) **ધ્યાન બરબાદ :** જે વ્યક્તિઓં શેરમાર્કેટમાં ડૂબેલા હોય, તેઓ ધ્યાન કરવા બેસે, તો પણ ધ્યાન કરી ન શકે, કેમકે તેઓના ધ્યાનને સ્ટ્રેસ જ ખાઈ લે. સતત મનમાં આંકડાઓ અને સ્ટૉક જ દેખાયા કરે અને એમની આધ્યાત્મિક વિકાસયાત્રા સ્ટૉપ થઈ જાય... સ્ટૉક એટલે આત્માના ગુણોનો ફૂલસ્ટૉપ.

(E) **સિદ્ધાંત બરબાદ :** શેરમાર્કેટમાં ડૂબેલાઓ પૈસા માટે પોતાના સિદ્ધાંતોને પણ સાઈડમાં મૂકવા તૈયાર થઈ જાય... અને જે વ્યક્તિ પોતાની ગુણવત્તાને સાઈડ પર મૂકી દે, તેઓ માણસ તરીકે મરી જાય અને પશુ કરતાં પણ ભૂંડા બની જાય, કેમકે પશુઓને પણ પોતાના સિદ્ધાંતો તો હોય જ છે. લૉસને રિકવર કરવામાં એ વ્યક્તિઓના બધાં ગુણો કાળા ધંધાઓથી કવર થઈ જાય અને પછી તેઓ આધ્યાત્મિક દૃષ્ટિએ ભિખારી જ થઈ જાય.

(F) **ભક્તિ બરબાદ :** શેરમાર્કેટમાં ઘુસ્યા પછી ૨ કલાક ધર્મ કરનારો વ્યક્તિ ૨ મિનિટના ધર્મ પર આવી જાય. પૂજા બંધ, પ્રભુપ્રેમ બંધ, બસ દર્શન કરો, હાજરી પ્રભુ સામે લગાવી દો અને પછી માર્કેટમાં રખડ્યા કરો.

(G) **શાંતિ બરબાદ :** સૌથી મોટું નુકસાન શેરમાર્કેટનું એ છે કે જે પૈસાનું ફળ શાંતિ છે એ જ શાંતિ ખોવાઈ જાય... અને એકવાર શાંતિ ખોવાઈ જાય પછી ધર્મ કરવાની ઈચ્છા જ ક્યાંથી થાય ? ધર્મ પર અહોભાવ આવે ક્યાંથી ? પોતાનાથી હારેલ વ્યક્તિ ધર્મને શું સાચવશે ?

(H) **મોટિવેશન બરબાદ :** જે વ્યક્તિ પોતે હારેલી હોય, એને ગુરુના શબ્દો પણ બહાર કાઢી શકે નહીં. એના જીવનમાંથી આધ્યાત્મિક્તા માટે જરૂરી મોટિવેશન નામની વસ્તુ જ ગાયબ થઈ જાય અને મોટિવેશન એ જીવનના પ્રાણસ્વરૂપ છે કે, મરી જાય.

બીજી હેલ્થ ફાઈનાન્શિયલ હેલ્થ છે. એમાં શું નુકસાન થાય તે જોઈએ...

(૨) **ફાઈનાન્શિયલ નુકસાન :**

(A) **સુવિધા બરબાદ :** જ્યારે એક વ્યક્તિ શેરમાર્કેટમાં પૈસા ગુમાવે, ત્યારે એની અસર પરિવારના ખર્ચ ઉપર પડે. પહેલા પરિવાર સારી રીતે, બધી સુવિધાઓ સાથે જીવતો હોય, પણ પછી એને તંગી અને કસરપૂર્વક જીવવું પડે કે જેથી અંદરના તનાવો વધે...

(B) **રોટેશન બરબાદ :** ખર્ચવાની શક્તિ તૂટી જતાં દેશને પણ નુકસાન થાય કેમકે દેશની આર્થિક સ્થિરતા કેશ + પૈસાના રોટેશનથી થાય. જે ડૂબેલી વ્યક્તિ છે, તે પૈસા ખર્ચે નહીં કાં તો ઓછા ખર્ચે અને તેથી પૈસાનું રોટેશન ન થાય, જેથી દેશ ડૂબે.

(C) **બેંક બરબાદ :** એક-એક કરીને જ્યારે ઘણાં બધાં લોકો ઉઠતા જાય, ત્યારે સૌથી વધારે નુકસાન બેંકોને થાય અને એ બેંકની પોલિસીઓ બદલાય કે જેનાથી ઈન્ટરેસ્ટના દરો વધે કેમકે તેઓને નુકસાનની ભરપાઈ કરવી હોય અને તેથી બધું મોઘું થવા લાગે અને ઈન્ફ્લેશન વધે, મોંઘવારી વધે.

(D) **પોલિસી બરબાદ :** આખા દેશમાં લૉસ ચાલતાં સરકારની પોલિસીઓ બદલાય જેના કારણે ઈન્કમ-ટેક્સ, GST બધામાં ફેરફાર થાય અને સામાન્ય માણસને પોતાના પૈસા એ માટે ભરવા પડે. બીજાનો ટોપલો બીજાના માથે નાખવામાં આવે અને બધામાં પૈસાને કર-કસર પૂર્વક વાપરવાની ભાવના પ્રગટે કે જે અંતતઃ તો દેશ માટે નુકસાનકારી જ છે.

(E) **વિશ્વાસ બરબાદ :** જે વ્યક્તિએ શેર-માર્કેટમાં લૉસ કરેલ હોય, તે લોકો પાસેથી લીધેલા પૈસા ભરપાઈ ન કરી શકે અને એક દિવસ એવો ઉગે કે જ્યારે માર્કેટમાં એના ઉપરથી લોકોને વિશ્વાસ ઉઠી જાય અને લોકો એને ક્રેડિટ એટલે કે પૈસા ઉધાર રૂપે આપવાના બંધ કરી દે કે જેનાથી એવી હાલત આવે કે એને મફતની ભોજનશાળામાં સૂટ પહેરીને જમવું પડે અને લોકો એને **સૂટવાળો ભિખારી** કહે.

(F) **રીયલ એસ્ટેટ બરબાદ :** લગભગ લોકો પૈસા શેરબજારમાંથી પોતાની આવશ્યક્તા નહીં, પરંતુ લકઝરીયોને પૂરી કરવા માટે કમાવતાં હોય છે. પણ લૉસ થતાં કે જે લગભગ બધાંને થાય જ, તેઓ પોતે ઈચ્છેલ ઘરાદિ ખરીદી નહીં શકે અને તેથી તેઓના ઘર, જમીનાદિ ન ખરીદવાથી દેશના રીયલ એસ્ટેટ સેક્ટરને મોટું નુકસાન પણ થઈ શકે. એવું જોવામાં આવ્યું છે કે જ્યારે Stock Market માં લોકોને નુકસાન થયું છે, ત્યારે રીયલ એસ્ટેટ કે જે ઈકોનોમીનું પ્રાણ કહેવાય એ ઉડી ગયું છે.

(G) **જૉબ બરબાદ :** હજી થોડુંક દૂરનું વિચારીએ તો, જો વ્યક્તિ શેરમાર્કેટમાં

લૉસાદિ કરે, તો એ પોતાની પાછળની એજ માં પણ કામ કરે અને રીટાયરમેન્ટ પણ ન લે, કે જેથી એની જગ્યા ખાલી થવાથી જે એક બીજી વ્યક્તિને જૉબાદિ મળવાની હતી, તે અટકી અને આથી એક-એક કરતાં મોટા દૃશ્ય પર - ફલક પર બેરોજગારીની સમસ્યા ઊભી થાય. આ આપણી આર્થિક હેલ્થની વાત દેશ અને વ્યક્તિગત સ્તરે પૂરી થઈ.

હવે ત્રીજી હેલ્થ મેન્ટલ એટલે કે માનસિક હેલ્થ = સ્વસ્થતા છે. આ સૌથી વધારે ઈફેક્ટ થાય એવું જોવામાં આવે છે. તમાચો મારીને ગાલને લાલ રાખનારાઓ જેવી હાલત શેરમાર્કેટવાળાઓની હોય છે. તેઓ માનસિક સ્તરે ખોખલાં થઈ જાય અને બહારથી હૃષ્ટ-પુષ્ટ દેખાવાનો નાટક કરે... માનસિક સ્તરે કેવા ક્રૂર અને કેટલા ક્રૂર નુકસાનો થાય તે હવે જોઈએ.

(૩) **મેન્ટલ નુકસાન :**

(A) **ઉંઘ બરબાદ :** શેરમાર્કેટવાળાને ફ્યુચરની ચિંતા બહુ જ વધારે હોય. અને એ ભવિષ્યની બેકારની ચિંતાઓમાં વ્યક્તિને સ્ટ્રેસ અને Anxiety અનુભવાય. જ્યારે સ્ટ્રેસ એક લેવલથી ઉપર જાય, ત્યારે એ વ્યક્તિની ઉંઘ હરામ થવા લાગે અને એને ઈન્સોમ્નિયા જેવી પ્રોબ્લેમો ચાલુ થઈ જાય.

(B) **મન બરબાદ :** શેરમાર્કેટમાં વારંવાર અનપેક્ષિત ઝટકાઓ લાગવાથી વ્યક્તિની આશાઓ તૂટતી જાય અને સાથે સાથે એનું મન પણ તૂટતું જાય અને આ તૂટવાની પરંપરા એને ડીપ્રેશનમાં નાંખી દે. એને બધી વસ્તુઓ કે જે પહેલાં આનંદને આપનારી હતી એ હવે નીરસ લાગે અને તેથી એનું મન દુનિયા પરથી ઉઠી જાય અને તેથી એને પોતે ઉઠી જવાનું મન થઈ જાય.

(C) **મગજ બરબાદ :** જ્યારે મન બરબાદ થાય, માથા પર ભાર વધે, ત્યારે મગજ ચાલવનું બંધ થઈ જાય કાં તો મગજ બગડી જાય. એનાથી વ્યક્તિની એકાગ્રતા બરબાદ થઈ જાય અને એ બરાબર નિર્ણયો લઈ ન શકે કે જેથી એ શેરમાર્કેટમાં હજી ડૂબે. જ્યારે મગજ વધુને વધુ બરબાદ થતું જાય, ત્યારે એની સીધી અસર યાદશક્તિ પર પહોંચે અને વ્યક્તિનું જીવન કન્ફ્યુઝનથી ભરેલું અને ભૂલી જવાના સ્વભાવવાળું થઈ જાય, જે અંતમાં મોત લાવે.

(D) **સ્વભાવ બરબાદ :** શેરમાર્કેટ જ્યારે ચાલુ થાય, ત્યારે બધી વ્યક્તિઓં બહુ જ સમજી-વિચારીને જ ઈન્વેસ્ટમેન્ટ કરતી હોય, પણ જ્યારે વારંવાર ધક્કાઓ લાગે, ત્યારે એના સ્વભાવમાં રિસ્ક લઈને પૈસા ભેગા કરવાની કુટેવ ઘુસે. અને પછી શું થાય એ બધાં જાણે જ છે. એ ડૂબે અને બીજાને મોઢું ન બતાવી શકે એ રીતે ડૂબે. એ ચીડચીડો થઈ જાય અને એનો સ્વભાવ બરબાદ થઈ જાય.

(E) **શરીર બરબાદ :** શેરમાર્કેટના ટેન્શનમાં જીવનારા મૂર્ખાઓ એટલું ટેન્શન લે કે તેઓને A-B-C-D એટલે કે ઍટેક, બ્લડપ્રૅશર, કૉલેસ્ટ્રૉલ, ડાયાબિટીસ બધાં દર્શન આપવા અને ક્યારે ક્યારે સાથે રહેવા પણ આવી જાય. હવે બિમારી આવી, તો દવા લેવી જ પડે, પણ આ ભાગ્યશાળીને દવા લેવાનો સમય પણ ક્યાં મળે અને પછી પોતે જાતે શેરમાર્કેટને બંદ નહીં કરનારાને કુદરત જ હૉસ્પિટલ પહોંચાડીને શેરમાર્કેટ બંદ કરાવી દે અને ઘણીવાર તો હંમેશ માટે આ બંધ થઈ જાય.

(F) **જીવન બરબાદ :** રીસર્ચો પ્રમાણે એવું જોવા મળ્યું છે કે જે વ્યક્તિઓ શેર્સમાં હોય, તે લગભગ હૉસ્પિટલમાં પોતાનું મગજ ચેક કરાવવા જાય. એનાથી ‘હું રોગી છું.’ એવી એની ધારણા દૃઢ બને અને જીવનમાં મજા ઉડી જાય. જ્યારે મજા ઉડે, ત્યારે જીવન સજા લાગે અને જીવન સજા લાગવાથી જીવનને પૂર્ણ કરી દેવાની ભાવના એટલે કે સ્યુસાઈડની ભાવના તીવ્ર થતી જાય. ભાવના ક્યારે રીયાલીટી બને એ કહેવાય નહીં.

(G) **નિયત બરબાદ :** રીસર્ચ પ્રમાણે એવું જાણવા મળ્યું છે કે જે વ્યક્તિ શેરબજારમાં લૉસના શિકાર બને, તેઓ પછી ગેરધંધાઓમાં ઘુસી જાય છે. ગૅમ્બલીંગ, ડ્રગ્સ ડીલિંગ, વગર વિચારે ગૈરકાયદેસર ઈન્વેસ્ટમેન્ટ આદિ જેવી કેટલીય રાજદ્રોહકારી નીતિઓમાં, ધંધાઓમાં એ ઘૂસી જાય છે, જેથી એની નિયત જ બગડી જાય.

આવા તો ચિંતાથી લઈને સ્યુસાઈડ સુધીના કેટલાંય માનસિક ત્રાસોનો ભોગ આ શેરમાર્કેટનો કીડો બને અને અંજામ તો બધાનું એક જ છે - મોત...

હવે આપણે ચોથા આયામને જોશું કે જે આપણે સૌથી પ્યારા શરીરનો છે. શરીર માટે ધનની દોડ ચાલુ હોય અને પછી એક સમય એવો આવે કે ધન માટે શરીરની દોડ થઈ જાય અને જ્યારે શરીર પોતાની ક્ષમતાથી વધારે ઘસવામાં આવે ત્યારે એ

બેસી જાય. પછી જે હોનારતો સર્જાય એ આપણે ફીઝીકલ હેલ્થના નુકસાનોમાં જોશું.

**(૪) ફીઝીકલ નુકસાનો :**

(A) **હેલ્થ બરબાદ :** જ્યારે સ્ટ્રેસ સખત અને સતત ચાલે, ત્યારે હાર્ટની બિમારીઓ, પેટની બિમરીઓ અને હાઈ-બ્લડ પ્રેશર જેવી બિમારીઓ શરીરને ખાવા માંડે. સમજો કે પ્રોફિટ થાય, તો ધન આવે ખરા, પણ ટકે નહીં, કેમકે શરીર જ એને ખેંચી લે... પૈસા પાછળ હેલ્થ માળિયાં પર મુકાઈ જાય.

(B) **ઈમ્યુનિટી બરબાદ :** વધારે પડતી ચિંતા, વધારે પડતા ઉજાગરા આપણી ઈમ્યુનિટીના ધજાગરા ઉડાવી દે. જ્યારે ઈમ્યુનિટી નબળી થાય, ત્યારે બિમારીઓ આપણા શરીરમાં તગડી થાય અને પૈસા પાછળ દોડનારો શરીર પાછળ દોડે અને પછી આ સાયકલ મરણ સુધી ચાલ્યાં જ કરે... પૈસા – શરીર – પૈસા – શરીર...

(C) **વજન બરબાદ :** સ્ટ્રેસના બે કામ છે -

**(૧) વજન વધારવું** - લગભગ શેરમાર્કેટવાળાઓનું જીવન બેઠાડું હોય અને એના લીધે ધનના થર વધે કે ન વધે, પણ પેટના થર તો ગજબના વધે અને પછી જ્યાં વજન ત્યાં બિમારીઓ ફીક્સ છે.

**(૨) વજન ઘટાડવું** - શેરમાર્કેટમાં જ્યારે વધારે વધ-ઘટ થાય, ત્યારે Extra ચિંતાના કારણે વજનમાં પણ વધારે ઘટ જોવા મળે છે. વ્યક્તિની ખાવા-પીવાની અનિયતતાના કારણે, Schedule ન હોવાથી વજન ઘટે.

(D) **હાર્ટ બરબાદ :** ફાયનાન્શિયલ લૉસના કારણે જે સ્ટ્રેસ ઉભો થાય એના કારણે એવું જોવામાં આવ્યું છે કે એવી વ્યક્તિઓને કાર્ડીયો-વેસ્ક્યુલર પ્રોબ્લેમો ઊભી થઈ જાય છે. એના કારણે હાર્ટ એટેક, સ્ટ્રોક, બ્લૉકની શક્યતાઓ બહુ વધી જાય.

(E) **મસલ બરબાદ :** શેરબજારના સ્ટ્રેસથી મસલ ટેન્શન થાય, જેના કારણે માથુ દુઃખવું, પીઠ દુઃખવી અને બીજા પણ અંગો દુઃખવા એ કૉમન વસ્તુ છે.

(F) **સ્ટેમિના બરબાદ :** જે માનસિક ચિંતાઓ આ શેરબજારથી ઊભી થાય એના કારણે વ્યક્તિને થાક બહુ સહેલાઈથી અનુભવાય. તનના થાકથી પણ મનનો થાક બહુ જ કાતીલ હોય છે. એનાથી આખું તન ઢીલું થઈ જાય. અને એકવાર તન થાકે, તો દિવસની દરરોજની વસ્તુઓ પણ કરવાની શક્તિ મરી જાય.

(G) **ભોજન બરબાદ :** શેરબજારની સૌથી માઠી અસર ખાવાની આદતો પર પડે છે. એટલે કે જે શેરબજારમાં ઘુસી જાય એ વ્યક્તિ કાં તો વધારે પડતું ખાય કાં તો બહુ જ ઓછું ખાય અને બન્ને વસ્તુ હેલ્થ અને ભોજન પદ્ધતિને બરબાદ કરી દે.

આપણે સંક્ષેપમાં શરીર સંબંધી હેલ્થના મુદ્દાઓ જોઈ લીધા.

હવે, સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ કે જેના ઉપર આખો ભારત દેશ ટકેલ છે, એટલે કે ભારતદેશની એકતા ટકેલ છે તે સોશિયલ હેલ્થ એટલે કે સોસાયટીમાં જીવવું એ પણ શેરમાર્કેટના કારણે બરબાદ થઈ જાય. એ કેવી રીતે, તે આપણે હવે જોઈશું.

**(૫) સોશિયલ હેલ્થ :**

(A) **રીલેશન બરબાદ :** એક બહુ જ ગંભીર બાબત રીસર્ચમાં આગળ આવી છે. શેરમાર્કેટમાં નુકસાન કરીને ઘરે આવેલો પતિ, પિતા, પત્ની, બાળકો ઉપર ડૉમિસ્ટિક વાયોલેન્સ ગુજારે છે એટલે કે બાળકો, પત્નીને મારવી, એને ખરાબ-ખરાબ શબ્દો, ગાળો બોલવી અને આવા તો અગણિત અત્યાચારો એ વ્યક્તિ કરે. આના કારણે છુટાછેડા, શત્રુતા જેવા કેટલાય રીલેશન્સને તોડનારી ઘટનાઓ ઉભી થાય.

(B) **એજ્યુકેશન બરબાદ :** શેરમાર્કેટમાં હારેલી વ્યક્તિ પોતાના બાળકોને સારી સ્કુલોમાં, કૉલેજોમાં મોકલી ન શકે. માનો કે એ મોકલી પણ આપે, એડમિશન પણ લઈ લે, પણ અમુક સમય પછી એને પોતાના બાળકોને સ્કુલ ચેન્જ કરાવવી પડે, અને નાની સ્કુલમાં મોકલવાથી એજ્યુકેશનનો સ્તર અને સંસ્કાર બરબાદ થઈ જાય. દીકરા કે દીકરીને આગળ સારી જગ્યાએ ભણવું હોય, તો ફટીચર બાપ તેઓને મોકલી ન શકે. એના લીધે દીકરા-દીકરીના કરીયર પણ બરબાદ થઈ જાય.

(C) **કમ્યુનિટી બરબાદ :** કોઈ વ્યક્તિ શેરબજારના કારણે પોતાના હાથ ઉપર કરી દે, તો એ જે જ્ઞાતિનો હોય, કમ્યુનિટીનો હોય, એનું નામ બરબાદ થઈ જાય. એ કમ્યુનિટીવાળાઓ સામે તો એ વ્યક્તિ મોઢું ન જ બતાવી શકે, પણ સાથે-સાથે એ કમ્યુનિટીવાળાઓ પણ પોતાનું મોઢું ન બતાવી શકે, કેમકે લોકોનો વિશ્વાસ જ એ કમ્યુનિટી ઉપરથી ઉઠી જાય. દક્ષિણ ભારતમાં આવું બધું વિશેષથી જોવા મળે છે.

(D) **લાઈફસ્ટાઈલ બરબાદ :** જે વ્યક્તિ શેરબજારમાં ઉલઝેલો હોય, તે સોસાયટીના સ્ટેન્ડર્ડ સાથે જીવી ન શકે. ક્યારેક પૈસા ઓછા પડે, તો ક્યારેક સમય ઓછો પડે અને પછી પૈસા-સમયના આ ઝોલમાં એની સોસાયટી સાથેની લાઈફસ્ટાઈલમાં પણ હોલ પડી જાય. એ પોતે શાંતિથી સમાજ સાથે જીવી ન શકે.

એની સોશિયલ એક્ટીવીટીઓ સમય અને પૈસાના કારણે અટકી જાય.

(E) **ઘર બરબાદ :** જેમ આપણા ભવ્યને પોતાના ૨-૨ ઘરો વેચવા પડ્યા, એ રીતે કેટલાય લોકોને પોતાના ઘરો આ શેરબજારના કારણે વેચવા પડ્યા છે. એમાં નુકસાન એ થાય કે સમાજમાં ઘર વગરની વ્યક્તિની વેલ્યુ રહે નહીં અને એટલે એ વ્યક્તિ પણ સમાજથી દૂર જ રહે અને તેથી સમાજ વિખેરાતો જાય.

(F) **કલ્ચર બરબાદ :** શેરમાર્કેટમાં ઘુસ્યા બાદ મનને રિલેક્સ કરવા માટે, સ્ટેટસ માટે લોકો નશામાં-શરાબમાં-સબસ્ટન્સ-અબ્યુઝમાં ઘુસી જાય છે. આખા સમાજમાં એનું નામ 'નશેડી' તરીકે બદનામ થાય છે અને પછી એ વ્યક્તિ સમાજના ટોણાં-મેંણાથી સમાજથી દૂર થઈને અંતે પોતાની જ ઘોર ખોદી કાઢે છે. અને એટલું જ નહીં... આવાં જ નશેડીઓ આગળ જઈને મર્ડર, રેપ કરનારા પણ બને છે. પણ એના મૂળમાં તો શેરમાર્કેટ જ હોય છે.

મોટા-મોટા ફિલોસોફરોએ પણ આ માર્કેટથી દૂર રહેવાની સલાહ પોતાના પુસ્તકો અને પ્રવચનોનાં માધ્યમથી આપી છે, પણ એવું કહેવાય કે પૈસાની પાછળ પાગલને કાન નથી હોતા, તેઓને કંઈ પણ સંભળાતું નથી અને તેઓ કોઈનું સાંભળતા પણ નથી. આ બહેરાઓમાં આપણો નંબર ન લાગે, એનું ધ્યાન આપણે જ રાખવાનું છે. આ સ્ટૉક માર્કેટ સ્ટૉક માર્કેટ નહીં, પણ સ્ટૉકને ખાનારો શાર્ક માર્કેટ છે... ક્યાંક આપણું પણ બધું ખવાઈ ન જાય, એ ધ્યાન રાખજો... આમાં Entry બહુ સહેલી છે, પણ Exit સો વાર લાત ખાધાં પછી પણ અઘરી છે... તો પણ લાત ખાવી જ હોય, તો તમારી ઇચ્છા ?

॥ અર્હં નમઃ ॥

॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥

# ભાવિનની દીક્ષા નક્કી

## પ્રસ્તાવના

'આ પુસ્તકનું નામ શું ?' એ નામનું પુસ્તક છપાયું. સેંકડો-હજારો લોકોએ વાંચ્યું. એ ભાઈને લેણદારો તરફથી કોઈ પ્રોબ્લેમ ન થાય, એ માટે એમાં કેટલીક બાબતો બદલી દેવામાં આવેલી. પણ હવે બધી સાચી વાતો જાહેર કરવામાં આવે છે.

(૧) એ યુવાનનું નામ ભવ્ય નહિ, ભાવિન છે.

(૨) એ સૌરાષ્ટ્રનો નથી, પણ કચ્છનો છે.

(૩) એના પોતાના બે ઘરો મુંબઈ, ડોંબીવલીમાં હતા.

આ બધું હવે જાહેર કરવાનું કારણ એ છે કે હવે એને કોઈ ભય રહ્યો નથી... એ ભય કેમ નથી રહ્યો ? એ હવે આ નાનકડા પુસ્તકમાં જણાવવામાં આવશે.

**ગુણહંસવિજય**
બેંગ્લોર કુમારાપાર્ક નૂતન ઉપાશ્રય
તા. ૨૫-૦૫-૨૦૨૫, રવિવાર બપોરે ૧૨-૦૦
મારવાડી જેઠ વદ-૧૩

# પૂર્વભૂમિકા

ઈસવીસન ૨૦૨૩માં નવેમ્બર માસમાં ભાવિને આત્મહત્યાનો વિચાર કરેલો, અને એ વિચાર છોડી પણ દીધો, અને એ પછી માતા-પિતાને રાજકોટ બાજુ મોકલીને એ કુલપાકજી પહોંચ્યો, ત્યાં દિવાળીના દિવસોમાં સળંગ ત્રણ આંબિલ કર્યા, એ પછી પૂ.પં. વિરાગરત્ન મ. અને મુનિ દેવર્ષિરત્નવિજયજીની પ્રેરણાથી વિજયવાડા અરિહંતધામ તીર્થના ઉપધાનમાં જોડાયો. એ ઉપધાનમાં ત્રીસ-પાંત્રીસ દિવસ બાદ એણે આલોચના લખી 60 Page ની ! મને હકીકત ખબર પડી. અને મહેનત કરીને એના માતા-પિતાને શોધ્યા, અરિહંતધામમાં બોલાવી લીધા. ઉપધાન બાદ ચેન્નઈના નીતીનભાઈએ એમને પોતાને ત્યાં નોકરી પર રાખી લીધો. અને લિફ્ટવાળા નવા બિલ્ડીંગમાં એ પરિવાર ભાડેથી રહેવા પણ લાગ્યો...

એ પછી શું બન્યું ? એ હવે જોઈએ...

## હૈદ્રાબાદ તરફ અમારો વિહાર

મારા શિષ્ય અનામીવિજયને દીક્ષાનું દોઢ વર્ષ પસાર થઈ ગયું. પણ વડીદીક્ષા બાકી હતી. કેમકે વડીદીક્ષા પદવીધર મહાત્મા આપી શકે. અને મારી પદવી થઈ ન હતી. અને અન્ય પદવીધર દક્ષિણ ભારતમાં મને મળ્યા ન હતા. એટલે હવે મને થયું કે એકવાર મારે બધા જોગ કરીને પદવી લઈ લેવી જોઈએ. જેથી વડીદીક્ષા આપવામાં ક્યારેય વિઘ્ન ન આવે.

અમારા વડીલ પૂ.આ.જિનસુંદર સૂરિજીએ આ માટે સારી મહેનત કરી, એ વખતે હૈદ્રાબાદમાં પૂ.પં.વિરાગરત્ન મ. બિરાજમાન હતા, એમને વિનંતિ કરી. એમણે અનુમતિ આપી અને અમે ૩૦૦ કિ.મી.નો વિહાર કરીને બધા સાધુ હૈદ્રાબાદ પહોંચ્યા. આમ તો ૧૧ વર્ષ પૂર્વે જ પૂ. ગચ્છાધિપતિ જયઘોષસૂરિજી મ.એ મને અમદાવાદ

આંબાવાડી જૈનસંઘમાં પદવી માટેની અનુમતિ આપી દીધી હતી. પણ એ માટે મારા કુલ નવ મહિનાના જોગ બાકી હતા. જેમ શ્રાવકો ઉપધાન કરે, એમ સાધુઓમાં જોગની આરાધના હોય છે. અમારા જોગ અતિ કઠિન હોય છે. આંબિલ-નીવી તો ખરા જ, પણ એ સિવાય અત્યંત કઠિન ઘણી બધી ક્રિયાઓ હોય છે. એ જોગ મારા નવ મહિનાના બાકી હતા, એ ૧૧ વર્ષ પૂર્વે મારો એવો ઉત્સાહ ન હતો, એટલે જોગ ન કર્યા. અને એટલે પદવી ન થઈ, હવે તો ૧૧ વર્ષ વીતી ચૂક્યા હતા, બસ, માત્ર જોગ કરવાના બાકી હતા.

અને એ નવ મહિનાની વિશિષ્ટ આરાધના માટે અમે વિજયવાડાના ઉપધાન બાદ હૈદ્રાબાદ પહોંચ્યા, અને પૂ.પં.વિરાગરત્ન મ.ની નિશ્રામાં જોગ શરૂ કર્યા...

## સિકંદ્રાબાદમાં ભાવિનના માતા-પિતા

અમારું ચોમાસું સિકંદ્રાબાદમાં હતું, ભાવિનનો એકપણ ફોટો મીડીયામાં ન જાય, એની પાકી કાળજી કરવામાં આવી હતી. કેમકે એ ફોટો ફરતો ફરતો જો એના લેણદારો પાસે પહોંચે, તો ભાવિનને અને એના માતા-પિતાને પ્રોબ્લેમ થવાની પાકી શક્યતાઓ હતી. ભાવિનની ભાવના તો હતી કે, ‘મારે બધા પૈસા ચુકવવા.’ પણ એ ચુકવવા શી રીતે ? પોતાની પાસે તો પૈસા જ નથી. અને રકમ પણ નાની ન હતી. વ્યાજ ન આપે, અને મૂળ રકમ આપે તો પણ લગભગ ૯૦ લાખથી ૧ કરોડ રૂા. જેટલી રકમ ચુકવવાની થતી હતી. એમાં બેંકલોન, ભાગીદારના પૈસા અને નાના-મોટા કુલ ૧૦૦ થી પણ વધારે માણસોની નાની-મોટી રકમ આમાં સામેલ હતી.

એકવાર ચોમાસામાં ભાવિન અને એના માતા-પિતા સિકંદ્રાબાદમાં દર્શન-વંદન માટે આવ્યા. બપોરે ગોચરી બાદ બેઠા, ત્યારે મેં ભાવિનને પૂછ્યું, ‘તમારે દીક્ષા લેવાની ભાવના છે ?’ એમણે એક સેકંડમાં હા પાડી...

મેં એમના માતા-પિતાને પુછ્યું કે, ‘તમે તો ઘરડા છો. ૬૦ ઉપર ઉંમર છે. તમે

ભાવિનને દીક્ષા માટે હા પાડશો ?'

મને એમ હતું કે, 'તેઓ ના પાડશે.' કેમકે એમને સાચવનાર કોઈ ન હતું. બીજા કોઈ દીકરા કે દીકરી... કોઈ નહિ, અને પોતાનું ઘર નહિ, કોઈ મૂડી નહિ, તો તેઓ પોતે રહે ક્યાં ? શું ખાય ? શું પીએ ? તેઓ તો હવે સ્વયં કમાઈ શકે એમ પણ નથી. લીમડાના સુકાઈ ગયેલા પાન જેવા તેઓ શરીરથી ઢીલાઢસ છે.

અને આખી દુનિયા જાણે છે કે આજે ધન વિનાના માણસની કોઈ કિંમત નથી. **'નાણાં વિનાનો નાથિયો, નાણે નાથાલાલ...'** આ કહેવત એમ ને એમ નથી પડી.

પણ મારા આશ્ચર્ય વચ્ચે એ બંનેએ એક સેકંડમાં હા પાડી. અને બોલ્યા, 'મ.સા. ! આમ પણ અમે તો આને મરેલો જ માની લીધેલો ને ! વૃદ્ધાશ્રમમાં જ રહેવા જતા રહ્યા હતા ને ! આજે એ અમને મળ્યો, એ બધું ધર્મના જ પ્રભાવે છે ! તો અમે એને દીક્ષા લેતા શું કામ રોકીએ ? અમારું તો જે થવું હોય, તે થાય... પણ એની દીક્ષામાં અમે ક્યારેય ના નહિ જ પાડીએ...'

મેં પુછ્યું, 'પણ એની દીક્ષા પછી તમે રહેશો ક્યાં ? અત્યારે તો એ મહિને ૨૦ હજાર કમાય છે. એમાંથી ૧૦ હજાર ભાડાના આપીને તમે ત્યાં રહો છો. એની દીક્ષા પછી શું કરશો ?'

બંનેનો જવાબ તૈયાર જ હતો. 'અમે જે વૃદ્ધાશ્રમમાં પહેલા રહેતા હતા, એના મેનેજર બહુ સારા છે. એમણે અમને કહેલું જ કે તમારે જ્યારે પણ પાછા આવવું હોય, ત્યારે આવી શકો છો. તો અમે પાછા ત્યાં જ જતા રહેશું. શાંતિથી અમારું જીવન વિતાવીશું...'

'પણ આ ૧ કરોડ રૂા.નું દેવું છે... એનું શું કરશો ? શાસ્ત્રમાં ના પાડી છે કે 'દેવું હોય ત્યાં સુધી દીક્ષા ન આપવી.' નહિ તો જૈનધર્મની નિંદા થાય, એ લેણદારો બોલવાના જ કે 'અમારા પૈસા ખાઈ ગયો. અને હવે પૈસા પાછા આપવા ન પડે, એટલે સાધુ થઈને બેસી ગયો... આ સાધુડાઓ પણ જબરા છે. પોતાના ચેલા બનાવવાની લાલચમાં આવા દેવાદારોને ય દીક્ષા આપી દે છે... હવે અમારે તો એ પૈસા માટે નાહી જ નાંખવાનું ને.' એટલે પૈસા ચુકવ્યા વિના તો દીક્ષા ન થાય.' મેં કહ્યું, પણ આનો પ્રેક્ટીકલ જવાબ એમની પાસે ન હતો અને મારી પાસે પણ ન હતો. કેમકે એમની પાસે પૈસા ન હતા અને મારી પાસે એક આત્માની દીક્ષા માટે ૧ કરોડ આપી દેનારા કોઈ ભક્તો ન હતા.

એટલે આ વાત અહીં જ અટકી ગઈ...

## ૧૦૦ ઓળીના પારણાનો ચઢાવો - ૨૨૦૦ આંબિલ

ચેન્નઈ આરાધનાભવન શાહુકારપેઠમાં તાર્કિકશિરોમણી, શ્રમણીગણનાયક આચાર્યદેવશ્રી અભયશેખરસૂરિજીનું ચાતુર્માસ હતું. ભાવિન એમાં સારી રીતે જોડાયો. છેલ્લે આચાર્યદેવના બે શિષ્યોની ૧૦૦મી ઓળીનું પારણું હતું. એના ચડાવા સાહેબે આરાધનામાં બોલવાનો નિર્ણય કર્યો, એમાં પણ એમણે આંબિલમાં જ ચઢાવો બોલાવ્યો. ભાવિને એ ચઢાવો લેવાનો નિર્ણય કર્યો, છેલ્લે ૨૨૦૦ આંબિલથી ચઢાવો લીધો, એમને આદેશ મળ્યો. નિયમ એવો છે કે ‘જેટલા આંબિલનો ચઢાવો બોલો, એના કરતા ડબલ દિવસમાં એટલા આંબિલ કરી આપવાના...’

૨૨૦૦ આંબિલ ૪૪૦૦ દિવસમાં કરવાના દૃઢ સંકલ્પ સાથે ભાવિને ચઢાવો લીધો. ખૂબ જ ઉલ્લાસ સાથે સાધુ ભગવંતને પ્રથમ વહોરાવવાનો લાભ ભાવિને લીધો.

અને તરત જ ઓળીનો પાયો પણ નાંખી દીધો. અને ૧૭-૧૮ ઓળી તો અત્યાર સુધીમાં થઈ પણ ગઈ છે.

## ખેતવાડી મુંબઈમાં સાધ્વીજીના પ્રવચનો

‘આ પુસ્તકનું નામ શું ?’ આ પુસ્તક ત્રિસ્તુતિક સંપ્રદાયના એક પ્રભાવક સાધ્વીજીશ્રી પરમરેખાશ્રીએ વાંચ્યું. એમને આ પુસ્તક ખૂબ જ અસરકારક લાગ્યું. એમણે ખેતવાડી જૈન સંઘમાં એ પુસ્તકના આધારે પ્રવચનો આપ્યા, ત્યાંના યુવાનોને

એ પ્રવચનો ખૂબ જ ગમ્યા.

એમણે મુંબઈમાં રહેતા અમારા સંસારી ભાઈ પ્રતિકભાઈનો કોન્ટેક્ટ કર્યો. મારા કહેવાથી પ્રતિકભાઈ અને સંસારી ભાભી સીમાબહેન સાધ્વીજી પાસે જઈ આવ્યા. આંખે જોયેલી બધી વાતો જણાવી, છેલ્લે વાત આવી ભાવિનની દીક્ષાની... બસ, ત્યાં એ બધા ચૂપ થઈ ગયા.

ખેતવાડીમાં એ પ્રવચનોનો સારો માહોલ જામેલો.

## કુલપાકજીમાં ઓફર આવી

અમારા ઉપધાન કુલપાકજીમાં ચાલતા હતા, અને પ્રતિકભાઈ તરફથી ખેતવાડીના સાધ્વીજીના પ્રવચનોના મેસેજ મળી ગયા હતા. અને થોડા જ દિવસોમાં ખેતવાડીના બે યુવાનો કુલપાકજી આવ્યા અને એમણે ઈચ્છા દર્શાવી કે 'જો ભાવિન દીક્ષા લેતો હોય, તો અમે દેવું ઉતારવાની મહેનત કરીએ પણ એ રકમ કેટલી છે ?' ભાવિને ૧ કરોડ રૂા. જણાવ્યા, નામ + રકમ સાથે એકદમ પરફેક્ટ લિસ્ટ આપ્યું, તેઓની લાભ લેવાની ઈચ્છા તો ચોક્કસ હતી, પણ રકમ ઘણી મોટી હોવાથી તેઓ વિચારમાં પડ્યા અને કામ અટકી પડ્યું.

## બેંગ્લોર-સુશીલધામ ઉપધાનમાં

અમારું ૧૨ સાધુઓનું ચોમાસું શ્રમણીગણનાયક આચાર્યદેવ શ્રી અભયશેખરસૂરિજી મ. પાસે નક્કી થયેલું. અમે ૭૦૦ કિ.મી.નો વિહાર કરીને બેંગ્લોર પહોંચ્યા. ત્યાંથી સાહેબની નિશ્રામાં જ સુશીલધામ તીર્થ પહોંચ્યા જ્યાં સમર-ઉપધાન થવાના હતા. ત્યાં

બીજા કે ત્રીજા દિવસે જ દેવર્ષિરત્ન મ. પાસેથી સમાચાર આવ્યા કે, 'એક ભાગ્યશાળી ભાવિનની દીક્ષા માટે ૪૫ લાખ રૂા. આપવા તૈયાર છે... એમનું બધું દેવું જો ઉતરી જાય, તો તે દીક્ષા લઈ શકે.'

અમને આ સમાચારથી ઘણી ખુશી થઈ.

## લાભાર્થી કોણ હતા ?

પછી ખબર પડી કે અમેરિકાનો જે યુવાન ઋષિ પૂ.પં.વિરાગરત્ન મ. પાસે દીક્ષા લેવાનો છે, એના મમ્મીની દીક્ષા પણ નક્કી થઈ છે. અને મમ્મી જ આ લાભ લેવા માંગે છે... કેમકે એમને હવે આખો સંસાર છોડવાનો જ હતો, તો બાકી બચેલા પૈસા સારા માર્ગે વાપરવાના જ હતા, એક યુવાન દેવાથી મુક્ત બનીને દીક્ષા લે, એનાથી વધુ સારું બીજું શું હોઈ શકે ?

## કુલદીપભાઈનો સપોર્ટ

૧૦૦ થી વધુ લોકોના પૈસા ચુકવવાના હતા. ૧ કરોડ રૂા. નું દેવું સેટલમેન્ટ કરીને ૫૦ લાખમાં પૂર્ણ કરવાનું હતું. એક જ વ્યક્તિનું દેવું હોત, તો તો એક જ વ્યક્તિને સમજાવવા પડત, પરંતુ આ તો ૧૦૦ થી પણ વધુ લોકો હતા. એમાં નાના માણસોની ૧૦-૨૦-૩૦ હજાર જેવી રકમો પણ હતી.

આ બધું સેટીંગ કોણ કરે ? છેવટે મારા શિષ્ય વાસક્ષેપ વિ.ના ભાઈ પંકિલે અમદાવાદના કુલદીપભાઈનો પરિચય કરાવ્યો, એ ભાઈ પરોપકારની ભાવનાવાળા નીકળ્યા. એ સ્પેશ્યલ અમદાવાદથી બેંગ્લોર આવ્યા, અમને મળ્યા, બધી વાતો એમણે

સમજી અને તા. ૧૮ મે ના દિવસે એમણે અમને કહ્યું કે 'હું આ મહીનાના એન્ડ સુધીમાં બધું સેટીંગ કરાવી દઈશ. હું ઘરે પણ નહિ જાઉં, આ કામ પૂરું કર્યા પછી જ મારા ઘરે અમદાવાદ જઈશ. આપ ખુશીથી દીક્ષાની તૈયારી કરો...'

## દીક્ષાર્થી અમર રહો

તા.૮ જૂનના મુંબઈ શાહપુર પાસે માનસમંદિરમ્ તીર્થમાં ઋષિની અને એના મમ્મીની દીક્ષા નક્કી થયેલી જ હતી, કુલદીપભાઈએ ૨૨-૨૩ તારીખ સુધીમાં ૫૦% ઉપરનું કામ પતાવી દીધું, દક્ષિણભારતમાં **ચિપલુણ** જઈ આવ્યા, ત્યાં લેણદારો સાથે મળ્યા, બધી વાતો કરી... પહેલા તો એ બધાએ ગુસ્સો પ્રગટ કર્યો, અપશબ્દો પણ બોલ્યા. પણ પછી ખબર પડી કે ૫૦% પૈસા પાછા મળે છે, તો તેઓ એકદમ ખુશ થઈ ગયા. પૈસા લીધા, દેવું ચુક્તે થઈ ગયાની સહી કરી આપી... અને પછી તો કુલદીપભાઈને કહેવા લાગ્યા 'નાસ્તો કરો, જમીને જાઓ...' વગેરે. પૈસાની તાકાત જોરદાર છે. એ સ્પષ્ટ દેખાય છે.

કુલદીપભાઈએ અમને જણાવ્યું કે 'હવે તમે દીક્ષાની તૈયારી કરી શકો છો. બસ, હવે ૫૦% કામ બાકી છે. અને એ પણ થઈ જશે.'

અને એમની લીલીઝંડી મળતા જ પૂ.પં. વિરાગરત્ન મ.એ પૂ. ગચ્છાધિપતિ રાજેન્દ્રસૂરિજીની અનુમતિ લઈને દીક્ષાની જય બોલાવવાનું નક્કી કર્યું... દિવસ નક્કી કર્યો રવિવાર, તા. ૨૫-૦૫-૨૦૨૫ અને સ્થાન નક્કી કર્યુ ઈર્લા જૈન સંઘ મુંબઈ ! નિશ્રા નક્કી થઈ પૂ.ગ.પતિશ્રીની !

## ડોંબીવલીવાળા ભાઈ કહે છે કે

લેણદારોમાં ડોંબીવલીના પણ કેટલાક ભાઈઓ છે, એમાંથી એક ભાઈને જ્યારે કુલદીપભાઈએ ભાવિનભાઈની વાત જણાવી, ત્યારે એમણે કહ્યું કે, ‘એ વાતને તો ૧૧ વર્ષ વીતી ગયા, હું તો એમ સમજીને જ બેઠેલો કે એ પૈસા હવે પાછા નહિ આવે. પણ ચલો, સારું થયું કે તમે આજે ૧૧ વર્ષ પછી ૫૦% રૂપિયા પાછા આપવા આવ્યા છો. અત્યારે મારા ઘરે દીકરાના લગ્ન છે. ફુલ નહિ, તો ફુલની પાંખડી... મને જે મળ્યું, એનાથી મને જરાક તો સપોર્ટ મળશે જ.

એમણે હાશકારો અનુભવ્યો.

## તા. ૨૫-૦૫-૨૦૨૫, રવિવાર

ચેન્નઈથી વિક્રમભાઈ ભાવિનને લઈને મુંબઈ ફલાઈટમાં વહેલી સવારે પહોંચી ગયા. ત્યાં મારા સંસારી ભાઈ પ્રતિકભાઈ, વીલે પાર્લેના આરાધક ભાઈ હિતેષભાઈ ગાલા, હેમગુણ મ.ના માતા-પિતા... આટલા ચાર લોકો પણ જોડાયા.

ભાવિનના મમ્મી-પપ્પા તો ઉપધાનમાં સુશીલધામમાં છે. હવે ૩૦ મે ના દિવસે તો એમની માળા છે. માત્ર પાંચ દિવસ જ બાકી છે. એટલા માટે તેઓ ઉપધાન છોડી દે, એ ઉચિત ન હતું. એટલે તેઓએ પૌષધ ન પાર્યો, અને લાડકા દીકરા ભાવિનની દીક્ષાની જયમાં તેઓ હાજર ન રહ્યા.

ત્યાં ઈર્લાસંઘમાં ખૂબ સારી રીતે દીક્ષાની જય બોલાઈ ગઈ. **દીક્ષા થશે તા. ૮-૬-૨૦૨૫ના માનસમંદિરમ્ તીર્થમાં ઋષિની સાથે જ !** બસ, કાલથી ચૌદમા દિવસે તો એના હાથમાં રજોહરણ હશે. દેહ પર વેષ હશે... અને **દુનિયાની દૃષ્ટિએ બે વર્ષ પહેલાનો પાપી એ ભાવિન હવે બનશે વિશ્વને વંદનીય પંચમહાવ્રતધારી સાધુ !**

આજે બપોરે ગોચરી વાપર્યા બાદ બેંગ્લોર કુમારાપાર્કના નૂતન ઉપાશ્રયમાં બેસીને મેં આ લખવાનું શરુ કરેલ છે. મનમાં ઈચ્છા થઈ કે આવું આશ્ચર્યજનક પરિવર્તન સહુને બતાવું અને ઉત્સાહ જગાડું કે તમે ગમે એટલા પાપી હો, તો પણ તમે આ જ ભવમાં તમારું જીવન સંપૂર્ણ બદલી શકો છો...'

## ઉપધાનમાં ભાવિનના માતા-પિતા

અમે તા. ૨૦-૫ સુધી તો ઉપધાનમાં સુશીલધામમાં જ હતા. ભાવિનના માતા-પિતાને મેં ઉપધાનમાં જોયા છે. શરૂઆતના એક-બે દિવસ પછી જ તેઓ કહેતા હતા કે, 'અમારાથી ઉપધાન નહિ થાય. અમે પારીને જતા રહેશું.'

મેં બે-ત્રણ દિવસ રાહ જોવાનું કહ્યું. તેઓ રોકાયા... છેવટે આગળ વધ્યા, સોળ દિવસ પૂરા થયા. પપ્પા કહેવા આવ્યા કે ભાવિનની મમ્મી તો ઘરે જાય છે. એને પગનો પ્રોબ્લેમ ખૂબ છે. એ હવે નહિ કરી શકે. બસ, અઢારિયું થઈ ગયું એટલે બસ છે... અને હું પણ વિચારું છું કે જાઉં કે રહું ?'

મને થયું કે 'એમના માટે આ સારો અવસર છે. અત્યારે જો ઉપધાન છોડી દેશે, તો ભવિષ્યમાં તો કરશે કે કેમ ? એ એક મોટો પ્રશ્ન જ રહેવાનો.' મેં એમને પ્રેરણા તો કરી, પણ Force કરી ન શક્યો. મારા મનથી મેં નિયતિને સલામ કહી દીધું.

એ પછી દસેક મિનિટ બાદ હું નીચેના હોલમાં ગયો, તો ત્યાં તેઓ ક્રિયાકારક પૂ.પં. વિનયશેખર મ. પાસે ઉભા હતા, મેં તેમને કહ્યું કે, 'આ કપલ પારીને જવાની વાત કરે છે, પણ હવે તમારા હાથમાં છે, પારવા નહિ દેતા.'

અને મારા એ શબ્દોને પૂ.પં.જીએ પકડી લીધા. એમને સમજાવીને, Force કરીને પણ ઉપધાન ચાલુ જ રખાવ્યા.

૧૯-૨૦માં દિવસે જયારે મેં એમને જોયા, ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓ ઉપધાનમાં જ છે. Force પણ આત્માને હિતકારી બની શકે છે... એ અનેકાંતનો આ

પ્રત્યક્ષ અનુભવ હતો. મારા સ્વભાવ પ્રમાણે હું Force નથી કરી શકતો, એ અલગ વાત છે. પણ 'Force ન જ કરાય.' એવો એકાંત મેં બાંધ્યો નથી. મારી નજર સામે એનો લાભ મને દેખાય છે.

એ પછી ૨૦મા દિવસથી ૩૯મા દિવસ સુધી મેં એમને અનેકવાર ઉપધાનમાં જોયા છે. પ્રાયઃ ઉપવાસના બીજા દિવસે બપોરે ૧.૦૦ વાગે નીવી કરવાની હોય, એટલે એ દિવસે એ ખૂબ ઢીલા પડી જતા. સાહેબનું વ્યાખ્યાન ૯.૩૦ થી ૧૧.૦૦ રહેતું, એ વ્યાખ્યાન બાદ જ્યારે હું હોલમાં પાછો આવતો, ત્યારે ઘણીવાર મેં જોયું છે કે નીચે કટાસણું પાથરીને અને ઉપધિ પર માથું ટેકવીને એ આરામ કરતા હોય... એમને જોતા મારું હૃદય ભરાઈ જતું. આ પિતાએ કેવા દુઃખો સહ્યા છે, એમના મન ઉપર કેવી કેવી યાતનાઓ વીતી છે, વૃદ્ધાશ્રમમાં કઈ રીતે રહ્યા છે, અને ત્યાં કોઈકે આપેલા ૧૦ રૂા. પણ એમણે દાનરૂપે લીધા છે... અત્યારે એમના Face પર થાક વર્તાય છે, ઘડપણ દેખાય છે, ભૂખ દેખાય છે, બસ ! દોઢ કલાક પસાર થાય એની રાહ જુએ છે, પછી નીવીનું વાપરીને ભૂખની આગને ઠારશે...

આ લખતી વખતે પણ એમના એ ચહેરાની માસુમીયત, દીનતા, દર્દ... બધું નજર સામે તરવરે છે.

જ્યારે ૨૦મી તારીખે એ મને મળ્યા, ત્યારે કહેતા હતા, 'આપે પ્રેરણા કરી, અને અમારા ઉપધાન થઈ ગયા... આપ તો આજે જાઓ છો, અને મોક્ષમાળા ઉપર પાછા આવવાના નથી, બસ, આશીર્વાદ આપજો.'

સંસારમાં કોઈ સ્વજનો નથી, એક માત્ર દીકરો છે, અને એ પણ દીક્ષા લે છે. પહેલા એ એવો બગડેલો હતો કે એ દૂર જતો રહે, તો સારું... એવી ભાવના હતી. અને હવે એ સુધરી ગયો છે, તો એ દીક્ષા લઈને દૂર જાય છે, છે ને વિચિત્રતા !...

## મોક્ષમાળાની વ્યવસ્થા

તા. ૧૮-૫ રવિવારે સુશીલધામમાં મોક્ષમાળાના ચઢાવા બોલાયા. સાહેબજીએ

એક નિયમ ઘણો સારો બનાવેલો કે, 'મોક્ષમાળાનો જે પણ ચઢાવો બોલો, એ પૈસા તા. ૩૦-૫ ના દિવસે માળા પહેરતા પહેલા અવશ્ય ભરી જ દેવાના... ભલે ચઢાવા કરોડો રૂા.ના ન થાય. પણ જે થાય, એ તરત જ ભરી દેવાના રહેશે.'

પહેલી માળાનો ચઢાવો ૨૩ લાખ રૂા.માં ગયો. એ રીતે પ્રાયઃ ૩૦ જેટલી માળાના ચઢાવા બોલાયા. કુળ માળા ૧૯૫ છે, એટલે બાકીના ૧૬૫ લોકોની માળા નકરા પ્રમાણે ગોઠવવામાં આવી. એમાં સાહેબે અલગ અલગ નકરા નક્કી કરેલા છે. જેમાં જેને ફાવે, એમાં એ જોડાઈ શકે. સૌથી નાનો નકરો રૂા. ૧૧૦૦ છે.

ભાવિને શીલગુણ મ.ની સલાહ લીધી કે, 'હું પપ્પા-મમ્મીને કઈ માળા પહેરાવું ? કયો નકરો નોંધાવું ?...' શીલ મ.એ કહી દીધું કે, 'તારી પાસે ધન અલ્પ છે, અને લેણદારોને ચુકવવાનું બાકી છે. આવી કંડીશનમાં માત્ર ૧૧૦૦ રૂા.નો નકરો લઈને જ માળા પહેરી લેવાની. ભલે છેલ્લે માળા આવશે, પણ આપણે તો મોક્ષમાળા સાથે મતલબ છે ને',

અને ભાવિને ૧૧૦૦ રૂા. ના નકરામાં બંને માળા નોંધાવી દીધી.

તા. ૩૦-૫ ના દિવસે સુશીલધામમાં મોક્ષમાળાનો કાર્યક્રમ છે. ૧૯૫ માળા થશે, એમાં કદાચ છેલ્લી ૫ માળામાં ભાવિનના માતા-પિતાનો નંબર હશે. સારું છે કે એમને કોઈ સમાજ-સ્વજનો છે નહિ, નહિ તો વળી એ બધાની સામે નીચું દેખાત, અને માનસિક દુઃખ વધી જાત...

## મારી ભાવના

ભાવિનને મારે કહેવાનું બાકી છે કે તું આટલા કામ કરી લે...

(૧) દરેક લેણદારોને ફોન કરી કરીને સાચા હૃદયથી માફી માંગ...

(૨) દરેક લેણદારોને પોતાની દીક્ષામાં આમંત્રણ આપ. જેટલા આવશે, એટલા પણ દીક્ષા જોઈને ધર્મ પામશે. મનમાં કદાચ થોડો પણ ખચકાટ હશે, જો તે પણ મટી જશે...

(૩) દીક્ષા લેતા પહેલા કુલ ૧૦૮ મજબુત નિયમો લઈ લે, એનાથી તારું સંયમ જીવન સુંદર પ્રકારનું જીવાય...

## વાચકો માટે

આ વાંચીને તમને જો એવું મન થાય કે, 'ભાવિનની દીક્ષા બાદ એના માતા-પિતાનું શું ? ચાલો, આપણે શક્તિ પ્રમાણે સાધર્મિકભક્તિ કરીએ... દર મહીને ૧૦,૦૦૦ કે ૫૦૦૦ કે ૧૦૦૦ એ પરિવારને પહોંચાડીએ... જેથી ઘડપણમાં તેઓ સારી રીતે જીવી શકે.' તો અવશ્ય કોન્ટેક્ટ કરજો...

પ્રતિકભાઈ (મુંબઈ) ૯૩૨૩૨૨૯૬૫૫

અને સાધર્મિકભક્તિનો ભાવ ન થાય, તો કંઈ વાંધો નહિ, પણ અંતર મનથી એ સહુની અનુમોદના તો જરૂર કરજો...

## બે રહસ્યો તમારે શોધવાના છે

આ આખું પુસ્તક વાંચ્યા બાદ તમારે બે રહસ્યો શોધવાના છે.

(૧) **રહસ્ય :** એક પ્રશ્ન તમારે ઉભો કરવાનો છે, એ પ્રશ્ન જ એક રહસ્ય છે. આ વાંચ્યા બાદ ભાવિનનો ઈતિહાસ જાણનારાના મનમાં એક પ્રશ્ન થવાની શક્યતા છે, એ પ્રશ્ન તમારે શોધીને બતાવવાનો છે.

પ્રાયઃ આ શક્ય નહિ બને.

(૨) **રહસ્ય :** એ પ્રશ્નનો સાચો જવાબ એ બીજું રહસ્ય છે. કદાચ પ્રથમ રહસ્ય મળશે, તો પણ બીજું રહસ્ય તો નહિ જ મળે...

જે ભાગ્યશાળી આ બે રહસ્ય શોધી શકે, તે લખીને પ્રતિકભાઈના નંબર ઉપર વોટસઅપ કરી શકે છે.

જે બંને રહસ્યો શોધવામાં સક્સેસ જશે, એ દરેકનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવશે.

પણ મને લાગે છે કે એકપણ વ્યક્તિનું બહુમાન કરવાનો અવસર જ નહિ આવે.

**Note :** જૈન મીડિયા-**મેહુલભાઈના** કહેવાથી આ નાનકડી પુસ્તિકાનું નામ રાખેલ છે **U-Turn.**

# જિજ્ઞાસા-સમાધાન

**૧, જિજ્ઞાસા : આ રીતે ૫૦% પૈસા ચૂકવીને દેવું પુરું કરી દેવું એ શું ઉચિત છે ?**

**સમાધાન :** ભાવિને જે દેવું કરેલું, એ ચુકવવાની શક્તિ અત્યારે એની પાસે ન હતી. એની ભાવના ચોક્કસ કે હું ૧૦૦% દેવું ચુકવું. પણ અત્યારે મહિને ૨૦ હજાર કમાય, એમાંથી માત્ર ૫ હજાર માંડ બચત થતી હશે. કેમકે ભાડું જ ૧૦ હજારનું હતું. ખાવા-પીવામાં ત્રણ જણ વચ્ચે મહિનાના ૫ હજાર તો થાય જ ને ? વચ્ચે એમના મમ્મીનું ઓપરેશન આવ્યું, તો એમાં સહાય લેવી પડી. હવે તમે જ વિચારો કે વર્ષે માંડ ૬૦ હજાર ભેગા થાય, ૧૦ વર્ષે ૬ લાખ ભેગા થાય. ૧૦૦ વર્ષે ૬૦ લાખ થાય, તો ય ૧ કરોડ રૂા. શી રીતે ચુકવે ?

તમે કહેશો કે, 'એ વધારે કમાશે ને ?' પણ એની ગેરંટી કેટલી ? એને સટ્ટો વગેરે તો કરવા જ ન દેવાય... ધારો કે એ ધંધો કરે, પણ મૂડી ક્યાં છે ? કોણ એને મૂડી આપે ? અને ધંધો તો એને આવડતો જ નથી. અને ધંધામાં નુકસાન ગયું તો ? નોકરીમાં સેફટી છે. પણ ત્યાં ઈન્કમ વધી વધીને પણ કેટલી વધે ? ચમત્કારના આધાર પર તો જીવાય નહિ...

એટલે ૧૦૦% દેવું ચુકવી શકાય, એ તો જવા દો... પણ એ ૧૦% ચુકવે, એ

ય શક્ય ન હતું. અને આ ૧ કરોડ તો વ્યાજ વિનાની વાત છે. વ્યાજ ગણવા જાઓ, તો તો દેવાની રકમ કેટલી થાય, ભગવાન જાણે.

તો દુનિયામાં પણ આ રીવાજ માન્ય છે કે માણસ દેવું ન ચૂકવી શકે તો છેવટે શક્ય હોય એટલું ચુકવે. વળી, જે મોટા મોટા લોકો હાથ ઉંચા કરે છે, એ મોટા ભાગે પોતાની સેફટી પહેલા કરી લે છે, પોતાને જીવવામાં કોઈપણ પ્રોબ્લેમ ન આવે, મોજશોખની લાઈફમાં કોઈ ફરક ન કરવો પડે, એવું સેટીંગ કરીને પછી ૧૦%, ૨૦% ચુકવતા હોય છે. ભાવિને પોતાના માટે શું રાખ્યું ? મા-બાપ માટે શું રાખ્યું ? કંઈ છે જ નહિ, તો રાખે શું ? એટલે એણે જો ૫૦% પણ ચુકવ્યા છે, તો એ ઉચિત જ છે.

**૨, જિજ્ઞાસા : પણ ૧૦૦% ચુકવ્યા પછી જ દીક્ષા લે તો ?**

**સમાધાન :** વાત એ જ છે કે બીજા ૫૦% પણ શક્ય ક્યાં છે ? એ નાની રકમ નથી. ૫૦ લાખ એ લાવશે ક્યાંથી ? અશક્ય માટે મહેનત કરવી ઉચિત નથી.

**૩, જિજ્ઞાસા : પણ જેમ આ ઋષિના મમ્મીએ ૪૫ લાખ આપ્યા, એમ બીજા કોઈ એવા દાતા ન મળે ?**

**સમાધાન :** કોઈ મળે, તો આજે પણ ૧૦૦% ચુકવવાની તૈયારી છે જ. પરંતુ આટલી મોટી રકમના દાતા મળી જશે, એવું માનવું યોગ્ય નથી, ચમત્કાર જેવી આ વાતો છે. અને એ માટે સાધુઓ કોઈકને પ્રેરણા કરે, એ પણ ઉચિત નથી. પછી તો લોકો સાધુ માટે કહેશે કે, '૫૦ લાખ આપીને ચેલાને ખરીદ્યો છે...' આમાં તો સાધુઓની અને જૈનશાસનની નિંદા થાય... એટલે આના માટે કોઈને પર્સનલ પ્રેરણા કરવી ઉચિત નથી જ. અને સામાન્ય પ્રેરણા તો ભાવિનના પુસ્તકમાં થઈ જ ગઈ છે. એમાં લખેલું જ છે કે, 'દેવાના કારણે દીક્ષા લેતો નથી.' આટલા ઉપરથી સમજદાર

માણસો સમજી જ જાય ને !

ઋષિના મમ્મીએ આપ્યા, એનું પણ કારણ તો એ કે એ પોતે દીક્ષા લે છે, તો પોતાની મૂડી એમણે ખર્ચી નાંખવાની છે. ભાવિનની વાતનો એમને અંદાજ આવ્યો, એટલે એમણે ૪૫ લાખ રૂા.ની તૈયારી બતાવી.

**૪, જિજ્ઞાસા : એ જ ૧ કરોડ આપી દે તો ?**

**સમાધાન :** આંગળી આપે, એનો પહોંચો પકડવા જેવી આ વાત છે. જે બહેન ઉદારતાથી ૪૫ લાખ આપતા હોય, એમની અનુમોદના કરવાને બદલે 'એમણે ૧ કરોડ કેમ ન આપ્યા ?' એવો વિચાર ઉચિત નથી જ ને !

વળી, એમની પાસે ૧ કરોડ આપવાની અનુકૂળતા નહિ હોય... એ પણ શક્ય છે. દીક્ષા બાદ એ કંઈ પૈસા રાખી મુકવાના છે, એવું તો નથી. એ બધા ખર્ચી જ રહ્યા છે. તો એમની ૪૫ લાખ આપવાની જ શક્તિ હશે, એમ માનવું જ પડે.

**૫, જિજ્ઞાસા : આ રીતે પૈસા આપીને દીક્ષા કરાવવી શું ઉચિત છે ? લાલચ આપીને દીક્ષા કરાવેલી ન ગણાય ?**

**સમાધાન :** આ સાવ ઉંધું પકડેલું ગણાય. તફાવત સમજવા જેવો છે.

(૧) કોઈની દીક્ષાની ભાવના નથી, પણ એને લાલચ આપવામાં આવે કે 'તારા પરિવારને ૫૦ લાખ આપશું, અને તું દીક્ષા લઈ લે.' તો આ પૈસાની લાલચથી દીક્ષા આપવી તદ્દન ખોટી જ છે.

પરંતુ ભાવિનને તો દીક્ષાની ભાવના છે, અને માત્ર દેવા માટે અટકે છે, તો એ દેવું ચુકવવા માટે પૈસા આપવા, એનું દેવું ચુકવાઈ જાય, તો દીક્ષા થાય... આ રીતે ગોઠવી આપવું એ લાલચ નથી, સહાય છે, સાધર્મિકભક્તિ છે.

(૨) એ ૪૫ લાખ રૂા. એના પરિવારને મળે છે ? ના. એ તો લેણદારો પાસે

જાય છે. એટલે આમાં પરિવારની લાલચ પોષવાનો તો સવાલ જ નથી.

(૩) સાધુઓની સમજદારી તો એ છે કે ભાવિન તો દોઢ વર્ષથી દીક્ષા લેવા તૈયાર જ હતો. છતાં સાધુઓએ શાસ્ત્રાજ્ઞાને ધ્યાનમાં રાખીને એને દીક્ષા ન આપી. જો શિષ્યની લાલચ હોત, તો તો એને દીક્ષા આપી દેત. એને કંઈ એટલું જ્ઞાન ન હતું કે, 'દેવાદારને દીક્ષા ન અપાય.' પણ સાધુઓએ એના અજ્ઞાનનો દુરુપયોગ નથી કર્યો. ભવિષ્યમાં શાસનહીલનાની લેશ પણ સંભાવના ન રહે, એ માટે મક્કમ રહ્યા કે, 'દેવું ન ચુકવાય, ત્યાં સુધી દીક્ષા નહિ.'

બોલો, આમાં સાધુઓની શિષ્ય-લાલચ કહેશો ? કે શાસનપ્રેમ...?

(૪) એકપણ લેણદારને ખબર જ નથી કે, 'ભાવિન ક્યાં છે ?' એટલે એને દીક્ષા આપી દેત, તો તત્કાળ તો કોઈ ધમાલ થવાની જ ન હતી. ચિપલુણના લેણદારો દોઢ વર્ષ જૂના છે, દોઢ વર્ષમાં દેવાદાર ન મળે, તો આજના જમાનામાં લગભગ લેણદારો સમજી જ જાય કે 'હવે આ રકમ આવવાની નથી.'

અને ડોંબીવલીના લેણદારો તો ૧૧ વર્ષ જૂના છે. બોલો, એમને તો સ્વપ્નમાં પણ હવે એ પૈસા યાદ નહિ આવતા હોય...

આમ છતાં આવી કોઈ બાબતનો ગેરલાભ ઉઠાવવાનો વિચાર સાધુઓએ ન કર્યો. એક જ વાત... દેવું ચુક્તે થાય, પછી દીક્ષા...

(૫) લેણદારોની રકમ પણ મોટી મોટી ન હતી. માત્ર બે-ત્રણ લેણદારોની રકમ મોટી હશે. બાકી તો ૧૦૦૦૦ થી માંડીને લાખ સુધીની માંડ હશે. આવી નાની રકમ માટે લેણદારો મોટી ધમાલ-મસ્તી કરે, એ શક્ય નથી. છતાં ય અત્યાર સુધી દીક્ષા નક્કી ન જ કરી, કેમકે 'દેવું બાકી છે.'

(૬) ભાવિનને સૂચના કરવામાં પણ આવી છે કે 'નાના માણસોના પૈસા પહેલા ચુકવવા. મોટાઓ પાસે પોતાના મોટા સેટીંગ હોય. પણ નાનાઓએ તો તારી મોટી વાતોમાં ફસાઈને પોતાની મૂડી તને આપી દીધી હશે ઈન્વેસ્ટ કરવા વગેરેના બહાને ! એમને માટે તો ઘણું મોટું નુકસાન જ હશે. માટે એમના તરફ વિશેષ ધ્યાન આપજે...

આ બધા Points જોશો, તો ચોક્કસ લાગશે, કે આમાં પૈસા આપીને દીક્ષા કરાવી, લાલચથી દીક્ષા કરાવી... એ વાત ખોટી જ છે.

**૬, જિજ્ઞાસા : પણ આટલી જલ્દી દીક્ષા અપાય ? હજી તો એ ગુરુ પાસે રહ્યો નથી. તાલીમ લીધી નથી, અને અચાનક જ દીક્ષા નક્કી થાય, અને માત્ર ચૌદમા દિવસે દીક્ષા થઈ જાય, આ તો એકદમ વિચિત્ર નથી લાગતું ?**

**સમાધાન :** (૧) ભાવિને દોઢ વર્ષ પૂર્વે જ ઉપધાન કરેલા છે. એટલે એણે પૌષધજીવન તો જીવેલું જ છે. અને બધાને ખબર છે કે પૌષધ એ જ દીક્ષાજીવનની મોટી તાલીમ છે...

(૨) ભાવિને લોચ પણ કરાવેલ છે, એટલે એની પણ પ્રેક્ટીસ છે.

(૩) ભાવિન લગભગ આંબિલ કરે છે. અને ૨૨૦૦ આંબિલ ૪૪૦૦ દિવસમાં કરવાનો છે. એટલે ભોજન માટેનો વૈરાગ્યભાવ એની પાસે મજબુત છે.

(૪) ૪૫ દિવસ ઉપધાનમાં રહ્યો, સ્વભાવમાં કોઈ ખરાબી દેખાઈ નથી. નીતીનભાઈને ત્યાં દોઢ વર્ષથી નોકરી કરે છે, એમના તરફથી પણ કોઈ ફરિયાદ નથી.

(૫) પૂ.પં. વિરાગરત્ન મ. એમના ગુરુ બને છે. વર્ધમાનતપની ૧૦૦ ઓળીના આરાધક છે. એટલે કે તપસ્વી છે. હું ખુદ એમની પાસે નવ મહિના રહ્યો છું. એમની સહાયકવૃત્તિ, એમની સંયમ માટે કાળજી, એમની સૂત્રશુદ્ધિ... આવી તો ઘણી બધી બાબતો અનુમોદનીય છે.

(૬) સંઘ-શાસન કૌશલ્યાધાર પૂજ્યપાદ આચાર્યદેવ જયસુંદરસૂરિજી દીક્ષાદાતા છે, અને પહેલું ચાતુર્માસ એમની જ સાથે ઈર્લા જૈનસંઘમાં છે. તો ચાર ચાર મહિના સુધી આવા મહાન જ્ઞાની આચાર્યદેવની નિશ્રા પણ એમની પાત્રતાનો વિકાસ કરશે...

તમારે કે અમારે એટલું જ વિચારવું કે વડીલોને આ યોગ્ય લાગ્યું, તો જ અનુમતિ આપી હશે ને... બસ ! પ્રભુને પ્રાર્થના કરો, એ જ આપણું કર્તવ્ય છે.

**૭, જિજ્ઞાસા : એમના માતા-પિતાનું શું ?**

**સમાધાન :** ચિંતા ન કરો. ભાવિન, એમના ગુરુજી વગેરે અને મારા જેવા પણ બધા ભેગા મળીને ઉચિત વ્યવસ્થા કરી લેશું.

અંતે,

પરમપિતા પરમાત્માને પ્રાર્થના કે ભાવિન જીવનમાં પોતાની જ ભૂલોને કારણે ઘણા બધા સંઘર્ષો વેઠી ચૂક્યો છે, આજે હવે જિનશાસન એને પ્રેમથી સ્વીકારે છે.

અત્યાર સુધીના સંઘર્ષો કર્મબંધ કરાવનારા હતા. હવે પછી એના જીવનના તમામ સંઘર્ષો મોક્ષની સાધના બને...

● અત્યાર સુધી એના નિમિત્તે સેંકડો લોકો દુઃખી થયા. હવે એના નિમિત્તે હજારો લોકો આત્માની પ્રસન્નતા પામે...

● અત્યાર સુધી એ લોકોથી ડરી ડરીને ભાગતો રહ્યો, હવે પછી એ લોકોના હિત માટે વિહારમાં અને ગોચરીમાં ભમતો રહે...

● અત્યાર સુધી એ સેંકડો લોકોને ધનની લાલચ આપી આપીને સટ્ટા વગેરે રૂપી ખોટા ધંધામાં જોડતો રહ્યો. હવે પછી એ સેંકડો-હજારો લોકોને મોક્ષની, આત્મહિતની, સાચા સુખની લાલચ આપી આપીને હજારો પ્રકારના સાચા ધર્મમાં જોડતો રહે...

● અત્યાર સુધી એણે સેંકડો લોકોને ઉલ્લુ બનાવ્યા, હવે પછી એ પોતાની ઈન્દ્રિયોને ઉલ્લુ બનાવે.

જે ઉત્સાહ સાથે ભાવિન દીક્ષા લઈ રહ્યો છે, એ જ ઉત્સાહ સાથે એ આખી જીંદગી પાળે... એ ખૂબ સાચા મનથી પ્રાર્થના !

આ કાળમાં સાધુજીવન અત્યંત કઠિન છે. હા ! બહારના નોર્મલ આચારો તો પળાઈ જશે, પણ અંતરના પરિણામોની સુરક્ષા અને વૃદ્ધિ બંને કઠિન છે.

આજે પતનના નિમિત્તો ઢગલાબંધ છે, ઉત્થાન પામવાના નિમિત્તો આંગળીના વેઢે ગણાય એટલા છે. અને મોટી તકલીફ એ છે કે પતન પામનારાને ખબર પણ ન પડે કે, 'મારું પતન થઈ રહ્યું છે.' એવું સુંવાળું આ પતન છે.

ભાવિન કે કોઈપણ સંયમી આવા મીઠા-મધુરા પતનનો ભોગ ન બને, એ જ ખાસ જોવાનું છે. પણ એ જોનાર તો પ્રભુ છે, પ્રભુની અમીનજર છે. આપણે બધા તો માત્ર પ્રાર્થના કરી શકીએ.

અરે, બીજા બધાની વાત પછી, પહેલા તો હું મારા જ માટે મારા પ્રભુને આ પ્રાર્થના કરું ને કે પ્રભુ ! મને પતન પામતા બચાવજે. ૫૦ વર્ષ જીવનના પૂર્ણ થયા, હવે બાકી બચેલા વર્ષો ખૂબ સરસ રીતે વિતાવું, ઉત્થાન પામું અને ખૂબ જ જલ્દી મોક્ષ પામું... પરમપદ પામું...


આ પુસ્તક તા. ૨૫-૦૫-૨૦૨૫ ના બપોરે ચાલુ કરેલું અને ૨૬ સવારે પુરું

થયું છે...


॥ અર્હં નમઃ ॥

॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥






# Available In Hindi Language..





# REALITY REVEALED


Available In

English, Gujarati & Hindi

Language..




# Available In Gujarati & Hindi Language..




# Available In Gujarati & Hindi Language